બાળ અંકગણિત

ભાગ ૧ લો.

ગુજરાતી નિશાળોના પહેલા ચાર ધોરણો માટે.

બનાવનાર,

પ્રોફેસર જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ,

એમ-એ; (ફર્સ્ટકલાસ ઓનર્સ), મેમ્બર ઓફ ધી ઇન્ડીઅન મૅથેમેટીકલ સોસાયટી વગેરે.

ગણિતશાસ્ત્રના પ્રોફેસર, ગુજરાત કૉલેજ-અમદાવાદ.

અને

ચુનીલાલ ગોવરધનદાસ,

બી-એ; એસ-ટી-સી-ડી.

મુંબાઈ સરકારના કેળવણીખાતામાં શિક્ષક

પ્રસિદ્ધ કરનાર

સોમચંદ ભગવાનદાસ શાહ,

બુકસેલર્સ પબ્લીશર્સ વગેરે.

૨૬૬૭, પાનકોરનાકા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી—પ્રત. ૧૦૦૦.

સંવત. ૧૯૭૧—સને ૧૯૧૫.

કિંમત છ આના.

અમદાવાદ.
રીચીરોડના પુલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
શાહ ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

પ્રસ્તાવના.

ગણિતશાસ્ત્રનો વિષય બાળકોની બુદ્ધિનો વિકાસ કરે છે, તે ઉપરાંત નિશાળ છોડ્યા પછી પણ વ્યવહારમાં બીજા વિષયો કરતાં વધારે ઉપયોગી છે. આ બન્ને ઉદ્દેશો મનમાં રાખી આ વિષય શીખવાવો જોઇએ. આ બન્ને ઉદ્દેશોમાંથી એકજ હેતુ સધાય તો તે વિષયના શિક્ષણની પાછળ ગાળેલો વખત ગુમાવેલો ગણાય. આ બન્ને ઉદ્દેશો લક્ષમાં રાખીને દરેકે દરેક બાબતની રીતોનાં કારણ સ્પષ્ટ કરવામાં–લંબાણની દરકાર રાખ્યા સિવાય સંપૂર્ણ કાળજી રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને કંટાળો આવે એવા દાખલાઓ બીલકુલ આપવામાં આવ્યાજ નથી.

હાલમાં કેળવણી ખાતા તરફથી પ્રાથમિક શાળાઓમાં ગણિતના વિષયમાં નવીન અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે; તેના સઘળા આશયો ધ્યાનમાં રાખી પહેલા ચાર ધોરણો માટે આ બાળ અંકગણિત પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય શાળાઓનાં ધોરણોમાં ચલાવવાના દાખલા રીતો સાથે શહેરની શાળાઓના ધોરણોમાં ચલાવવાના દાખલાથી કેટલેક સ્થળે જુદા પાડવામાં આવ્યા છે. તેમજ મિડલ સ્કૂલ્સ સ્કૉલરશીપ પરીક્ષાના ઉમેદવારોનો અભ્યાસક્રમ પણ ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. રીતો આપવામાં સહેલાથી ભારે નિયમો કુદરતી રીતે વિચારપૂર્વક સમજાય તે બાબત ખાસ લક્ષ્ય આપવામાં આવ્યું છે.

અપૂર્ણાંકની શરૂઆત કર્યા પહેલાં ત્રિરાશિનો ઉપયોગી વિષય એકમ પદ્ધતિની રીતે ઘણી સરળતાથી સમજાવવામાં આવ્યો છે, કારણ માત્ર એટલુંજ કે અપૂર્ણાંકનો ગૂઢ વિષય શરૂ કર્યા પહેલાં ત્રિરાશિ મારફત સાદાં ઉદાહરણો શીખવાથી બાળકોને ગણિતના

અઘરા વિષયમાં રસ પડે અને ગણિતની રીતિઓનો કેવી રીતે ઉપયોગ થાય છે તે તેઓ ગમ્મતની સાથે બરાબર સમજી શકે.

ગુણોત્તર અને અપૂર્ણાંક એક પ્રકરણમાં આપવામાં આવ્યાં છે. શરૂઆતમાં ગુણોત્તર પૂરી રીતે સમજાવી તેના ઉપયોગથીજ અપૂર્ણાંક કેવી રીતે બનાવી શકાય છે અને તે બન્નેનો કેવી જાતનો સંબંધ છે તે પૂર્ણ રીતે સમજાવવામાં આવ્યું છે. ગુણોત્તરના વિશાળમાં વિશાળ અર્થનો આશ્રય લઇ દરેક સ્થળે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગમે તે જાતની બે સંખ્યાઓ વચ્ચેના સંબંધને અત્રે ગુણોત્તરથી ઓળખાવવામાં આવ્યો છે. ત્રિરાશિથી ગણાતા સઘળા દાખલાઓમાં એવી વસ્તુઓનો સમાવેશ થાય છે કે જે વસ્તુઓમાંની એકમાં ફેરફાર થતાં બીજીમાં પણ તેજ પ્રમાણમાં ફેરફાર થાય છે; જેવી રીતે ૧ પૈસાનાં ૨ કેળાં મળતાં હોય, તો પૈસા અને કેળાં બતાવનારી સંખ્યાઓમાં એક બીજાના પ્રમાણમાંજ વધઘટ થશે, તેથી પૈસા દર્શાવનારી સંખ્યા અને કેળાં દર્શાવનારી સંખ્યા વચ્ચેનું ગુણોત્તર કોઇ નિયત એટલે સ્થાયી સંખ્યા છે, $\frac{\text{પૈસા બતાવનારી સંખ્યા}}{\text{કેળાં બતાવનારી સંખ્યા}}$ = અમુક નિયત સંખ્યા છે.

આ નિયમને અનુસરીને ત્રિરાશિ, પંચરાશિ અને વ્યાજના દાખલા ગણવાની નવીન પદ્ધતિઓ આપવામાં આવી છે. એવી આશા રાખવામાં આવે છે કે સાધારણ વિચાર અને થોડા અભ્યાસ પછી આ રીતો ચાલુ રીતો કરતાં વધારે સુગમ માલુમ પડશે, અને જ્યાં જ્યાં વ્યસ્ત પ્રમાણનો ઉપયોગ કરવાનો હોય છે ત્યાં ત્યાં નાનાં બાળકો જે મોટી ભૂલો કરે છે તેનો અટકાવ થશે. આ પદ્ધતિનો ઉપયોગ ગુજરાતી ગણિતમાં પ્રથમજ દાખલ કરવામાં આવ્યો છે, પણ નવીમાં નવી ઢબથી યુરોપીયન વિદ્વાનોએ લખેલાં ગણિતશાસ્ત્રનાં પૂસ્તકોમાં તેનો સંપૂર્ણ સમાવેશ થયેલો છે, તેથી આશા રાખવામાં આવે છે કે આ પુસ્તકને વાપરનાર શિક્ષકવર્ગ આ

લાભદાયક રીતિઓનો ઉપયોગ કરી બાળકોનું કામ સરળ અને સુગમ કરશે.

દ્રઢભાજક ધોરણોના અભ્યાસક્રમમાં નહીં હોવાથી છેવટના પ્રકરણમાં આપવામાં આવ્યા છે. આણપાણના ગુણાકાર તથા ભાગાકાર શાસ્ત્રીય પદ્ધતિ સાચવવાની ખાતર આપવામાં આવ્યા છે.

કોઇપણ જાતની ખામીઓ અથવા ભૂલો સુરત ચુકથી રહી ગઇ હોય તે અમારા ધ્યાન ઉપર લાવવાની જે શિક્ષક મિત્રો મહેરબાની કરશે, તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે. જે જે અંગ્રેજી તેમજ ગુજરાતી પુસ્તકોનો અમોએ ઉપયોગ કર્યો છે તેમના કર્તાઓનો આ ઠેકાણે ઉપકાર માનવામાં આવે છે.

દરીઆપુર, અમદાવાદ શાહપુર, અમદાવાદ તા. ૨૩ મી મે ૧૯૧૫.	જે. ચી. સ્વામીનારાયણ. ચુ. ગો. શાહ.

અનુક્રમણિકા.

અંકગણિત.

પ્રકરણ ૧ લું.

સંખ્યા વાંચન, અને સંખ્યા લેખન.

૧. વ્યવહારમાં એક કરતાં વધુ વસ્તુઓનો ઉપયોગ ઘણી વખત થાય છે. જ્યારે વધુ વસ્તુઓનો વિચાર દર્શાવવો હોય, ત્યારે બે ચોપડીઓ, ચાર પૈસા, પાંચ આંગળીઓ, એવી રીતે આપણે કહીએ છીએ. વસ્તુઓની ગણત્રી માટે જુદી જુદી સંખ્યાનો ઉપયોગ કરવામાં આવે છે. **આ સંખ્યાને અંક એવી સંજ્ઞા આપવામાં આવી છે.** અંકની ગણત્રી કરવાના શાસ્ત્રને અંકગણિત કહેવામાં આવે છે.

૨. શરૂઆતમાં એકથી દશ સુધીની સંખ્યાનો ખ્યાલ બાળકના મગજમાં બહુ સારી રીતે ઠસાવવો જોઇએ. આને માટે મનુષ્ય શરીરના અવયવો મારફત સમજુતી આપી શકાશે. બાળકને નીચે પ્રમાણે સવાલો પૂછવા. 'તારે માથાં કેટલાં છે?' 'તારે પેટ કેટલાં છે?' 'તારે છાતી કેટલી છે?' 'તારે નાક કેટલાં છે?' આવા ઘણા સવાલોનો જવાબ બાળક કુદરતી રીતે આપશે કે 'એક.' વળી બાળકને સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, ઈત્યાદિ પ્રત્યક્ષ વસ્તુઓ સંબંધી પૂછતાં 'એક' એવો જવાબ મળશે. પછી ૧ પૈસો અથવા ૧ લખોટો, અથવા ૧ ફળ, અથવા ગમે તે ૧ પદાર્થ બતાવી બાળકને સમજાવવું કે 'આ ચીજ ૧ છે' એમ કહેવાય છે. આ પ્રમાણે એકમનો વિચાર બાળકના મગજમાં ચોક્કસ રીતે ઠસશે.

૩. તેવીજ રીતે 'બે'નો વિચાર હાથ, પગ, આંખો, કાન, વગેરે પ્રશ્નો પુછી સમજાવવો. આ પ્રમાણે લખોટા, પૈસા, પા-

ઇઓ જેવા પદાર્થો બતાવી એકથી નવ સુધીના અંક શાને માટે વપરાય છે તે બતાવવું. અંક લખવાનું શીખ્યા પહેલાં અંકનો વ્યવહાર સમજાવવાની અગત્ય છે. તેથી અંકને દર્શાવનારી સંજ્ઞાઓ લખવાનું શીખવ્યા પહેલા અંક શાને માટે વપરાય છે, તેનો વિચાર પ્રથમ ઠસાવવાની આવશ્યકતા છે. માટે આરંભમાં વસ્તુઓ મારફત એકથી નવ સુધીની સંખ્યાનું જ્ઞાન આપવામાં જેટલો સમય ગાળવામાં આવશે તેનો પરિણામે મોટો લાભ મળ્યા વિના રહેશે નહીં.

૪. પછી એક વસ્તુને આપણે કેવી રીતે લખી શકીએ તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વખતે પાટીઆનો ઉપયોગ કરવો પડશે; એક પૈસો બતાવી બાળકને કહેવું કે આપણે પાટીઆ ઉપર એક ઊભી લીટી દોરીએ તો તે એક સંખ્યાને સૂચવી શકશે. તેવી રીતે બેને માટે બે લીટીઓ દોરવી અને કહેવું કે આથી બે વસ્તુઓ સમજી શકાય છે. આવી રીતે જુદી જુદી વખતે ત્રણ, ચાર, પાંચ, છ, આઠ, એમ લીટીઓ દોરી બાળકને સમજાવવું કે આવી રીતે આપણે એકથી નવ સુધીની સંખ્યા માત્ર લીટીઓ દોરીને દર્શાવી શકીએ. પણ આવી રીતે જુદી જુદી સંખ્યા માટે લીટીઓ દોરવામાં આપણને ઘણી અગવડ પડવાનો સંભવ છે. તેથી એકથી નવ સુધીની સંખ્યા માટે જુદા જુદા અંક નિયત કરવામાં આવ્યા છે. આટલી પ્રસ્તાવના થયા બાદ એકથી નવ સુધીના અંક લખાવવા અને વારંવાર પાટીઆ ઉપર ગમે તે અંક લખી તે શું છે એનો જવાબ બાળકો પાસેથી કઢાવવો.

૫. નવ કરતાં મોટી સંખ્યા માટે જુદા જુદા અંક લખવામાં ઘણો શ્રમ પડે એમ છે એવું બાળકને જણાવવું. કારણકે દરેકે દરેક સંખ્યા માટે જુદો જુદો અંક વાપરીએ તો કેટલા બધા અંક આપણે વાપરવા પડશે તેનો પાર આવે નહીં. માટે નવ પછીની સંખ્યા લખવા માટે એકથી નવ સુધીના અંકનોજ ઉપયોગ જુદી જુદી યુક્તિથી કરવામાં આવે છે.

૬. આ પ્રસંગે આપણી પાસે કશું ન હોય તેને સૂચવવા શૂન્યનો ઉપયોગ થાય છે એ સમજાવવું. શિક્ષકે એક લખોટો લઇ

બાળકને આપી દેવો અને પૂછવું કે 'મારી પાસે શું છે?' બાળક ઉત્તર આપશે 'તમારી કને કશું નથી.' 'કશું નથી' એ વિચાર બતાવવા 'શૂન્ય' ૦ નો ઉપયોગ થાય છે.

૭. નવ પછીની સંખ્યાને માટે આપણે ૧ મુકી તેની પાછળ મીડું મુકીએ છીએ. એટલે ૧૦ નો અર્થ 'દશ' થાય છે. અત્યાર સુધી આપણે એક આંકડાનો ઉપયોગ કરતા હતા, તેને બદલે આપણે બે આંકડાનો ઉપયોગ કરવા માંડ્યો. જ્યારે બે આંકડા વપરાય ત્યારે તેઓની સ્થાન પરત્વે જુદી જુદી કિમત થાય છે. દશથી નવાણું સુધીની સંખ્યાઓ મોઢે બોલતાં શીખવાડવી અને પછી આ બધી સંખ્યા બે આંકડાના ઉપયોગથી લખી શકાશે એ સમજાવવું ઘણું સ્હેલું પડશે. દાખલા તરિકે પંદર પૈસા અથવા પાઇઓ લાવી તેમાંથી દશ પાઇઓ બાળકો પાસે ગણાવવી અને દશ પાઇઓનું એક જુદું પડીકું વળાવવું. પછી બાકીની જે પાઇઓ રહી તેમાંથી દશ પાઇનું આખું પડીકું વાળી શકાશે નહીં એમ સમજાવવું. જેટલાં પડીકાં હોય તે બતાવવા પહેલો આંકડો મુકવો અને બાકી રહેલી પાઇઓ બતાવવા બીજો આંકડો મુકવો. આ પ્રમાણે ૧૫ લખવામાં પહેલો આંકડો દશક સૂચવે છે અને બીજો આંકડો એકમ સૂચવે છે. એવો વિચાર બાળકના મગજમાં ઠસાવવો. ત્યાર બાદ ૧૫ ના આંકડા ઉલટાવી નાંખી ૫૧ લખવા અને પૂછવું કે 'આમાં અને ૧૫ માં કાંઇ ફેર છે કે કેમ?' 'આંકડામાં તો કશો ફેર નથી તેથી તે બે સંખ્યા એકજ છે કે કેમ?' આ પ્રશ્નનો જવાબ બુદ્ધિશાળી બાળક તરફથી તુરત મળશે કે બન્ને સંખ્યા એક નથી. ત્યારબાદ એકાવન વસ્તુઓ એકઠી કરી દશ દશ ચીજો ગણાવવી અને પડીકાં વળાવવાં. પાંચ પડીકાં થશે અને એક વસ્તુ બાકી રહેશે. તેથી એકાવન લખવા માટે પડીકાં દર્શક અંક ૫ પ્રથમ મુકાય છે અને બાકી રહેલી વસ્તુ બતાવનાર ૧ પછી મુકાય છે. આવી રીતે દશથી નવાણું સુધીની સંખ્યા શીખવવા વારંવાર પ્રત્યક્ષ ગણત્રી કરાવવી જેથી બાળકોને દરેક સંજ્ઞાનો સ્પષ્ટ અર્થ સમજાય.

૮. ૯૯ ઉપરની સંખ્યા માટે બે આંકડા પુરતા નથી. કારણ કે બે આંકડાથી જેટલી લખી શકાય તેટલી બધી સંખ્યા ૯૯ સુધી આવી જાય છે. તેથી ૯૯ ઉપરની સંખ્યા માટે ખાસ નામ આપવું પડશે. ૯૯ પછી તુરતજ આવતી સંખ્યાને આપણે 'સો' ૧૦૦ કહીએ છીએ અને ૧ પછી બે શૂન્ય મુકી ૧૦૦ લખીએ છીએ. આથી ત્રણ આંકડાની સંખ્યાનો અર્થ સમજી શકાય છે. કોઇ પણ ત્રણ આંકડાની રકમમાં પહેલા આંકડાના સો ગણા બીજાના દશગણા અને ત્રીજો આંકડો જે હોય તે દર્શાવનારી સંખ્યા એમ ત્રણે ભેગા કરવામાં આવે છે. તેનો પ્રત્યક્ષ અનુભવ બાળકોને કરાવવો.

૯. આવી રીતે ૧૦૦ થી ૯૯૯ સુધીની સંખ્યાનું જ્ઞાન આપ્યા બાદ હજાર, દશ હજાર, લાખ, દશ લાખ અને કરોડ લખતાં શીખવવું. આટલું થયા પછી સંખ્યા લખવામાં જુદાં જુદાં સ્થાન શાને માટે વપરાય છે તે બતાવવું અને નીચે બતાવેલા કોઠા પ્રમાણે સંખ્યા લખાવવી અને વંચાવવી. શરૂઆતમાં ફક્ત ૧૦૦૦૦ સુધીની સંખ્યા લખતાં વાંચતાં શીખવવી.

દશહજાર.	હજાર.	સો.	દશક.	એકમ.
૩	૪	૦	૪	૬
		૭	૮	૩
	૨	૫	૦	૮
			૯	૬
૪	૦	૦	૦	૨

ઉપરના કોઠામાં પાંચ જુદી જુદી રકમો લખેલી છે. પહેલી રકમનો અર્થ કરતાં એમ સમજવું કે પહેલા સ્થાનમાં લખેલા ત્રણ દશહજાર ગણા લેવા એટલે ત્રીસ હજાર થયા. બીજા સ્થાનમાં લખેલા ચારના હજાર ગણા લેવા એટલે ચાર હજાર થયા. ત્રીસ હજાર અને ચાર હજાર ભેગા કરતાં ચોત્રીસ હજાર થયા. ત્રીજા સ્થાનમાં શૂન્ય છે એટલે સો છેજ નહીં. ત્યાર પછી ચાર દશક અને ૭ મળી છેતાલીસ થયા. તેથી પહેલી સંખ્યા વાંચતાં ચોત્રીસ હજાર અને છેતાલીસ થઇ. એવીજ રીતે કોઠાની બીજી સંખ્યા અનુક્રમે સાતસે ત્યાસી, બે હજાર પાંચસો આઠ, છનું, અને ચાલીસ હજાર બે એમ અનુક્રમે વાંચી શકાશે.

૧૦. ઉપર બતાવ્યા પ્રમાણે સંખ્યા વાંચવાનો મહાવરો થયાથી અંકના સ્થાનનું મહત્ત્વ સારી રીતે સમજાશે. જમણી બાજુથી ડાબી બાજુ તરફ સ્થાન ગણતાં પહેલું સ્થાન એકમનું, બીજું દશકનું, ત્રીજું સોનું, ચોથું હજારનું, પાંચમું દશ હજારનું એ પ્રમાણે નિયત કરવામાં આવ્યાં છે. દશ હજારની પહેલાં જે છઠ્ઠું સ્થાન આવશે તે લાખ સૂચવે છે, સાતમું દશ લાખ સૂચવે છે, આઠમું કરોડ સૂચવે છે અને નવમું દશ કરોડ સૂચવે છે. આવી રીતે નવ આંકડાની બધી સંખ્યાઓ સ્હેલાઇથી લખી વાંચી શકાશે, તેનાં થોડાં ઉદાહરણ આપીશું.

દાખલો ૧—નીચેની સંખ્યાઓ વાંચો.

(अ) ૬૭૦૮૭૯ (ब) ૫૭૦૪૩૮ અને (क) ૧૨૩૪૫૬૭૮૯.

(अ) આ સંખ્યામાં ૭ આંકડા છે. તેથી જમણી બાજુથી એકમ દશક એમ ગણતાં છઠ્ઠો અંક ૭ લાખ સૂચવે છે અને પાંચમો અંક સાત દશહજાર સૂચવે છે. તેથી ૭ લાખ ૭ દશહજાર પ્રથમ બે અંકોની કિંમત થઈ. તે મુજબ સંખ્યા ૭ લાખ સીત્તેર હજાર આઠસોને અગણાએંશી થઇ.

(ब) આ સંખ્યામાં ૭ આંકડા છે, તેથી જમણી બાજુથી ગણતાં છઠ્ઠો અંક પાંચ લાખ સૂચવે છે. તેથી તે સંખ્યા પાંચ લાખ સીતેર હજાર ચારસોને આડત્રીસ થઇ.

(क) આ સંખ્યામાં નવ આંકડા છે. તેથી જમણી બાજુથી ગણતાં નવમો અંક એક દશ કરોડ સૂચવે છે અને આઠમો અંક બે કરોડ સૂચવે છે. તેથી સંખ્યા બાર કરોડ ચોત્રીસ લાખ છપન હજાર સાતસેં નવાશી થઇ.

દાખલો ૨—નીચેની સંખ્યાઓ લખો.

(अ) સાત લાખ એંસી હજાર ને ૭.

(ब) છપન હજાર ને ચોવીસ.

(क) બાણું કરોડ બાવીસ લાખ ને ત્યાસી.

(अ) આમાં લાખ સુધીની સંખ્યા લખવાની છે તેથી ૭ આંકડા થશે માટે જમણી બાજુથી ગણતાં છઠ્ઠો અંક સાત, પાંચમો આઠ, ચોથો શૂન્ય, ત્રીજો શૂન્ય, બીજો શૂન્ય અને પહેલો ૭ થશે, કારણ કે હજાર, સો અને દશક સંખ્યામાં નથી. તેથી સંખ્યા ૭૮૦૦૦૬ એમ લખાશે.

(ब) આ સંખ્યા દશ હજારથી વધુ અને લાખથી ઓછી છે, માટે તેમાં પાંચ અંક આવશે. જમણી બાજુથી ગણતાં પાંચમા અંકમાં પાંચ, ચોથામાં ૭, ત્રીજામાં શૂન્ય, બીજામાં બે અને પહેલામાં ચાર આવશે. તેથી સંખ્યા ૫૬૦૨૪ એમ લખાશે.

(क) આ સંખ્યા દશ કરોડથી વધુ છે, તેથી તેમાં નવ અંક આવશે. જમણી બાજુથી ગણતાં નવમો અંક નવ, આઠમો બે, સાતમો બે, છઠ્ઠો બે, પાંચમો શૂન્ય, ચોથો શૂન્ય, ત્રીજો શૂન્ય, બીજો આઠ અને પહેલો ત્રણ આવશે. તેથી સંખ્યા ૯૨૨૨૦૦૦૮૩ થઇ.

દાખલો. ૩. ૨૯૨ માં પહેલા અને બીજા અંકની કિંમત લખો.

પહેલો અંક સોના સ્થાનમાં છે તેથી પેહેલા અંકની કિમત બસેં થશે. તેવીજ રીતે બીજો અંક દશકના સ્થાનમાં છે તેથી બીજા અંકની કિમત નેવું થશે.

દાખલો ૪. ત્રણ છોકરાઓ કને કેટલીક પાઇઓ હતી.

તેમાંના એક દશ દશ પાઇઓ ગણીને પડીકાં બાંધી બીજાને આપ્યાં અને બીજાએ દશ દશ પડીકાં એક કોથળીમાં નાંખી ત્રીજાને આપ્યાં. આમ કરતાં ત્રીજા કને ૭ કોથળીઓ, બીજા કને બે પડીકાં અને ત્રીજા પાસે સાત પાઇઓ વધી. ત્યારે તે બાળકો કને કેટલી પાઇઓ હશે ?

એક કોથળીમાં દશ દશ પાઇનાં દશ પડીકાં છે. તેથી એક કોથળીમાં સો પાઇઓ થઇ અને ૭ કોથળીમાં છસેં પાઇઓ થઈ. તેવી રીતે બે પડીકાંમાં વીસ પાઇઓ અને ઉપર વધેલી સાત પાઇઓ ગણતાં છસેં ને સતાવીસ અથવા ૬૨૭ પાઇઓ થઇ.

મનોયત્ન ૧ લું.

નીચેના દાખલાઓમાં લખેલી સંખ્યા વાંચો.

૧. ૨૪૩.
૨. ૨૦૪૮.
૩. ૧૫૬૨૫.
૪. ૮૦૯૭૨૩.
૫. ૧૯૨૦૦૪.
૬. ૮૨૩૪૫૭૯૨.
૭. ૨૩૪૭૯૬.
૮. ૬૭૮૬.
૯. ૧૩૭૦૦૦૦૦૪.
૧૦. ૭૦૨૪૦૪૩.
૧૧. ૮૦૯૦૨૨૨.
૧૨. ૩૩૩૩૩.
૧૩. ૨૨૪૨૨૪૨૨.
૧૪. ૧૦૦૦૫૯૬.
૧૫. ૩૮૨૩૮૨૩૮૨.

નીચે બતાવેલી સંખ્યા લખો:—

૧૬. પાંચસે બેતાલીસ.
૧૭. ચાર હજાર ચોરાણું.
૧૮. આઠ લાખ ઓગણીસ હજાર નેવું.
૧૯. બાવીસ કરોડ ચોરાસી હજાર ને છોતેર.
૨૦. સીતેર હજાર ને સાત.
૨૧. પંચાવન લાખ પંચાસી હજાર આઠસેં ને છાશી.
૨૨. તેર કરોડ તાણું હજાર તેત્રીસ.
૨૩. ઇઠોતેર લાખ ને અઠાણું.
૨૪. ચોવીસ હજાર ચારસેં ને ચોરાણું.
૨૫. ચુંવાલીસ કરોડ, ચુંવાલીસ લાખ, ચુંવાલીસ હજાર ચારસેં ને ચુંવાલીસ.

નીચેની સંખ્યામાં પહેલા ને ત્રીજા અંકની કિંમત લખો:—

૨૬. ૫૯૫.
૨૭. ૭૦૮૨.
૨૮. ૮૯૨૭૪૦૦.
૨૯. ૧૨૩૪૧૨૩૪૭.
૩૦. ૩૦૪૦૦૦૮.

નીચેની સંખ્યામાં બીજા ને ચોથા અંકની કિંમત લખો:—

૩૧. ૪૩૭૨.
૩૨. ૮૪૭૮૦.
૩૩. ૯૩૦૨૩૪.
૩૪. ૧૪૩૫૮૪૬.
૩૫. ૧૩૦૧૩૦૧૩૫.

૩૬. પાંચ માણસ કને સો સો રૂપિયા છે; બીજા ત્રણમાંથી દરેક કને દશ દશ રૂપિયા છે અને બાકીના આઠ કને એક એક રૂપિયો છે; ત્યારે તે બધા માણસોની કૂલ મુડી કેટલી થઇ?

૩૭. એક છોકરાને એક જામફળનો ઢગલો ગણવાનું ક-

હતાં તેણે દશ દશ જામફળની જુદી જુદી ઢગલીઓ કરી; છેવટે સોળ ઢગલીઓ થઈ અને બે જામફળ વધ્યાં ત્યારે કેટલાં જામફળ ઢગલામાં હશે?

૩૮. એક છોકરા પાસે કેટલીક લખોટીઓ હતી. તેમાંથી દશ દશ ગણી ડાબલીઓમાં મુકી અને દશ દશ ડાબલીઓને ભેગી કરી કોથળીઓમાં બાંધી. આ પ્રમાણે કરતાં ચાર કોથળીઓ ભરાઇ અને એકે ડાબલી બાકી ન રહી પણ પાંચ લખોટીઓ વધી, ત્યારે તે છોકરા કને કેટલી લખોટીઓ હશે?

૩૯. એક ગામમાં રાજાની આવક એક લાખ, ભાયાતની આવક દશ હજાર, રાજ્યના નોકરની આવક એક હજાર અને સિપાઇની આવક સો રૂપિયા છે. તે ગામમાં એક રાજા, ત્રણ ભાયાતો, પાંચ નોકરો, અને સાત સિપાઇઓ છે, ત્યારે તે સઘળા માણસોની કુલ આવક કેટલી?

પ્રકરણ ૨ જું.

સરવાળો.

૧. એક સંખ્યામાં બીજી સંખ્યા ઉમેરવાના કાર્યને સરવાળો કહે છે. દાખલા તરીકે ચારમાં ત્રણ ઉમેરીએ તો સાત થાય છે, અર્થાત્ **ચાર અને ત્રણનો સરવાળો સાતની બરોબર છે.** વારે ઘડીએ આટલું લાંબુ વાકય બોલવાને બદલે સરવાળાના કાર્યને સૂચવવા ખાસ ચિહ્ન વાપરવામાં આવે છે. એક સીધી અને ઊભી લીટી નીચે પ્રમાણે દોરવાથી સરવાળાનું ચિહ્ન થાય છે, અને તે ચિહ્ન ઉમેરવાની બન્ને સંખ્યાઓ વચ્ચે મુકવામાં આવે છે. આથી ચાર અને ત્રણનો સરવાળો એ વાકય ટુંકાણમાં ૪ + ૩ લખવાથી સૂચિત થાય છે. સરવાળો જેની બરોબર હોય તેની સાથે સમાનતા દર્શાવવા બે સીધી લીટીઓ દોરવામાં આવે છે. બરોબરનું ચિહ્ન = છે અને બન્ને સમાન સંખ્યાઓ વચ્ચે મુકાય છે. બરોબરના ચિહ્નનો ઉપયોગ કરીએ તો આપણે

૪ + ૩ = ૭

લખી શકીએ છીએ. આવી રીતે જુદાં જુદાં કાર્યોને દર્શાવવા જુદાં જુદાં ચિહ્નોનો ઉપયોગ કરવાથી અતિશય ફાયદો તેમજ સરળતા થાય છે.

૨. સરવાળા શીખવતા પહેલાં એક અંકની નાની સંખ્યાઓમાં તેવીજ નાની સંખ્યાઓ ઉમેરવાના ઘણા દાખલા બાળકોને પૂછવા. આવા દાખલા પૂછવામાં શરૂઆત એવા દાખલાઓથી કરવી કે જેઓમાં જવાબ પણ એક આંકડાનો આવે. ઉદાહરણ તરીકે, ૩ ને ૨ નો સરવાળો કહો, ૪ ને ૫ નો સરવાળો કહો, ઇત્યાદિ સ્હેલા પ્રશ્નો મ્હોડેથી ગણવાનો પુષ્કળ મહાવરો થવા દેવો. પછી એકજ અંકની સંખ્યાઓ, જેમનો સરવાળો બે અંકનો થાય તેવી સંખ્યાઓનો સરવાળો પુછવા માંડવો. આવાં ઉદાહરણોમાં નીચે પ્રમાણે સમજુતી ધ્યાન પૂર્વક આપવી. ધારો કે સાત ને નવનો સરવાળો પૂછવામાં આવ્યો છે. તે વખતે નીચે પ્રમાણે કૃતિ કરી બતાવવી.

દશક.	એકમ.
	૭
	૯
૧	૬

જે સંખ્યાઓનો સરવાળો કરવાનો છે તેમાં દશક નથી પણ સરવાળાના જવાબમાં એક દશક અને ૬ એકમ છે એ બાબત સમજાવવામાં ખાસ લક્ષ્ય આપવું. આવી રીતના પુષ્કળ ઉદાહરણો પૂછવાં અને બાળકો તુરત જવાબ આપી ન શકે ત્યાં સુધી આગળ વધવું નહીં.

૩. બે આંકડાની સંખ્યાઓના સરવાળામાં પહેલાં એવાં ઉદાહરણો આપવાં કે જેમાં આવેલા એકમના અંકોનો સરવાળો એકજ આંકડાનો થાય. દાખલા તરીકે ૪૫ અને ૫૩ નો સરવાળો કરવો. શરૂઆતમાં દશક, એકમનાં જુદાં ખાનાં પાડીનેજ સંખ્યાઓ લખવાની ટેવ પાડવી. ધીમે ધીમે સારો મ્હાવરો થયા બાદ બાળકો એકદમ સરવાળા કરી શકશે, પણ શરૂઆતમાં સઘ-

ળા નિયમોનું અક્ષરશઃ પાલન થવાથીજ સિદ્ધાંતનું રહસ્ય બાળકોનાં મગજમાં સારી રીતે ઠસે છે.

દશક.	એકમ.
૪	૫
૫	૩
૯	૮

૪૫માં ચાર દશક અને પાંચ એકમ છે અને ૫૩ માં પાંચ દશક અને ત્રણ એકમ છે. એકમનો સરવાળો એકમ સાથે થવો જોઇએ અને દશકનો સરવાળો દશક સાથે થવો જોઇએ. આટલા માટે આપણે દશકની નીચે દશક મુકીએ છીએ અને એકમની નીચે એકમ મુકીએ છીએ. પહેલી અને બીજી સંખ્યાઓના એકમ અનુક્રમે પાંચ અને ત્રણ છે; તેથી તેમનો સરવાળો આઠ થયો. જવાબમાં એકમના સ્થાને આઠ મુકી દીધા અને દશકોનો સરવાળો નવ થયો; તેને દશકના સ્થાનમાં મુકી દીધો, એટલે જવાબમાં નવ દશક અને આઠ એકમ, અર્થાત્ અઠાણું આવ્યા.

૪. જ્યારે એકમોનો સરવાળો નવ કરતાં વધારે હોય, ત્યારે જવાબમાં એકમના સ્થાને એ આંકડાની રકમ લખી શકાશે નહીં. તેથી એકમોના સરવાળામાંથી દશક જુદા પાડવા અને બાકી રહેલા એકમો એકમના સ્થાનમાં લખવા. દાખલા તરીકે, ૨૫ અને ૯૬ નો સરવાળો કરીએ. નિયમ પ્રમાણે સંખ્યાઓ લખ્યા બાદ, આપણને તુરત જણાશે કે એકમોનો સરવાળો અગિયાર થાય છે.

શતક.	દશક.	એકમ.
	૨	૫
	૯	૬
૧	૨	૧

અગિયારમાં એક દશક અને એક એકમ છે. તેથી એકમને સ્થાને એક મુકયો અને જે દશક વધ્યો તે દશકને દશકના સર-

વાળામાં ઉમેરી દેવો. દશકનો સરવાળો ૯ + ૨ = ૧૧ થાય છે, તેમાં ૧ દશક ઉમેરતાં ૧૨ દશક આવ્યા. દશકના અંકમાં બે આંકડાની રકમ લખી શકાય નહીં, તેટલા માટે બાર દશકમાંથી દશ દશક, એટલે એક શતક જુદા પાડવા અને વધેલા બે દશકને દશકના સ્થાનમાં મુકવા છેવટે એક શતકને શતકના સ્થાનમાં મુકવો, એ-ટલે કુલ સરવાળો આવશે. સરવાળામાં શતકના સ્થાને ૧, દશકના સ્થાને ૨, અને એકમના સ્થાને ૧ છે; તેથી સરવાળો ૧૨૧ થયો.

૫ હવે આપણે બે આંકડાની બેથી વધુ સંખ્યાઓનો સ-રવાળો લઈશું. દાખલા તરીકે, આપણે ૨૯, ૮૬ અને ૭૭ નો સરવાળો કરીએ.

શતક.	દશક.	એકમ.
	૨	૯
	૮	૬
	૭	૭
૧	૯	૨

પ્રથમ આપણે એકમોનો સરવાળો કર્યો, જે ૨૨ થયો. હવે એકમના સ્થાનમાં બે આંકડાની રકમ લખાય નહીં. તેથી ૨૨ માંથી ૨ દશક છુટા પાડ્યા અને વધેલા ૨ એકમને એકમના સ્થાને જવાબમાં મુકયા. હવે દશકના સરવાળામાં વધેલા ૨ દશક ઉમેરવા જોઇએ. તેથી દશકોનો સરવાળો, જે ૧૭ થયો, તેમાં ૨ દશક ઉમેર્યા, એટલે, ૧૯ દશક થયા. તેમાંથી દશ દશક કાઢી લઇ વધેલા ૯ દશકને દશકના સ્થાનમાં મુકયા. દશ દશક એક શતકની બરોબર છે, માટે શતકના સ્થાનમાં ૧ મુકયો. એટલે સરવાળો ૧૯૨ થયો.

૬. વળી આપણે ચાર સંખ્યાઓના સરવાળાનું બીજું ઉ-દાહણ લઇએ. ધારો કે આપણે ૬૫, ૯૮, ૮૯ અને ૫૬ નો સરવાળો કરવાનો છે.

શતક.	દશક.	એકમ.
	૬	૫
	૯	૮
	૮	૯
	૫	૬
૩	૦	૮

અત્રે એકમનો સરવાળો ૨૮ થાય છે, જેથી ૨ દશક છુટા પાડી વધેલા ૮ એકમને એકમના સ્થાને મુકયા. દશકનો સરવાળો ૨૮ થયો તેમાં વધેલા ૨ દશક ઉમેર્યા એટલે ૩૦ દશક થયા. ૩૦ દશક ત્રણ શતકની બરોબર છે, એટલે દશકના સ્થાનમાં શૂન્ય મુકવું પડશે અને શતકના સ્થાનમાં ૩ મુકવા પડશે. તેથી સરવાળો ૩૦૮ થયો.

૭. સરવાળા ગણતાં શરૂઆતમાં છોકરાં વેઢાઓનો ઉપયોગ કરે છે, પણ જેમ બને તેમ આ ટેવ જલદીથી ભુલાવી દેવી. પ્રારંભમાં એક આંકડાના ઘણા સરવાળાઓ મ્હોઢે ગણાવવાથી બાળકોને સારો મ્હાવરો થશે અને ફક્ત વિચાર કરીને કૃત્રિમ સાહાય્ય વિના તેઓ ગણત્રી કરી શકશે. ઉપર બતાવેલો દાખલો ગણતાં, નીચે પ્રમાણેજ માનસિક ગણના કરવાની ટેવ પાડવી જોઇએ. ૯ ને ૬ = ૧૫. ૧૫ ને ૮ = ૨૩. ૨૩ ને ૫ = ૨૮. હવે ૮ ને એકમના સ્થાનમાં મુકી વધેલા **૨ દશકને તુરતજ દશકના સરવાળામાં પહેલા લેવા,** જેથી કેટલા દશક વધ્યા છે તેનું જુદી જગ્યાએ ટાંચણ કરવાની જરૂર પડે નહીં. ૨ ને ૫ = ૭, ૭ ને ૮ = ૧૫. ૧૫ ને ૯ = ૨૪. ૨૪ ને ૬ = ૩૦. દશકનો સરવાળો ૩૦ થવાથી દશકના સ્થાનમાં શૂન્ય અને શતકના સ્થાનમાં ૩ મુકયા, એટલે સરવાળો ૩૦૮ થયો.

૮. બે આંકડાથી વધુ સંખ્યાઓના સરવાળા શીખવવા માટે શરૂઆતમાં ફક્ત બે સંખ્યાઓનાજ સરવાળા લખાવવા. દાખલા તરીકે, આપણે ૭૬૮ અને ૯૫૪ નો સરવાળો કરીએ.

હજાર.	શતક.	દશક.	એકમ.
	૭	૬	૮
	૯	૫	૪
૧	૭	૨	૨

એકમનો સરવાળો ૧૨ થયો, જેથી ૨ એકમના સ્થાને મુકયા અને વધેલા ૧ દશકને દશકના સરવાળા ૧૧ માં ઉમેર્યો એટલે ૧૨ દશક થયા. ૨ દશકને દશકના સ્થાનમાં મુકયા અને વધેલા દશ દશકને બદલે ૧ શતક ગણ્યો. શતકના સરવાળા ૧૬ માં ૧ શતક ઉમેર્યો એટલે ૧૭ શતક થયા. તેમાંથી ૭ શતકને શતકના સ્થાનમાં મુકયા અને વધેલા ૧૦ શતકને બદલે ૧ હજારને હજારના સ્થાનમાં મુકયા, એટલે સરવાળો ૧૭૨૨ થયો.

૯. તેવીજ રીતે વધતાં વધતાં ચાર આંકડાની તેમજ પાંચ આંકડાની બે સંખ્યાઓના સરવાળા ગણાવવા. ધારો કે આપણે ૭૩૪૯૫ અને ૩૬૬૨૮ નો સરવાળો કરવાનો છે.

લાખ.	દશહજાર.	હજાર.	શતક.	દશક.	એકમ.
	૭	૩	૪	૯	૫
	૩	૬	૬	૨	૮
૧	૧	૦	૧	૨	૩

અત્રે એકમનો સરવાળો ૧૩ છે. એટલે ૩ એકમના સ્થાનમાં મુકયા અને વધેલા ૧ દશકને દશકના સરવાળા ૧૧ માં ઉમેર્યો; એટલે ૧૨ દશક થયા. ૨ દશકને દશકના સ્થાનમાં મુકયા, અને વધેલા દશ દશકને બદલે ૧ શતકને શતકના સરવાળા ૧૦ માં ઉમેર્યો એટલે ૧૧ શતક થયા, ૧ શતકને શતકના સ્થાનમાં મુકયો અને વધેલા ૧૦ શતકને બદલે ૧ હજારને હજારના સરવાળા ૯ માં ઉમેર્યો, એટલે ૧૦ હજાર થયા. તેથી હજારના સ્થાનમાં શૂન્ય મુકયું અને વધેલા ૧ દશ હજારને દશ હજારના સરવાળા ૧૦ માં ઉમેર્યા; એટલે ૧૧ દશ હજાર થયા. ૧ દશ હજારને દશ હજારના સ્થાનમાં મુકી વધેલા ૧૦ દશ હજારને બદલે ૧ લાખ લાખના

સ્થાનમાં મુક્યા, એટલે સરવાળો એક લાખ દશ હજાર એકસોને ત્રેવીસ થયો.

૧૦. બે સંખ્યાઓના સરવાળા ગણવાનો મ્હાવરો થયા પછી ત્રણ ચાર સંખ્યાના સરવાળા સ્હેલાઇથી ગણી શકાશે. ધારો કે, આપણે ૧૨૦૯૫, ૮૬૭૦૮, ૯૦૦૭૭ અને ૫૯૯૯૯ નો સરવાળો કરવાનો છે.

લાખ.	દશ હજાર.	હજાર.	શતક.	દશક.	એકમ.
	૧	૨	૦	૯	૫
	૮	૬	૭	૦	૮
	૯	૦	૦	૭	૭
	૫	૯	૯	૯	૯
૨	૪	૮	૮	૭	૯

અત્રે એકમનો સરવાળો ૨૯ છે તેથી ૯ ને એકમના સ્થાનમાં મુકયા. વધેલા ૨ દશક સાથે દશકનો સરવાળો ૨૭ થયો; એટલે દશકના સ્થાનમાં સાત મુકયા. વધેલા ૨૦ દશક, અથવા ૨ શતકને સાથે લેતાં શતકનો સરવાળો ૧૮ થયો; એટલે શતકના સ્થાનમાં ૮ મુકયા. વધેલા ૧૦ શતક અથવા ૧ હજારને સાથે લેતાં હજારનો સરવાળો ૧૮ થયો; એટલે ૮ હજારને હજારના સ્થાનમાં મુકયા. વધેલા ૧ દશ હજારને સાથે લેતાં દશ હજારનો સરવાળો ૨૪ થયો; એટલે ૪ દશ હજારને દશ હજારના સ્થાનમાં મુકયા. વધેલા ૨૦ દશ હજાર, અથવા, ૨ લાખને લાખના સ્થાનમાં મુકયા, એટલે સરવાળો બે લાખ અડતાલીસ હજાર આઠસેં ને અગણાએંશી થયો.

૧૧. આવી રીતે નિયમ પૂર્વક સમજુતી આપી દરેકે દરેક દાખલો બાળકો પાસે ગણાવવો, અને એકમ દશક ઈત્યાદિ ખાનાં જુદાં પડાવી સ્પષ્ટ અક્ષરે તેમની નોટબુકોમાં લખાવવો. સ્હેલા દાખલા સમજીને પોતાની મેળે ગણવાથી જેટલો લાભ થાય છે તેટલો લાભ કઠિન દાખલાઓ શિક્ષક ગણી જાય તેથી થતો નથી. આ પ્રકરણ પૂરૂં કરતાં પહેલાં સરવાળાના દાખલાઓ કેટલા

કેવા જુદા રૂપમાં પુછાશે તેનો પરિચય આપવા થોડાં ઉદાહરણો ગણીશું.

દાખલો ૧. એક માણસ પોતાની પાછળ એક સ્ત્રી, બે છોકરા અને બે છોકરીઓ મુકી ગુજરી ગયો. તેણે પોતાની સ્ત્રીને ૩૬૦૭ રૂપિયા, મોટા છોકરાને ૭૨૨૭ રૂપિયા, નાના છોકરાને ૮૦૯૩ રૂપિયા, મોટી છોકરીને ૩૪૮૪ રૂપિયા અને નાની છોકરીને ૪૨૫૩ રૂપિયા આપ્યા. ત્યારે તેની કુલ મિલકત કેટલી હશે?

આ દાખલામાં દરેક જણને આપેલી જુદી જુદી રકમોનો આપણે સરવાળો કરવાનો છે.

દશ હજાર.	હજાર.	શતક.	દશક.	એકમ.
	૩	૬	૦	૭
	૭	૨	૨	૭
	૮	૦	૯	૩
	૩	૪	૮	૪
	૪	૨	૫	૩
૨	૬	૬	૬	૪

તે માણસની કુલ મિલકત રૂ. ૨૬૬૬૪ થઇ.

દાખલો ૨. એક ગામમાં ૩૨૦૨ હિંદુઓ ૮૯૯ મુસલમાનો, ૭૬ પારસીઓ અને ૨૭૨ ખ્રિસ્તીઓ વસે છે. ત્યારે તે ગામની કુલ વસ્તી શોધી કહાડો.

કુલ વસ્તી જુદી જુદી વસ્તીઓનો સરવાળો કરવાથી મલી આવશે.

હજાર.	શતક.	દશક.	એકમ.
૩	૨	૦	૨
	૮	૯	૯
		૭	૬
	૨	૭	૨
૪	૪	૪	૯

મનોયત્ન ૨ જું.

નીચેના દાખલાઓમાં આપેલી સંખ્યાનો સરવાળો કરો.

૧. ૫૨
૪૫

૨. ૨૭
૪૨

૩. ૭૩
૨૬

૪. ૬૯
૫૭

૫. ૮૮
૪૮

૬. ૭૯
૬૭

૭. ૨૩
૪૮
૬૨

૮. ૭૨
૬૫
૯૩

૯. ૬૮
૫૮
૯૭

૧૦. ૫૫
૪૩
૩૪
૭૬

૧૧. ૨૮
૩૬
૭૪
૯૯

૧૨. ૭૫
૬૪
૩૭
૬૦

૧૩. ૩૯૪
૫૦૬
૭૨૩

૧૪. ૭૨૮
૯૩૬
૨૧૮

૧૫. ૨૯૪
૩૦૬
૭૬૮

૧૬. ૧૩૭
૮૦૯
૯૭૩
૯૬

૧૭. ૫૮૪
૬૯૩
૮૦૯
૩૪૭

૧૮. ૨૪૪
૬૭૭
૮૨૨
૯૭૩

૧૯. ૨૭૧૩
૬૨૪
૬૦૦૮
૭૨૩૭

૨૦. ૫૩૯૫
૬૭૨૭
૨૫૭૬
૭૯૯૯

૨૧. ૫૩૦૩૬
૨૮૭૦૮
૩૩૪૩૭
૯૪૦૪૭

૨૨. ૮૯૯૦૯
૭૬૬૩૫
૭૬૮
૨૩૪૫૬

૨૩.	૨૭૬૮૭ ૫૪૩૦૫ ૫૨૦૯ ૭૭૬૬૬	૨૪.	૩૭૪૯૩ ૯૫૬૭૮ ૯૭૦૯૭ ૨૦૦૦૬
૨૫.	૪૫૦૮૬ ૬૦૦૨૮ ૩૬૬૭૬ ૧૫૨૪૦ ૨૯૨૫૭	૨૬.	૭૨૬ ૫૪૦૩ ૮૭૬૫૪ ૨૪૬૮ ૧૩૫ ૬૯
૨૭.	૮૬૦૪૩ ૫૨૨૬૭ ૯૩૬૯૮ ૩૧૨૩૪ ૬૨૪૬૮ ૪૦૦૩૭	૨૮.	૯૨૦૪૫ ૩૦૦૮ ૨૪૨ ૬૫ ૩૯૭ ૫૬૭૮ ૧૨૩૪૫

નીચેના દાખલાઓમાં આપેલી રકમોની કિંમત શોધી કહાડો.

૨૯. ૩૪૩ + ૭૨૯ + ૪૩૪ + ૬૦૭.

૩૦. ૫૨૪૯૫ + ૨૬૨૪ + ૧૩૮ + ૮૩.

૩૧. ૯ + ૧૮ + ૧૯૭ + ૩૦૦૪ + ૪૮૨૦૬.

૩૨. ૪૭૬૭૩ + ૨૩૬૦૯ + ૯૧૨૩૫.

૩૩. ૭૭ + ૨૭૭ + ૨૭૭૭ + ૨૭૭૭૭.

૩૪. ૫ + ૫૫ + ૫૫૫ + ૫૫૫૫ + ૫૫૫૫૫.

૩૫. ૩ + ૯ + ૨૭ + ૮૧ + ૨૪૩.

૩૬. મેં એક વર્ષમાં ૨૪૫૭ રૂપિયા ઘર ખર્ચમાં વાપર્યા, ૪૨૭ રૂપિયા ધર્માદામાં વાપર્યા; અને ૫૭૩૬ રૂપિયા બચાવ્યા ત્યારે મારી આવક કેટલી હશે ?

૩૭. એક શહેરની વસ્તી ગણતાં ૨૬૫૦૮ બ્રાહ્મણો, ૧૮૨૪૭ વાણિયા, ૫૯૮૭૬ પાટીદાર, ૯૩૪૫ મુસલમાન અને ૫૮૪ પારસી થયા. ત્યારે તે શહેરની વસ્તી કેટલી હશે ?

૩૮. એક બગીચામાં પાંચ લીંબુડીઓનાં ઝાડ છે. પહેલા ઝાડ ઉપર ૫૦૬, બીજા ઉપર ૬૩૪, ત્રીજા ઉપર ૯૨૫, ચોથા ઉપર ૭૯૧ અને પાંચમા ઉપર ૩૭૪ લીંબુ છે. ત્યારે તે બગીચામાં કુલ કેટલાં લીંબુ મળી શકશે ?

૩૯. એક માણસને બે છોકરા છે. નાના છોકરાની ઉમર ૧૭ વર્ષના છે. નાના કરતાં મોટો છોકરો ૧૨ વર્ષે મોટો છે. મોટા છોકરા કરતાં તેમની મા ૨૩ વર્ષે મોટી છે. અને તેમની મા કરતાં તેમનો પિતા ૧૪ વર્ષે મોટો છે. ત્યારે તે માણસની ઉમર કેટલી હશે ?

૪૦. અઢાર વર્ષ ઉપર મારી ઉમર સુડતાલીશ વર્ષની હતી, ત્યારે હાલ મારી ઉમર કેટલી ?

૪૧. એક જમણવારમાં ૧૪૩૯૬ પુરૂષો, ૧૮૨૮૯ સ્ત્રીઓ અને ૩૬૭૦૮ છોકરાં જમ્યાં; ત્યારે તે જમણવારમાં જમનારાઓની કુલ સંખ્યા શોધી કાઢો.

૪૨. એક ખેડુત કને ૨૩૪ ગાયો, ૬૭૬ ભેંસો, ૯૫ ઘોડા, ૭૨ ઊંટ, ૫૭૯૭ બકરાં, ૪૩૨૧ ઘેટાં, ૩૫૪ બળદ અને ૧૪ હાથી છે; ત્યારે તેની પાસે કુલ ઢોર કેટલાં છે તે શોધી કાઢો.

૪૩. એક નિશાળમાં ૫૭૫ છોકરા ફી આપીને ભણે છે, ૩૨૩ છોકરા અડધી ફી આપીને ભણે છે, ૧૮૬ છોકરા પા ફી આપીને ભણે છે અને ૭૦૯ છોકરા માફી ભણે છે; તો તે નિશાળમાં કેટલા છોકરા ભણતા હશે તે શોધી કાઢો.

૪૪. એક રાજા પાસે ૬૫૨૪૪ પાયદળ, ૨૪૫૭૮ ઘોડેસ્વાર અને ૫૭૨ તોપખાનાના માણસો છે, ત્યારે તેના લશ્કરની કુલ સંખ્યા કેટલી ?

૪૫. ત્રણ ભાઇ વચ્ચે મિલકતની વ્હેંચણી થતાં, પહેલાને

૨૩૫૪૨૪ રૂપિયા, બીજાને ૩૦૦૬૫૪ રૂપિયા અને ત્રીજાને ૨૭૨૩૪૫ રૂપિયા મળ્યા, તો કુલ મિલકત કેટલી ?

૪૬. એક ખેતરમાં ૯૪૬ આંબા, ૮૫૫ લીંબુડીઓ, ૧૨૭ જામફળીઓ, ૩૦૮ કેળો અને ૫૭૩ જાંબુડા છે, ત્યારે તે ખેતરમાં ઝાડ કેટલાં ?

૪૭. એક જીલ્લામાં પાંચ તાલુકા છે. પહેલા તાલુકાની ઉપજ ૫૬૭૮૨૪ રૂપિયા છે, બીજાની ૬૨૪૫૬૭ રૂપિયા છે, ત્રીજાની ૨૦૦૭૨૩ રૂપિયા છે, ચોથાની ૩૯૪૮૭૬ રૂપિયા છે અને પાંચમાની ૯૯૯૩૩૩ રૂપિયા છે; ત્યારે જીલ્લાની કુલ ઉપજ કેટલી હશે?

૪૮. છગન અને મગન કને કેટલીક લખોટીઓ છે. છગન કને ૧૪૫ લખોટીઓ છે, અને છગન કરતાં મગન કને ૬૭ વધારે છે, તો બન્ને કને કુલ લખોટીઓ કેટલી હશે ?

૪૯. ત્રણ મિત્રોએ ભેગા મળી વ્યાપાર શરૂ કર્યો. પહેલાએ ૨૩૪૯૩ રૂપિયા કાઢ્યા, તેના કરતાં બીજાએ ૪૫૬૭ રૂપિયા વધુ કહાડ્યા અને બીજા કરતાં ત્રીજાએ ૧૨૨૪૫ રૂપિયા વધુ કહાડ્યા, તો તે ત્રણે જણાએ શરૂઆતમાં તેમના વેપારમાં કેટલી મુડી રોકી હશે ?

૫૦. મારી પાસે પાંચ દાગીના છે. પહેલા દાગીનાની કિમત ૧૩૨૪ રૂપિયા, બીજાની ૬૭૬ રૂપિયા, ત્રીજાની ૭૨૮ રૂપિયા, ચોથાની ૮૩૬ રૂપિયા અને પાંચમાની ૯૨૨ રૂપિયા ઉપજી, તો પાંચ દાગીનાઓની કુલ કિમત કેટલી થઇ ?

૫૧. એક નિશાળમાં ૭ વર્ગ છે. પહેલા વર્ગમાં ૨૫ છોકરા છે, પહેલા કરતાં બીજા વર્ગમાં ૬ છોકરા વધારે છે, બીજા કરતાં ત્રીજામાં ૨ છોકરાઓ વધારે છે, ત્રીજા કરતાં ચોથામાં ૩ છોકરા વધારે છે, ચોથા કરતાં પાંચમામાં ૪ છોકરા વધારે છે, અને પાંચમા કરતાં છઠ્ઠામાં ૯ છોકરાઓ વધારે છે; તો નિશાળમાં કુલ છોકરાઓની સંખ્યા શોધી કાઢો.

પ્રકરણ ૩ જું.

બાદબાકી.

૧. એક સંખ્યામાંથી બીજી સંખ્યાને ઓછી કરવાથી જે નવી સંખ્યા આવે તેને તથા તે શોધી કાઢવાની રીતને **બાદબાકી** કહે છે. જેમાંથી બાદ કરવાના છે તે સંખ્યા મોટી હોવી જોઇએ, માટે તેને **અધિકાંક** (અધિક=વધારે+અંક =સંખ્યા) મોટી સંખ્યા કહે છે; બાદ કરવાની રકમને **બાધાંક** (બાધ=ઓછા કરવાની+અંક=સંખ્યા) નાની સંખ્યા કહે છે. મોટી સંખ્યામાંથી નાની સંખ્યા જેટલી સંખ્યા કાઢી લેવાથી જે સંખ્યા બાકી રહે છે તેને બાદબાકી કહેવામાં આવે છે. દાખલા તરીકે ૪ માંથી ૨ કાઢી લો, તો બાકી ૨ રહેશે; તે બે સંખ્યા વચ્ચે આવું – ચિન્હ મુકવામાં આવે છે જેમકે ૪ – ૨ = ૨.

૨. પાંચ પૈસામાંથી ૪ લખોટા બાદ થાય નહીં. તેમજ પાંચ લખોટામાંથી ૪ પૈસા બાદ થાય નહીં. માટે આ ઉપરથી એવો નિયમ શિખવવો કે એકજ જાતની રકમોની બાદબાકી થઇ શકે. એજ પ્રમાણે એકમની સંખ્યામાંથી એકમ, દશકની સંખ્યામાંથી દશક, શતકની સંખ્યામાંથી શતક વગેરે બાદ થાય છે તે બરાબર સમજાવવું. માટે બાદબાકી કરતી વખતે મોટી સંખ્યાની નીચે નાની સંખ્યાને એવી રીતે ગોઠવવી કે એકમની નીચે એકમ, દશકની નીચે દશક, શતકની નીચે શતક વગેરે આવે. આ પ્રમાણે ગોઠવવાથી બાદબાકી કરવામાં સરળતા થશે.

દશક.	એકમ.
૩	૪
૨	૧
૧	૩

૪ એકમમાંથી ૧ એકમ લઇએ તો બાકી ૩ એકમ રહે છે, તે એકમની નીચે લીટી દોરીને મુકવા. હવે ૩ દશકમાંથી ૨ દશક લઇએ તો બાકી ૧ દશક રહે છે. તે લીટી નીચે દશકની જગ્યાએ મુકવાથી બાદબાકી ૧ દશક અને ૩ એકમ જેટલી આવી એટલે ૧૩ બાકી રહ્યા.

૩. ૪૩૭ માંથી ૩૨૬ બાદ કરો.

શતક.	દશક.	એકમ.
૪	૩	૭
૩	૨	૬
૧	૧	૧

હવે ૭ એકમમાંથી ૬ એકમ જાય એટલે ૧ એકમ રહે; ૩ દશકમાંથી ૨ દશક જાય તો ૧ દશક રહે અને ૪ શતકમાંથી ૩ શતક જાય તો ૧ શતક રહે. એટલે ૧ શતક ૧ દશક અને ૧ એકમ બાદબાકીમાં આવે એટલે ૧૧૧ આ પ્રમાણે વધ્યાંશ ન રહેતા હોય એવા દાખલાનો ઘણો મહાવરો પાડવો.

૪. હવે બાદ્યાંકનો આંકડો અધિકાંકના તેજ જાતના આંકડા કરતાં વધારે હોય ત્યારે બાદબાકી કરાવવામાં વધારે કાળજી રાખવાની જરૂર છે.

દાખલો. ૪૫ માંથી ૩૭ બાદ કરો.

દશક.	એકમ.	
૪	૫	૩૦ + ૧૫
૩	૭	૩૦ + ૭
૦	૮	૦ ૮

૫ એકમમાંથી ૭ એકમ બાદ જાય નહીં માટે અધિકાંકના ૪ દશકમાંથી એક દશક લઇને ૫ એકમમાં ઉમેરવા એટલે ૧૫ એકમ થયા, તેમાંથી ૭ એકમ લઇ લેવાથી ૮ એકમ બાકી રહ્યા તે લીટી નીચે મુકવા. હવે અધિકાંકના ૪ દશકમાંથી એક દશક લીધા હતા માટે ત્યાં આગળ ૩ શતક રહ્યા તેમાંથી ૩ દશક બાદ કરવાથી લીટી નીચે કંઇ વધશે નહીં, માટે દશકના સ્થાને ૦ શૂન્ય મુકવી. એટલે બાદબાકી ૮ આવશે.

૪. મારી પાસે રૂ. ૪૬૮૭ છે, તેમાંથી મેં રૂ. ૧૮૭૯ ખરચ્યા, ત્યારે મારી પાસે હવે કેટલા રૂપિઆ રહ્યા ?

હજાર.	સો.	દશક.	એકમ.
૪	૬	૮	૭
૧	૮	૭	૯
૨	૮	૦	૮

હજાર.	સો.	દશક.	એકમ.
૩ +	૧૬ +	૭ +	૧૭
૧ +	૮ +	૭ +	૯
૨ +	૮ +	૦ +	૮

એટલે ૨ હજાર ૮ શતક ૦ દશક અને ૮ એકમ = રૂ. ૨૮૦૮ મારી પાસે બાકી રહ્યા.

૫. ઉપરના દાખલામાં રૂ. ૨૮૦૮ માં જો રૂ. ૧૮૭૯ ઉમેરીએ તો જેટલા રૂપિઆ પ્રથમ મારી પાસે હતા તેટલા રૂ. ૪૬૮૭ થાય, માટે આ ઉપરથી એમ સમજાય છે કે બાદબાકી સરવાળાથી ઉલટી છે, અને સરવાળા બાદબાકીથી ઉલટા છે.

૬. એક સંખ્યામાંથી બે, ત્રણ અથવા ચાર સંખ્યાઓ બાદ કરવી હોય તો અધિકાંકમાંથી પ્રથમ પહેલી સંખ્યા બાદ કરવી, પછી જે બાદબાકી આવે તેમાંથી બીજી બાદ કરવી, પછી જે બાકી રહે તેમાંથી ત્રીજી બાદ કરવી; વગેરે; અથવા જેટલી સંખ્યા બાદ કરવાની છે તેમનો સરવાળો કરવો અને અધિકાંકમાંથી એકી વખતે બાદ કરવી.

દાખલો. ૪૬૮૭ માંથી ૨૩૫, ૩૮૭ અને ૪૬૮ બાદ કરો.

૪૬૮૭	૪૪૫૨	૪૦૬૫
૨૩૫	૩૮૭	૪૬૮
૪૪૫૨	૪૦૬૫	૩૫૯૭

અથવા ૨૩૫ + ૩૮૭ + ૪૬૮ = ૧૦૯૦; માટે ૪૬૮૭
૧૦૯૦
૩૫૯૭

આ ઉપરથી એમ સમજાવવું કે જુદી જુદી રકમો બાદ કરવા કરતાં સરવાળો કરી એકી વખતે મોટી રકમમાંથી બાદ કરવાથી સુગમ પડે છે.

મનોયત્ન ૩ જું.

નીચેના દાખલાઓમાં આપેલી સંખ્યાની બાદબાકી કરો.

૧. ૬૮ ૩૪	૨. ૮૯ ૩૫	૩. ૯૮ ૪૫
૪. ૬૧ ૩૫	૫. ૬૪ ૩૯	૬. ૮૮ ૪૯
૭. ૨૩૪ ૧૮૩	૮. ૪૩૯ ૩૭૩	૯. ૫૪૨ ૩૬૯
૧૦. ૯૫૨૭ ૪૬૨૧	૧૧. ૧૧૨૩૫ ૩૪૬૫	૧૨. ૨૪૭૬૮ ૫૮૬૭
૧૩. ૪૫૩૬૭ ૩૨૩૫૪	૧૪. ૬૪૭૯૧ ૩૪૬૮૯	૧૫. ૭૮૩૦૯ ૪૬૧૩૮
૧૬. ૬૩૦૦૪ ૩૪૫૭૮	૧૭. ૮૦૯૩૨ ૩૫૦૬૪	૧૮. ૧૮૦૦૩૬ ૯૬૦૦૫
૧૯. ૬૪૦૩૬૮ ૩૫૪૦૩૯	૨૦. ૮૬૩૦૦૯ ૪૮૭૮૪૬	

૨૧. મારી પાસે રૂ. ૩૪૫૭ હતા, તેમાંથી ૧૭૮૯ ખરચ્યા તો હવે કેટલા બાકી રહ્યા ?

૨૨. એક ગામમાં ૨૪૫૬૮ માણસની વસ્તી છે, તેમાં ૯૭૫૬ સ્ત્રીઓ છે તો મરદ કેટલા ?

૨૩. મારી પાસે રૂ. ૩૮૦૫૭ છે. તેમાંથી ૨૪૫ મગનને, ૬૮૭ છગનને આપ્યા, અને ૧૨૦૩૫ દાટ્યા તો બહાર કેટલા રહ્યા ?

૨૪. એક આંબા ઉપરથી ૨૦૫૭ કેરીઓ ઉતારી ત્યારે તેના ઉપર ૩૪૬૮ કેરીઓ રહી, તો પહેલી તેના ઉપર કેટલી હશે ?

૨૫. એવી કઇ રકમ છે કે જેમાંથી ૩૮૫૭ બાદ કરીએ તો ૫૮૬૮ બાકી રહે ?

૨૬. મેં એક ઘર રૂ. ૨૪૦૫૭ એ વેચાતું લીધું અને તેને રૂ. ૩૫૮૪૩ એ વેચ્યું તો મને કેટલા રૂ. નફો થયો ?

૨૭. એવી કઇ રકમ છે કે જેમાંથી ૫૮૦૭૧ બાદ કરીએ તો ૩૦૪૫ આવે ?

૨૮. એક ઘર બાંધતાં રૂ. ૧૮૫૬૩ ખરચ થયા, તેમાં રૂ. ૭૯૪૫ ની ઈંટો તથા લાકડાનાં ખરચ થયા, રૂ. ૨૪૫૭ બીજી જોઇતી ચીજોમાં ખરચ્યા અને બાકીના મજુરીના આપ્યા, તો મજુરીના રૂ. કેટલા ?

૨૯. એક માણસે વેપાર કર્યો તેમાં પહેલે વરસે રૂ. ૨૪૩૮૭ ખોટ ગઇ, બીજે વરસે રૂ. ૬૮૦૫૩ નફો થયો અને ત્રીજે વરસે રૂ. ૧૪૧૩૭ ખોટ ગઇ, તો ત્રણ વરસના આખરે તેને નફો થયો કે ખોટ ગઇ ? અને તે કેટલા રૂપિયા ?

૩૦. એક માણસે નાત જમાડી તેમાં ૫૪૫૬૭ માણસને નોંતરાં દીધાં, પણ ૨૦૩૬૧ સ્ત્રીઓ અને ૧૨૦૪૧ છોકરાં જમી ગયાં, તો હવે કેટલા મરદ બાકી રહ્યા ?

પ્રકરણ ૪ થું.

ગુણાકાર.

૧. ગુણાકાર શરૂ કરવા પહેલાં લખોટાયંત્રનો ઉપયોગ કરી ગુણાકારનો સરવાળા સાથેનો સંબંધ બતાવવો. જેમકે ૫ લખોટા છે, તેના બમણા કરવા હોય તો તેટલા બીજા લેવા પડે છે, ૫ + ૫ = ૧૦. હવે ત્રણ ગણા કરવા હોય તો ૫+૫+૫=૧૫, ચાર ગણા કરવા હોય તો ૫ + ૫ + ૫ + ૫ = ૨૦ થાય, વગેરે. પણ આ પ્રમાણે ૫ ના ૭ ગણા કરવા હોય તો + થી વધારે લંબાણ અને અગવડ થાય છે માટે તેને ૫ × ૩, ૫ × ૪, ૫ × ૭ આ પ્રમાણે લખવામાં આવે છે.

૨. × આ ગુણ્યાનું ચિન્હ છે. આપેલી સંખ્યા કેટલી વખત લેવાની છે તે એ ચિન્હ બતાવે છે. ૫ × ૭ આમાં ૫ સંખ્યા ૭ વખત લેવાની છે. જે સંખ્યાને ગુણવાના હોય એટલે જે રકમ કેટલી વખત લેવાની હોય તેને ગુણ્ય કહે છે. અને જેટલી વખત તે રકમ લેવાની હોય તેને ગુણક કહે છે. અને ગુણતાં જે જવાબ આવે તેને ગુણાકાર કહે છે. આ સ્થળે મોંના રહેલા આંકનો ગુણાકાર સાથેનો સંબંધ બતાવવો.

૩. ૫ × ૬ = ૩૦; ૬ × ૫ = ૩૦. આવા દાખલા આપી સમજાવવું કે* ગુણ્ય અને ગુણક ઉલટાવવાથી ગુણાકારમાં ફેર પડતો નથી. તેનું કારણ માત્ર એટલુંજ છે કે ૫ વખત ૬ લેવાથી અથવા ૬ વખત ૫ લેવાથી દરેક વખત ૩૦ થાય છે એ લખોટાયંત્રથી સ્પષ્ટ રીતે સમજાવવું.

૪. દાખલો ૧૫ × ૮ = ૧૨૦.

૧૫ = ૧૦ + ૫ એટલે ૧૦ ને ૮ વડે ગુણી અને ૫ ને ૮ વડે ગુણી બંને ગુણાકારનો સરવાળો કરીએ તોપણ જવાબ સરખોજ આવશે, ૮૦ + ૪૦ = ૧૨૦. એજ પ્રમાણે ૧૫ × ૯ = ૧૩૫. ૧૦ × ૯ = ૯૦ અને ૫ × ૯ = ૪૫ એટલે ૯૦ + ૪૫ = ૧૩૫. દાખલો ૨૩૫ × ૮ = ૧૮૮૦.

૨૩૫ = ૨૦૦ + ૩૦ + ૫ એ દરેકને ૮ ગુણવાથી જે ગુણાકાર આવે તેનો સરવાળો કરવાથી જે જવાબ આવે તેજ ગુણાકાર.

---

* આ સ્થળે એટલું સમજાવવું કે ગુણ્ય એ **વિશેષ સંખ્યા** અને ગુણક એ **સાદી સંખ્યા** છે. ૫ ઘોડાને ૩ ઘોડાએ ન ગુણાય, પણ ૫ ઘોડાને ૩ ગણા કરીએ છીએ અને ગુણતાં જે જવાબ આવે છે તે ગુણ્યના રૂપમાં આવે છે.

વિશેષ સંખ્યા વસ્તુની ગણત્રી બતાવે છે. જેમકે ૫ ઘોડા, ૭ રૂપિયા.

સાદી સંખ્યા વસ્તુના સંબંધ સિવાય એકલી બોલાય છે. જેમકે ૫, ૨૫, ૩૦ વગેરે.

૨૦૦ × ૮ = ૧૬૦૦.
૩૦ × ૮ = ૨૪૦.
૫ × ૮ = ૪૦.
૧૮૮૦.

આ ઉપરથી જણાય છે કે, ગુણ્યના એકમ, દશક, સો, એ દરેક અંકને ગુણકે ગુણી તે ગુણાકારોનો સરવાળો લેવાથી આપેલી બે રકમોનો ગુણાકાર થાય છે. હવે લંબાણ દૂર કરવાને માટે સરવાળો મોઢેથી કરી શકાય છે.

૫. એટલે ૫ એકમને ૮ એ ગુણ્યા તો ૪૦ એકમ આવ્યા એમાંથી ૪ દશક બાજુ ઉપર રાખી ૦ એકમને ગુણાકારની એકમની જગ્યાએ મુકયા. પછી ૩ દશકને ૮ એ ગુણ્યા તો ૨૪ દશક થયા, તેમાં બાજુ ઉપર રાખેલા ૪ દશક ઉમેર્યા તો ૨૮ દશક થાય, તેમાંથી ૮ દશક ગુણાકારમાં દશકની જગ્યાએ રાખ્યા અને ૨૦ દશક, અથવા ૨ શતક, બાજુએ રાખ્યા. હવે ૨ શતકને ૮ એ ગુણ્યા તો ૧૬ શતક થયા તેમાં બાજુએ રાખેલા ૨ શતક ઉમેર્યા તો ૧૮ શતક થયા. હવે ગુણ્યમાં બીજો અંક નથી માટે શતકની જગ્યાએ ૧૮ મુકી દીધા. એટલે ગુણાકાર ૧૮૮૦ આવ્યો.

૨૩૫
×૮
૧૮૮૦

૬. શૂન્યમાં કંઇ કિંમત નથી માટે શૂન્યને કોઇપણ અંકથી ગુણવાના હોય તોપણ ૦ રહે. જેમકે ૦ × ૪ = ૦, ૦ × ૧૪ = ૦, ૦ × ૨૫ = ૦, અથવા ૪ × ૦ = ૦, ૨૫ × ૦ = ૦. આનો અર્થ એટલો થાય છે કે કોઈપણ રકમને શૂન્ય વખત લેવાથી શૂન્યજ આવે છે. એટલે કોઇ સંખ્યા એકેવાર લેવામાં ન આવે તો કંઇ રહે નહીં. અથવા કંઇ નહીં હોય તેને ગમે તેટલી વાર લઇએ તોપણ કંઈ આવે નહીં.

દાખલો. ૨૩ × ૧૦ = ૨૩૦.

૨૩ = ૨૦ + ૩ એટલે ૨૦ × ૧૦ = ૨૦૦ અને ૩ × ૧૦ =

૩૦ એટલે ૨૦૦ + ૩૦ = ૨૩૦. આ રસ્તે ૨૩ ને ૧ એ ગુણવાથી ૨૩ આવે અને તેના ઉપર શૂન્ય ચઢાવવાથી ૨૩૦ આવે. તેવીજ રીતે ૨૪ x ૧૦ = ૨૪૦, ૨૫ x ૧૦ = ૨૫૦.

હવે જો કોઇપણ રકમને ૨૦ એ ગુણવા હોય તો તે રકમને ૨ એ ગુણી ઉપર શૂન્ય ચઢાવવી. ૩૦ એ ગુણવા હોય તો ૩ એ ગુણી શૂન્ય ચઢાવવી; વગેરે. ૨૪ x ૨૦ એટલે ૨૪ x ૨ = ૪૮ અને શૂન્ય ચઢાવવાથી ૪૮૦, ૨૪ x ૩૦ એટલે ૨૪ x ૩ = ૭૨ અને શૂન્ય ચઢાવવાથી ૭૨૦ થાય.

૭. એક વસ્તુની કિંમત આપી હોય અને પછી ગમે તેટલી વસ્તુની કિંમત કાઢવી હોય તો આપેલી કિંમતને જેટલી વસ્તુની કિંમત કાઢવી હોય તેટલાએ ગુણવા, જેમકે ૧ ચોપડીની કિંમત ૭ રૂપિઆ પડે તો ૨૦ ચોપડીઓની શી કિંમત? આમાં ૭ રૂપિઆને ૨૦ વખત લખી સરવાળો કરવો એટલે ૭ x ૨૦ = ૧૪૦ રૂપિઆ કિંમત થાય.

૮. બે આંકડાની સંખ્યાવડે ગુણાકાર કરવો હોય તો ગુણકના ઉપર બતાવ્યા પ્રમાણે ભાગ પાડીને જુદો ગુણાકાર કરી સરવાળો કરવો. દાખલા તરિકે ૨૪૫ x ૬૫.

આમાં (૧) ૨૪૫ x ૬૦ = ૧૪૭૦૦ અને ૨૪૫ x ૫ = ૧૨૨૫ એટલે ૧૪૭૦૦ + ૧૨૨૫ = ૧૫૯૨૫ આવી લંબાણની રીત બે, ત્રણ, ચાર આંકડાના ગુણાકારમાં અગવડ ભરેલી છે માટે નકામા આંકડા કાઢી નાંખી ગુણાકાર કરવાથી સવડ પડશે.

(૨)		(૩)	
	૨૪૫		૨૪૫
	x૬૫		x૬૫
	૧૨૨૫		૧૨૨૫
	૧૪૭૦૦		૧૪૭૦x
	૧૫૯૨૫		૧૫૯૨૫

છેલ્લી રીત વ્યવહારમાં કામ લાગે છે, કારણ કે નકામા આંકડા મુકવામાં આવતા નથી. ગુણકમાંના દશકના આંકડાએ ગુણતાં ગુણાકાર તેટલા દશક આવશે એ બતાવવાને માટે એક-

મનો એક આંકડો કાપી નાંખ્યો છે. તેવીજ રીતે શતકના આંકડાએ ગુણતાં તેટલા શતક આવશે, માટે બે આંકડા કાપવા પડશે, હજારના આંકડાએ ગુણતાં ત્રણ આંકડા કાપી નાંખવા પડશે. કારણ કે તેટલા હજાર આવશે. માટે રીતમાં જેટલાં મીડાં આવે તે કાઢી નાખવાની પદ્ધતિ છે અને એ વહિવટથી રીત ટુંકી થઇ જાય છે માટે તેનો ઉપયોગ સુલભ રીતે કરાવવો.

દાખલો (૧)

```
   ૨૪૩૫
   ×૩૪૫
  ------
  ૧૨૧૭૫
  ૯૭૪૦
 ૭૩૦૫
 -------
 ૮૪૦૦૭૫
```

(૨)

```
   ૨૦૩૬૮
    ×૫૦૫
  -------
  ૧૦૧૮૪૦
  ૦૦૦૦૦
૧૦૧૮૪૦
---------
૧૦૨૮૫૮૪૦
```

ઉપરના દાખલામાં ૨૦૩૬૮ ને ગુણકના દશકના સ્થળના ૦ એ ગુણતાં બધા શૂન્ય દશકજ આવે. થોડાઘણા અભ્યાસથી આંકડા કાપતાં આવડ્યા પછી ગુણાકારમાં ‘ મીંડાં ’ મુકવાની જરૂર નથી.

૯ અવયવ પાડીને ગુણાકાર કરવાની રીત.—૧૫ એ ગુણવા હોય તો ૧૫ ના અવયવ = ૫ × ૩ તેમજ ૧૨ ના અવયવ = ૪ × ૩.

દાખલો. ૨૧૫ × ૪૫ ૪૫.ગુણકના અવયવ ૩ × ૩×૫

૨૧૫ × ૩ = ૬૪૫

૬૪૫ × ૩ = ૧૯૩૫

૧૯૩૫ × ૫ = ૯૬૭૫

```
  ૨૧૫
  ×૪૫
 -----
 ૧૦૭૫
 ૮૬૦
 -----
 ૯૬૭૫ ગુણાકાર.
```

આ પ્રમાણે **અવયવ** પાડીને ગુણાકાર કરવાથી સરળતા પડે છે એ બરાબર સમજાવવું. અવયવ સવડ પડે તે પ્રમાણે પડાવવા. દાખલા તરીકે ૧૯૨ના અવયવ ૨૪ × ૮ અથવા ૨ × ૨ × ૨ × ૨ × ૨ × ૨ × ૩.

૧૦. એક સંખ્યાને બીજી સંખ્યાએ ગુણવાથી જે ગુણાકાર આવે તેને ત્રીજી, ચોથી સંખ્યાએ ગુણવાના હોય તેવા ગુણાકારને ક્રમિક ગુણાકાર કહે છે. એવા ગુણાકારનો ઉપયોગ અપૂર્ણાંકમાં કરવામાં આવે છે. દાખલો. ૬૪૫ × ૩૨ × ૪૫ × ૫૦૭.

૬૪૫	૨૦૬૪૦	૯૨૮૮૦૦
× ૩૨	× ૪૫	× ૫૦૭
૧૨૯૦	૧૦૩૨૦	૬૫૦૧૬
૧૯૩૫	૮૨૫૬××	૪૬૪૪૦××
૨૦૬૪૦	૯૨૮૮૦૦	૪૭૦૯૦૧૬૦૦

માટે ૬૪૫ × ૩૨ × ૪૫ × ૫૦૭ = ૪૭૦૯૦૧૬૦૦ જવાબ.

મનોયત્ન ૪. अ.

નીચેના ૨૪ દાખલાઓમાં આપેલા ગુણાકાર કરો.

(૧) ૨૪૬×૪. (૨) ૩૫૭×૬. (૩) ૪૫૮×૮.
(૪) ૭૨૩૫×૯. (૫) ૭૦૩૪×૯. (૬) ૭૦૦૮×૯.
(૭) ૬૮૨૮×૧૦. (૮) ૭૫૬૮×૧૨. (૯) ૮૦૬૫×૧૫.
(૧૦) ૮૪૩૨×૧૩. (૧૧) ૯૦૩૫×૨૫. (૧૨) ૮૦૫૭×૩૦.
(૧૩) ૨૪૦૫૬×૩૫. (૧૪) ૬૧૦૩૫×૪૦. (૧૫) ૬૫૦૦૭×૪૫.
(૧૬) ૩૫૦૩૫×૩૫૦. (૧૭) ૪૫૦૦૫×૩૫૫ (૧૮) ૫૬૦૩૪×૩૬૦.
૫૩૦૭૩×૪૫૮. (૨૦) ૬૧૫૨૭×૫૭૦. (૨૧) ૬૫૦૦૩×૮૪૨.
(૨૨) ૨૭૫×૧૦૦. (૨૩) ૩૫૮×૨૦૦. (૨૪) ૫૬૮૫×૫૦૦.

નીચેના દાખલાના અવયવ પાડીને ગુણાકાર કરો.

(૨૫) ૨૪૬×૧૫. (૨૬) ૫૮૫×૨૦. (૨૭) ૨૦૩૫×૨૫.
(૨૮) ૩૪૫૨×૬૨. (૨૯) ૫૭૨૫×૬૮. (૩૦) ૬૦૩૪×૮૧.
(૩૧) ૪૫×૩૫×૪૬. (૩૨) ૬૪×૪૮×૫૬. (૩૩) ૫૦×૬૦×૭૦.
(૩૪) ૫૬×૨૫×૨૫. (૩૫) ૮૦×૫૦×૫૦.

(૩૬) એક ટોપલીમાં ૫૪૫ કેરીઓ છે તેવી ૬ ટોપલીની કેટલી કેરીઓ થાય ?

(૩૭) એક આનાના ૪ પૈસા તો ૨૪૬ આનાના કેટલા પૈસા થાય ?

(૩૮) એક આનાની ૧૨ પાઈ તો ૨૪૬ આનાની પાઇઓ કેટલી ?

(૩૯) ૧ ધોતીઆની કીંમત રૂ. ૧–૨–૦ પડે તો ૨૪૫૬ ધોતીઆંનું શું પડશે ?

(૪૦) એક માણસની ઉમ્મર ૨૫ વરસની છે તેનો બાપ તેના કરતાં ૩ ગણો મોટો છે તો બાપની ઉમ્મર કેટલી ?

(૪૧) એક કોથળીમાં રૂ. ૨૫૩૪૫ છે તેમાંથી ૪ લેણદારને રૂપીઆ આપ્યા. દરેકને રૂ. ૨૦૫૬ આપ્યા તો બાકી કેટલા રૂપિઆ રહ્યા ?

(૪૨) એક મહિનાના ૩૦ દિવસ તો ૨૦૪૬ મહિનાના કેટલા દિવસ ?

(૪૩) એક વરસના ૩૬૦ દિવસ તો ૩૧૫૬ વરસના કેટલા દિવસ ?

(૪૪) એક હારમાં ૩૪૫૦ માણસ હોય તો તેવી ૧૫૦ હારમાં કેટલા માણસ થાય ?

મનોયત્ન ૪ બ.

નીચેના ૧૬ દાખલાઓમાં આપેલા ગુણાકાર કરો.

(૧) ૫૩૫૬૦ × ૨૪૦. (૨) ૬૦૦૬૩ × ૩૫૦.

(૩) ૨૪૫૬૮ × ૩૨૦૦. (૪) ૨૫૬૭૮ × ૩૫૦૦.

(૫) ૨૦૭૬૮ × ૫૦૫. (૬) ૨૦૦૦૮ × ૪૬૮.

(૭) ૨૨૩૦૫ × ૬૭૮. (૮) ૫૬૭૮૫ × ૭૮૯.

(૯) ૯૩૪૫૮ × ૫૬૫. (૧૦) ૯૦૦૩૫ × ૮૪૫.

(૧૧) ૨૪૫૬૮ × ૫૦૯. (૧૨) ૬૪૫૩૫ × ૬૪૫.

(૧૩) ૪૫૦૫૮ × ૭૪૧. (૧૪) ૫૦૦૩૮ × ૭૪૮.

(૧૫) ૭૦૦૦૯ × ૮૦૫. (૧૬) ૮૧૦૦૪૫ × ૯૦૮.

(૧૭) એક વાડીમાં ૩૫ આંબા છે, દરેક આંબા ઉપર ૨૪૫૭ કેરીઓ છે તો બધી મળી કેટલી કેરીઓ હશે ?

(૧૮) મારી પાસે એક માણસ રૂ. ૨૪૩૬ માગે છે, બીજો તેથી બમણા રૂપિઆ માગે છે અને ત્રીજો બીજા કરતાં બમણા રૂપિઆ માગે છે તો મારે દેવું કેટલું ?

(૧૯) એક ચોપડીમાં ૨૫૦ પાનાં છે, દરેક પાનામાં ૨૮ લીટીઓ છે અને દરેક લીટીમાં ૧૦ શબ્દો છે, તો તે ચોપડીમાં કેટલા શબ્દો હશે ?

(૨૦) એક શહેરને ૧૨ દરવાજા છે, દરેક દરવાજે દરરોજ રૂ. ૨૪૦ હાંસલ આવે છે તો દરરોજનું હાંસલ કેટલું ? અને ૩૦ દિવસમાં કેટલું થશે ?

(૨૧) એક માણસ દર વરસે રૂ. ૨૪૦૩૫ કમાય છે તેમાંથી ૮૦૪૫ ખરચે છે તો વરસમાં કેટલા બચાવશે ? અને ૪૦ વરસમાં એ પ્રમાણે શું બચાવશે ?

(૨૨) એક ગામમાં ૨૦૪૫ છોકરાં છે, તેનાથી બમણી સ્ત્રીઓ છે, સ્ત્રીઓથી બમણા પુરૂષો છે તો તે ગામની વસ્તી કેટલી ?

(૨૩) એક ગામમાં ૨૪૫ બ્રાહ્મણ છે, બ્રાહ્મણથી બમણા વાણીઆ, વાણીઆથી બમણી બીજી બધી વસ્તી છે તો તે ગામની કુલ વસ્તી કેટલી ?

(૨૪) એક માણસની પાસે ૩૫ વખારો છે, તે દરેકમાં ૨૦૫૭ કેરીઓ છે, તે દરેકમાંથી ૪૮૦ બગડી ગઇ તો કેટલી કેરીઓ સારી રહી ?

(૨૫) એક ગામમાં ૫૮ પોળો છે, દરેક પોળમાં બે ખાંચા છે, દરેક ખાંચામાં ૨૬૦ ઘર છે અને દરેક ઘરમાં ૬ માણસો છે, તો તે ગામની વસ્તી કેટલી ?

પ્રકરણ ૫ મું.

ભાગાકાર.

૧. ૨ કેટલી વાર લઇએ તો ૬, ૮, ૧૦, ૧૨ થાય ત્યારે ૬, ૮, ૧૦, ૧૨ દરેકમાં બબે કેટલી વાર સમાયલા છે? ૬, ૮, ૧૦. ૧૨ દરેક સંખ્યામાંથી બબે કેટલી વાર કાઢી શકાય? એટલી મોટી રકમમાંથી નાની રકમ જેટલી રકમો કેટલી વાર કાઢી શકાય છે? એ ઉપરથી એમ સમજાવવું કે જેમ ગુણાકાર એ સરવાળાની ટુંકી રીત છે, તેવીજ રીતે ભાગાકાર બાદબાકી કરવાની ટુંકી રીત છે. તેમજ ભાગાકારનો ગુણાકાર સાથે પણ સંબંધ છે અને તે ભાગાકાર એ ગુણાકારથી ઉલટી રીત છે. ÷ આ ભાગાકારનું ચિન્હ છે. જે બે સંખ્યા વચ્ચે તે મુકેલું હોય છે તેમાંની પહેલીને બીજીએ ભાગવાની છે.

ગુણાકાર.	ભાગાકાર.
૯ × ૫ = ૪૫.	૪૫ ÷ ૯ = ૫ અને ૪૫ ÷ ૫ = ૯.
૮ × ૬ = ૪૮.	૪૮ ÷ ૮ = ૬ અને ૪૮ ÷ ૬ = ૮.
૧૦ × ૬ = ૬૦.	૬૦÷૧૦ = ૬ અને ૬૦ ÷ ૬ = ૧૦.

આ પ્રમાણે બન્નેની સરખામણી કરી બતાવવું કે ગુણાકાર એ ભાગાકારની ઉલટી રીત છે, અને ભાગાકાર એ ગુણાકારની ઉલટી રીત છે.

૨. ૪૨ માંથી ૬ કેટલીવાર લેવાય?
૪૮ માંથી ૬ કેટલીવાર લેવાય?
૫૪ માંથી ૬ કેટલીવાર લેવાય?

આ ઉપરથી ભાગાકારની વ્યાખ્યા સમજાવવી. એક આપેલી સંખ્યામાં બીજી આપેલી સંખ્યા કેટલી વાર રહેલી છે, અથવા મોટી સંખ્યામાંથી નાની સંખ્યા જેવડા કેટલા ભાગ થઇ શકે છે, તેને તથા તે રીતને **ભાગાકાર** કહે છે.

૩. ૧૨ માં ૩ કેટલી વાર સમાયલા છે?

```
 ૧૨
 ૩...૧
 ---
 ૯
 ૩...૨
 ---
 ૬
 ૩...૩
 ---
 ૩
 ૩...૪
 ---
 ૦
```

આ ઉપરથી એમ અનુમાન થાય છે કે ૧૨ માં ૩ એ ૪ વાર સમાયલા છે માટે ૧૨ ને ૩ એ ભાગતાં ૪ ભાગાકાર આવે અથવા ૪ એ ભાગતાં ૩ ભાગાકાર આવે. વારંવાર બાદ કરવાની અગવડ દૂર કરવાને માટે ભાગાકારની રીતનો ઉપયોગ કરવામાં આવે છે તે બરાબર કાળા પાટીઆની મદદથી ઘણા દાખલા આપી સમજાવવું.

ટીપ—રીત શીખવવામાં વધારે વખત લાગે તે વ્યર્થ ગયેલો સમજવો નહીં કારણ કે હિસાબની રીત તેટલીજ વધારે સુગમ થશે.

૩. દા. ૨૪ ÷ ૫.

હવે ૨૪ માંથી ૫ જેવડા ૪ આખા ભાગ લઇ શકાય છે, અને છેવટે ૪ વધે છે. આમાં ૨૪ મોટી રકમ અને ૫ નાની રકમ આપેલી છે. એટલે ૨૪ ને ૫ એ ભાગતાં ૪ ભાગાકાર નીકળે છે અને ૪ શેષ વધે છે. આ ઉપરથી ૨૪÷૫ તે ૨૦÷૫+૪÷૫ ની બરોબર છે. તેથી ૪ ભાગાકાર અને ૪ શેષ આવ્યા. એટલું યાદ રાખવું કે શેષ જે રકમે ભાગવાના છે તેના કરતાં ઓછી રકમજ હોવી જોઇએ.

૪. લખોટાયંત્રથી બતાવવું કે ૨૮ ના ૪ ભાગ કરીએ તો દરેક ૭ નો થાય. હવે ૨૮ ના બે ભાગ ૨૦+૮ કર્યા અને તે દરેકના ૪ ભાગ કરી તેનો સરવાળો લીધો, તો ૨૦ નો ૪ થો ભાગ ૫ થયો અને ૮ નો ૪ થો ભાગ ૨ થયા, એટલે

૨૮ ÷ ૪ = ૨૦ ÷ ૪ + ૮ ÷ ૪
= ૫ + ૨ એટલે ૫+૨=૭.

હવે ૪૯ ના બે ભાગ ૩૬ + ૧૩ કરીને તે દરેકને ૬ એ ભાગવાથી અને ભ.ગાકારનો સરવાળો કરવાથી ૬ + ૨ = ૮ ભાઆકાર આવશે અને ૧ શેષ વધશે.

આ ઉપરથી સમજાય છે કે:—

ભાગાકાર કરવામાં બે સંખ્યાની જરૂર પડે છે, એક તો જે રકમને ભાગવાના હોય તે, અને બીજી જેવડા જેવડા ભાગ કરવાના હોય તે. જે રકમના ભાગ કરવાના હોય તેને **ભાજ્ય** કહે છે, અને જેવડા જેવડા ભાગ કરવાના હોય તેને **ભાજક** કહે છે. ભાજ્યને ભાજકથી ભાગતાં જે કંઈ બાકી રહે છે તેને **શેષ** કહે છે. અને જેટલા ભાગ નીકળે છે તેને **ભાગાકાર** કહે છે.

દા. ૨૩૬ ÷ ૮.

આમાં ૨૩૬ ભાજ્ય કહેવાય અને ૮ એ ભાજક કહેવાય. હવે ૨૩૬ ના ભાગ પાડીએ ૯૬ + ૯૬ + ૪૪ એ દરેકને ૮ એ ભાગતાં ૧૨ + ૧૨ + ૫ ભાગાકાર આવે અને ૪ શેષ વધે. માટે ભાગાકાર ૨૯ અને શેષ ૪.

```
ભાજક. ભાજ્ય.
  ૮) ૨૩૬ (૨૯ભાગાકાર.
     ૧૬
     ---
      ૭૬
      ૭૨
      ---
       ૪  શેષ.
```

આમાં ૨૩ દશકમાંથી ૮ એ ૨ દશક વખત બાદ જાય છે, માટે ૨ ને ભાગાકારમાં દશકના સ્થાનમાં મૂકી ૨ × ૮ = ૧૬ દશક એ ૨૩ દશકમાંથી બાદ કરતાં ૭ દશક બાકી રહ્યા તેના ૭૦ એકમ થયા અને રકમમાં ૬ એકમ છે તે મળી ૭૬ એકમ થયા તેમાંથી ૮ નવ એકમ વખત (૮ × ૯ = ૭૨) બાદ જાય, માટે ૯ ને ભાગાકારમાં એકમને સ્થાને મુકીએ તો છેવટે ૪ શેષ વધે છે. એટલે ભાગાકાર ૨૯ આવ્યો અને શેષ ૪ વધ્યા.

૫. જેમ એકજ વસ્તુની કિંમત આપી હોય તો તે ઉપરથી આપણે ઘણી વસ્તુઓની કિંમત ગુણાકારથી શોધી કાઢીએ છીએ, તેવીજ રીતે ઘણી વસ્તુઓની કિંમત આપી હોય તો ભાગાકારથી (ગુણાકારથી ઉલટી રીતે) એક વસ્તુની કિંમત શોધી કાઢીએ છીએ. જેમ ૧ ચોપડીની કિંમત ૬ આના પડે તો ૮

ચોપડીઓનું શું પડશે? જવાબ ૪૮ આના. તેવીજ રીતે ૮ ચોપડીઓની કિંમત ૪૮ આના પડે તો ૧ ચોપડીનું શું પડશે? જવાબ ૬ આના. આ પ્રમાણે ધોતીઆં, કેરીઓ, કેળાં વગેરેના દાખલા આપી શિક્ષકે ભાગાકારનો ઉપયોગ શિખવવો.

૬. ભાગાકારના દાખલા નીચે પ્રમાણે પુછવા.

૨૮ ને ૨ એ ભાગો. ૨૮ માં ૨ કેટલી વાર સમાયલા છે? ૨૮ માંથી બબે કેટલી વાર બાદ કરી શકાય? રૂ. ૨૮ માંથી બબે રૂપિયાની કેટલી થોકડી થાય? ૨૮ માં બબેના કેટલા ભાગ છે વગેરે.

આ પ્રમાણે વસ્તુની કિંમત લઇ આંકના ઉપયોગથી ભાગાકાર શા કામમાં આવે છે તે બરાબર સમજાવવું.

મનોયત્ન ૫ અ.

(૧) ૧૨૮÷૨. (૨) ૧૩૨÷૩. (૩) ૧૪૮÷૪.
(૪) ૧૫૫÷૫. (૫) ૧૬૫÷૫. (૬) ૧૯૬÷૭.
(૭) ૧૩૪૫÷૫. (૮) ૧૩૭૨÷૭. (૯) ૧૫૬૮÷૮.
(૧૦) ૨૨૦૫÷૯. (૧૧) ૧૭૬૪૦÷૮. (૧૨) ૧૯૩૬૮÷૮.
(૧૩) ૨૯૨૫૯÷૯. (૧૪) ૫૪૬૮૦÷૧૦. (૧૫) ૩૫૦૬૦÷૧૦.
(૧૬) ૨૬૬૨÷૧૧. (૧૭) ૨૯૪૦÷૧૨. (૧૮) ૮૦૪૦÷૩૦.
(૧૯) ૮૬૪૫÷૩૫. (૨૦) ૧૨૫૨૦÷૪૦. (૨૧) ૪૯૯૫÷૪૫.
(૨૨) ૧૪૪૯૬÷૪૮. (૨૩) ૨૫૨૯૬÷૫૧. (૨૪) ૬૨૮૮૫÷૬૦.

(૨૫) એક ગામમાં ૯૬૮ માણસની વસ્તી છે, દરેક ઘરમાં ૪ માણસ છે તો તે ગામમાં ઘર કેટલાં?

(૨૬) મારી પાસે ૧૫૬૮ રૂપિયા છે તે આઠ જણ વચ્ચે સરખે ભાગે વહેંચી આપો?

(૨૭) ૨૮૪૫ માંથી પાંચ કેટલી વખત બાદ જાય?

(૨૮) ૧ રૂપિયાનાં ૬૨ કેળાં મળે છે તો ૮૩૭૦ કેળાંના કેટલા રૂપિઆ આપવા?

(૨૯) એક ટોપલીમાં ૩૨ લાડુ માય છે તો ૬૫૨૮ લાડુ ભરવાને કેટલી ટોપલીયો જોઇયે ?

(૩૦) એક માણસ પાસે ૧૩૨ કોથળીઓ છે. દરેક કોથળીમાં ૨૨૫ રૂપિઆ હતા. તે બધા રૂપિઆ ૧૨ માણસને સરખે ભાગે વહેંચી આપ્યા તો દરેક માણસને કેટલા રૂપિઆ આવશે ?

(૩૧) એક પૈસાનાં ત્રણ કેળાં મળે છે અને ૨ પાઇનાં ૧૨ જાંબુ મળે છે. તો ૬૦ જાંબુ બદલવાથી કેટલાં કેળાં મળશે ?

(૩૨) એક માણસ ૧ કલાકમાં ત્રણ ગાઉ ચાલે છે તો ૩૩૬ ગાઉ ચાલવાને કેટલા કલાક જોઇએ ?

(૩૩) એક માણસ ૪૫ વરસમાં ૨૪૩૦૦ રૂપિઆ કમાયો અને જો તે દરેક વરસમાં સરખા રૂપિઆ કમાતો હોય તો દર વરસે કેટલા રૂપિયા કમાયો ?

(૩૪) મુંબઇથી અમદાવાદની ટીકીટ ૩ રૂપિઆ બેસે છે તો ૭૨૯૯ રૂપિઆમાં કેટલી ટીકીટો આવશે ?

(૩૫) ૪૫ વખારમાં ૧૧૩૮૫ કેરીઓ છે, હવે દરેક વખારમાં સરખી કેરીઓ હોય તો દરેક વખારમાં કેટલી કેરીઓ હશે ?

અવયવ પાડીને ભાગાકાર કરવાની રીત.

૧. ગુણાકાર કરતી વખતે જેમ આપણે ગુણકના અવયવ પાડીને ગુણાકાર કરતા હતા (જેમકે ૨૫ × ૬ = ૧૫૦ એટલે ૬ ના બે અવયવ ૩ × ૨, હવે ૨૫ × ૩ = ૭૫ અને ૭૫ × ૨ = ૧૫૦) તેજ પ્રમાણે ભાગાકારમાં ભાજકના અવયવ શોધી કાઢવા. દાખલા તરિકે ૧૫૦ ÷ ૬ = ૨૫ આમાં ૬ ના અવયવ ૩ × ૨; માટે પ્રથમ ૧૫૦ ને ૩ એ ભાગતાં ૫૦ આવ્યા અને ૫૦ ને ૨ એ ભાગતાં ૨૫ આવ્યા. **ભાગાકાર કરતી વખતે હમેશાં મોટા અવયવથી પ્રથમ ભાગાકાર કરાવવો, જેથી જવાબ નાના આંકડામાં આવશે.**

૨. ઉપરની રીત જે ભાગાકારમાં શેષ વધતી ન હોય ત્યાં અગવડ ઉત્પન્ન કરતી નથી. પણ જ્યાં શેષ વધતી હોય ત્યાં આગળ વધારે કાળજી રાખવી પડે છે, અને ગોઠવણ કરવાને માટે વધારે મહાવરાની જરૂર છે.

દાખલો. ૩૪૫૩૮ ÷ ૪૫ અવયવ પાડીને કરો.

૪૫ = ૯ × ૫.

```
૯) ૨૪૫૩૮
   ―――――
૫) ૨૭૨૬    નવનાં ઝુમખાં અને ૪ એકમ વધ્યા.
   ――――
   ૫૪૫    ૪૫ નાં ઝુમખાં અને ૧ નવનો શેષ વધ્યો.
```

માટે ૧ નવનો શેષ = ૧ × ૯ = ૯ એકમ.

અને પ્રથમના = ૪ ,,

૧૩ એકમ

માટે ૫૪૫ ભાગાકાર અને ૧૩ શેષ.

આવા ઘણા દાખલા લઇને શેષ કાઢતાં શિખવવું.

૩. ભાજકમાં બે કરતાં વધારે આંકડા હોય તેવા દાખલામાં પ્રથમ ભાગ કેટલાએ ચાલશે એ અજમાયસ અને મહાવરાથી શોધવા સિવાય કંઇ નવું શીખવાનું નથી. જેમકે:—

૨૧૩૩૮ ÷ ૫૩૫.

```
૫૩૫) ૨૧૩૩૮ (૩૯
     ૧૬૦૫
     ――――
     ૫૨૮૮
     ૪૮૧૫
     ――――
      ૪૭૩
```

આ દાખલામાં ભાજ્યમાં ૨૧૩ છે અને ભાજક ૫૩૫ છે તે વધારે છે, માટે ભાજ્યના ચાર આંકડા લીધા, તેમાં ૫૩૫ કેટલી વખત જાય છે તે જોવામાં ભાજકના બે આંકડાવડે અનુમાન કરવું કે ૨૧૩ માં ૫૩ કેટલી વાર સમાયલા છે, તે ઉપરથી ૪ ભાગ કાઢવો, પણ સાથે સાથે વિચાર કરવો કે ભાજક ૫૩૫ છે પણ ભાજકના એકમને ૪એ ગુણવાથી બે વદી અથવા વધ્યા નીકળશે માટે ૪ એ ભાગ નહીં ચાલે

પણ ૩ એ ભાગ ચાલશે. ઘણા દાખલા આપી આવી સમજણ પાડવી.

૪. હવે કોઇ પણ સંખ્યાને ૧૦ વડે ભાગવા હોય તો તે આંકડાનો છેલ્લો અંક કાપી નાંખવો અને બાકી જે સંખ્યા રહી તે ભાગાકાર સમજવો. તથા કાપી નાંખેલો અંક શેષ સમજવી.

૪૫૬૪૮ ÷ ૧૦ = ૪૫૬૪ ભાગાકાર અને ૮ શેષ.

૧૦૦ એ ભાગવા હોય તો ૪૫૬ ભાગાકાર અને ૪૮ શેષ.

૧૦૦૦ એ ભાગવા હોય તો ૪૫ ભાગાકાર અને ૬૪૮ શેષ; વગેરે.

૨૫ થી ભાગવા હોય તો ૪ એ ગુણી ૧૦૦ એ ભાગવા.

૧૨૫ થી ભાગવા હોય તો ૮ એ ગુણી ૧૦૦૦ એ ભાગવા.

૫. બે સંખ્યાનો ગુણાકાર આપ્યો હોય અને તેમાંની એક સંખ્યા (ગુણ્ય અથવા ગુણક) આપી હોય તો ગુણાકારને આપેલી સંખ્યાએ ભાગવાથી બીજી સંખ્યા નીકળશે. બે સંખ્યાનો ગુણાકાર ૩૦ છે અને તેમાંની એક ૫ છે તો બીજી સંખ્યા કેટલી? ૩૦÷૫=૬ માટે બીજી સંખ્યા ૬ છે.

દાખલો. બે સંખ્યાનો ગુણાકાર ૧૩૬૨૫ છે અને તેમાંની એક સંખ્યા ૧૨૫ છે તો બીજી સંખ્યા કેટલી?

(૧)
```
          ૧૩૬૨૫
            ×૮
        ---------
૧૦૦૦) ૧૦૯૦૦૦
        ---------
         ૧૦૯.
```

(૨)
```
૧૨૫) ૧૩૬૨૫ (૧૦૯
      ૧૨૫
      -----
       ૧૧૨૫
       ૧૧૨૫
       -----
       ૦૦૦૦
```

આ બન્ને રીતો સમજાવવાથી ૧૨૫ એ ભાગતાં કઇ સ્હેલી છે તે સમજાશે.

મનોયત્ન ૫. બ

નીચેના ભાગાકાર અવયવો પાડીને કરો.

(૧) ૭૮૧૦૪ ÷ ૨૬. (૨) ૧૩૦૬૬ ÷ ૬૫.
(૩) ૧૧૭૯૬ ÷ ૮૭. (૪) ૪૫૯૦૦ ÷ ૭૫.
(૫) ૬૦૮૨૨ ÷ ૭૬. (૬) ૩૨૨૧૬ ÷ ૪૬.
(૭) ૯૧૦૩૭ ÷ ૯૩. (૮) ૪૫૩૭૨૦ ÷ ૬૮.
(૯) ૬૦૭૮૩ ÷ ૯૪. (૧૦) ૫૮૦૫૨ ÷ ૮૬.

(૧૧) ૯૦૮૭૬ સંખ્યામાં ૩૧૫ આખા કેટલીવાર સમાયલા છે?

(૧૨) ૫૦૮ ને કેટલાએ ગુણવાથી ગુણાકાર ૩૬૦૧૭૨ આવે?

(૧૩) ૮૦૭ ચોપડીઓમાં ૯૬૦૩૩ શબ્દો છે. જો દરેક ચોપડીમાં સરખા શબ્દો હોય તો એક ચોપડીમાં કેટલા શબ્દો થાય?

(૧૪) રૂ. ૧૧૨ માં ૨૬૨૦૮ પેનો મળે તો એક રૂપિઆની કેટલી મળે?

(૧૫) ૨૦૧૪૧ ને ૨૦૭ એ ભાગવાથી શેષ કેટલા રહે?

(૧૬) દરેક પેટીમાં ૩૦૬ કેરીઓ ભરીએ તો ૨૯૩૭૬ કેરીઓ ભરવાને કેટલી પેટીઓ જોઇએ?

(૧૭) પીસતાળીસ હજાર અને પાંચને ત્રણસો પીસતાળીસે ભાગો.

(૧૮) ગુણક ૪૫ છે અને ગુણાકાર ૧૨૦૬૦ છે તો ગુણ્ય કેટલો?

(૧૯) ૮૫૨૩×૪૮૩ જે ગુણાકાર આવે તેને ૧૬૧ એ ભાગો.

(૨૦) ૩૭૩૫૦ ને ૧૨૫ વડે ભાગો.

(૨૧) ૪૪૩૫૭ ને ૧૫૦૦ વડે ભાગો.

(૨૨) એક આગગાડીમાં ૨૨૭૫ માણસો છે અને દરેક ડબ્બામાં ૩૫ માણસો છે તો તે ગાડીને ડબ્બા કેટલા?

(૨૩) એક માણસને ૩૧૦ માઇલ ચાલવું છે, તે દરરોજ ૧૦ ચાલે તો કેટલા દિવસમાં ચાલી રહેશે?

(૨૪) ભાજ્ય ૪૫૪૬૬ ને ભાગાકાર ૩૫૮ છે તો ભાજક કેટલો હશે ?
(૨૫) મારી પાસે ૫૪૪૦૫ કાગળ છે, તેમાંથી ૩૫૧ કાગળની એક એવી કેટલી ચોપડીઓ બંધાશે ?

પ્રકરણ ૬ ઠું.

પરચુરણ દાખલા.

(૧) તેરલાખ બ્યાસી હજાર પાંચસે ને સાત લખો.
(૨) ૫૪૪૭ અને ૧૦૪૫ એ બે રકમનો સરવાળો કરો અને બાદબાકી કરો અને તે સરવાળા અને બાદબાકીની બાદબાકી કરો.
(૩) ૬૦૦૮૦૭ એમાંથી ૨૫૦૮૬ બાદ કરો.
(૪) ૪૩૦૭૭×૮૩૦૬.
(૫) ૧૧×૭×૮×૯ જે ગુણાકાર આવે તેને ૩×૪×૬ ના ગુણાકારે ભાગો.

---

(૬) ઓગણસાઠ, સાત હજાર પાંચસે ને નવ, એકાશી હજાર ને સાત, એકસો ને બેનો સરવાળો કરો.
(૭) ૨૪૭×૩૪૩×૫૫૦ નો ક્રમિક ગુણાકાર કરો.
(૮) ૮૫૨૩ અને ૫૬૩૯ ના સરવાળાને ૮૫૨૩ અને ૫૬૩૯ ની બાદબાકીએ ગુણો.
(૯) ભાગાકાર ૩૫ છે, ભાજક ૧૦૧ છે અને શેષ ૩૬ છે તો ભાજ્ય કેટલો ?
(૧૦) ૧૩૫૦૯૦ નો પંદરમો ભાગ કેટલો થાય ?

(૧૧) બ્યાસી કરોડ અડતાળીસ લાખ પાંચ હજાર નવસોને સત્તર એ સંખ્યા આંકડામાં લખો અને ૮૫૦૩૪૫ શબ્દોમાં લખો.

(૧૨) ૪૫૩૪૫, ૫૨૮૮૧, ૩૪૫૩૪૫, અને ૫૦૦૪૫ નો સરવાળો કરો.

(૧૩) એક ખેડુત ૯૮૪ સો મણ ઘાસ વેચે છે, એક સો મણ ઘાસની કિંમત રૂ. ૧૮ ઉપજે છે, જે ઉપજ્યું તેમાંથી રૂ. ૧૨૩૦ ની ગાયો ખરીદે છે અને બાકી રહેલા રૂપિઆના ૮૨ ઘોડા ખરીદે છે તો એક ઘોડાની કિંમત કેટલી?

(૧૪) એક માણસની પાસે રૂ. ૨૧૬૮૦ છે તેમાંથી રૂ. ૫૬૬૦ એક માણસને ધીરે છે, બાકીના રૂપિયામાંથી ૧૭૮ બળદ ખરીદે છે, તો દરેક બળદનું શું પડશે?

(૧૫) ૩૬ હાથ અંતરે એવી રીતે ૧૯૧ ઝાડ રોપ્યાં છે તો પહેલા અને છેલ્લા ઝાડ વચ્ચે શું અંતર હશે?

---

(૧૬) પાંચ હજાર ચારસેં ને ત્રીશ, આઠ હજાર અને અગીઆર, બત્રીસેં ને પાંચ, ચોવીસ હજાર અને નવ એ રકમોનો સરવાળો કરો.

(૧૭) ૩૯૫ પુરૂષ, ૩૯૨૦ સ્ત્રીઓ અને ૯૮૦ છોકરાંની ૧૫ સરખી હારો કરીએ તો દરેક હારમાં કેટલાં માણસ થશે?

(૧૮) એક ઘરની કીંમત રૂ. ૫૮૬, એવા ૨૩ ઘર વેચવાથી જેટલા રૂપિઆ ઉપજે તેમાંથી એક માણસ ૨૯૩ વીઘાં જમીન ખરીદ કરી શકે છે તો એક વીઘાની શી કીંમત?

(૧૯) ૮૪ ઘોડાની કીંમત રૂ. ૧૩૪૪ પડે તો એ ભાવે ૨૧ ઘોડાનું શું પડશે?

(૨૦) એક આગગાડી ૧૬૨ કલાકમાં ૪૩૭૪ માઇલ ચાલે તો તે ૧૮૩ કલાકમાં કેટલા માઇલ ચાલશે?

---

(૨૧) એક લશ્કરમાં ૧૦૨૧૮ સિપાઇ છે, તેમાંથી ૩૯૦ માણસ મરી ગયાં બાકીના માણસોની ૧૩ સરખી ટુકડીઓ પાડીએ તો દરેક ટુકડીમાં કેટલાં માણસ હશે?

(૨૨) બે થાંભલા વચ્ચે ૬૦ હાથનું છેટું છે, એવા ૫૪૦ થાંભલા વચ્ચે કેટલું અંતર પડશે?

(૨૩) એક ગાડી એક દિવસમાં ૩૨૮ માઇલ ચાલે તો ૧ અઠવાડીઆમાં કેટલા માઇલ ચાલશે? (૧ અઠવાડીઉં=૭દિવસ)

(૨૪) એક ચોપડીમાં ૩૫૬ પાનાં છે, દરેક પાનામાં ૨૮ લીટીઓ છે અને દરેક લીટીમાં ૩૦ અક્ષર છે તો તે ચોપડીમાં કેટલા અક્ષર હશે?

(૨૫) એક પેટીમાં ૨૪૦ કેરીઓ છે તો ૧૯ પેટીઓમાં કેટલી કેરીઓ હશે?

---

(૨૬) કોઇ રકમમાંથી ૨૪૩૫૭ બાદ કરતાં ૩૫૯૫ રહે છે તો તે રકમ કયી?

(૨૭) કોઇ રકમને ૧૫ એ ભાગતાં ભાગાકાર ૩૨ આવે છે અને શેષ ૧૧ રહે છે તો તે રકમ કયી?

(૨૮) નવસેં વીશ હજારને છેતાળીસ ઝાડમાંથી ત્રેવીસ ત્રેવીસ ઝાડની કેટલી હારો થાય?

(૨૯) ૧૫૭ અને ૧૯ ના ? ાકારમાં તેજ રકમનો સરવાળો અને તેજ રકમની બાદબા ઉમેરો.

(૩૦) ૬૪૩૦૬૭ માંથી ; કેટલી વખત બાદ થઇ શકશે?

---

(૩૧) એક ગાડી અને એક ઘોડો રૂ. ૯૫૦ માટે ખરીદ કર્યા, ઘોડાની કીંમત ગાડી કરતાં ૪ ગણી આપી તો દરેકની શી કીંમત?

(૩૨) ૭૮૪૭૭૮÷૭૨.

(૩૩) ૧૯૪૭૯૧ ઈંટોના ૮૯ સરખા ઢગલા કરીએ તો કેટલી ઈં-ટો વધશે ?

(૩૪) ૨૪૬૮૭૬ ને ૫૬ એ ભાગવાથી શેષ કેટલા વધશે ?

(૩૫) ૯૮૭ ને ૮૬ ગણા કરી પછી ૧૭૨ એ ભાગો.

પ્રકરણ ૭ મું.

કોષ્ટકો.

૧. વિવિધ પરિમાણોના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. (૧) જે પરિમાણો પદાર્થોની કિંમત બતાવવાના કામમાં આવે છે તેમને **અર્થદર્શક પરિમાણો** કહે છે. (૨) જે પરિમાણો પદાર્થોનું વજન બતાવે છે તેમને **ભારદર્શક પરિમાણો** કહે છે. (૩) જે પરિમાણો પદાર્થોની લંબાઇ, પહોળાઇ વગેરે બતાવે છે તેમને **મહુત્ત્વદર્શક પરિમાણો** કહે છે. (૪) જે પરિમાણો વખત બતાવે છે તેમને **કાળદર્શક પરિમાણો** કહે છે.

જુદા જુદા દેશમાં તેમજ એકજ દેશના જુદા જુદા ભાગમાં દરેક જાતનાં જુદાં જુદાં પરિમાણો વપરાય છે. તે દરેકનો સંબંધ જાણવો ઘણો જરૂરનો છે. જે કોઠામાં એકજ દેશના હલકા તેમજ ભારે પરિમાણોનો સંબંધ અથવા જુદા જુદા દેશોના એકજ જાતના પરિમાણોનો સંબંધ બતાવવામાં આવે છે તેને **કોષ્ટક** કહેવાય છે.

---

(૧) અર્થદર્શક પરિમાણો.

ચલણી દેશી નાણાનું કોષ્ટક.

૧॥ પાઇ = ૧ અધેલો.

૩ પાઇ = ૧ પૈસો અથવા પા આનો.

૨ પૈસા = ૧ ઢબુ અથવા અર્ધો આનો.

ઇંગ્લાંડમાં ચાલતાં નાણાનું કોષ્ટક.

૪ ફાર્ધિંગ = ૧ પેની (પે.)

૧૨ પેન્સ = ૧ શિલિંગ (શિ.)

૨૦ શિલિંગ = ૧ પૌંડ (પા.)

૪ પૈસા = ૧ આની (આનો).
૨ આના = ૧ બેઆની.
૨ બે આના અથવા ૪ આના } =૧ પાવલી.
૮ આના = ૧ અર્ધો.
૧૬ આના = ૧ રૂપિઓ.
૧૫ રૂપિઆ = ૧ પૌંડ (ગીની).

સરકારી હિસાબમાં.

૧૨ પાઇ = ૧ આનો.
૧૬ આના = ૧ રૂપિઓ.
૧૨ આના = ૧ શિલિંગ
૧ આના = ૧ પેન્સ.
૧૫ રૂપિઆ = ૧ પૌંડ (ગીની)

વેપારી હિસાબમાં.

૧૬ વિસવાસી = ૧ બદામ.
૧૬ બદામ = ૧ દોકડો.
૬૧ દોકડા = ૧ આનો.
૨૫ દોકડા = ૧ પાવલી.
૧૦૦ દોકડા = ૧ રૂપિઓ.

મુંબઇમાં ચાલતું.

૨ પાઇ = ૧ દુકાની.
૩ પાઈ = ૧ દિડકી (દોઢિયું.)
૪ પાઇ = ૧ ફદિયું.
૫ પાઇ = ૧। ફદિયું.
૪ દિડકી = ૧ આનો.
૨ આના = ૧ ચવલી.
૨ ચવલી = ૧ પાવલી.

બીજા સિક્કાઓ.

૨ શિલિંગ = ૧ ફ્લૉરીન(ફ્લૉ.)
૫ શિલિંગ = ૧ ક્રાઉન (ક્રા.)
૨॥ શિલિંગ = ½ ક્રાઉન.
૨૧ શિલિંગ = ૧ રાણી છાપની ગીની (ગી)
(૧૯) એક મણ ચોખાની કીંમત રૂ. ૪ાા=ાા પડે તો ૪૫ાા મણનું શું?

(૨૦) ૧ તોલા સોનાની કીંમત રૂ. ૨૪ાા=ાા તો ૭૨ા તોલાનું શું?

(૨૧) એક ગજ કપડાની કીંમત રૂ. ૩ા=ા પડે તો ૩૯ાા ગજનું શું?

(૨૨) ૧ મણ મગની કીંમત રૂ. ૨ા≋ા ભાવે મણ ૩૭ાા ૨ાા શેરનું શું?

(૨૩) એક તોલા સોનાની કીંમત રૂ. ૨૩ા≈ પડે તો તો. ૩૨ા ૩ાા વાલ ૦ાા રતિનું શું પડશે?

(૨૪) ૧ ખાંડી ડાંગરની કીંમત રૂ. ૨૧ાા≈ાા પડે તો ખાં. ૩૨ાા ૩ાા પાા શેરનું શું પડશે?

(૨૫) રૂ. ૧ા≈ા ગજ પ્રમાણે ૬૮ા ગજ ૩ તસુનું શું એ ?

પ્રકરણ ૧૮ મું.

આણુપાણુના ભાગાકાર.

(૧) સાદા અને વિવિધ પાંરમાણોના ભાગાકાર કરવામાં જે રીતનો ઉપયોગ કર્યો હતો, તેજ રીતથી આણુપાણુના ભાગાકાર કરી શકાય છે; એટલે ભાજક અને ભાજ્ય માંડીને ભાગાકાર કરવો અને જે શેષ વધે તે ઉતરતા અંકના દશક છે, માટે ઉતરતા અંકમાં લાવવાને સારૂ ૧૦ એ ગુણી એ જાતનો અંક ઉમેરવો. છેવટનો અંક આવે ત્યારે તેની સાથેની પાણો પણ ઉમેરવી અને પાણોથી ભાગ ચાલતો હોય ત્યાંસુધી ભાગ ચલાવવો.

દા. ૧. ૩૨૩।≋ ને ૨૨॥ થી ભાગો.

૨૨॥)૩૨૩।≋(૧૪।=.

૨૨॥ ——— ૯॥ ×૧૦ ——— ૯૫ +૩।≋ ——— ૯૮।≋ —૯૦ ——— ૮।≋ —૫॥= ——— ૨॥।~ ૨॥।~ ——— ૦	આમાં પ્રથમ ૩૨ માંથી ૧ વખત ભાગ ગયો એટલે ૯॥ વધ્યા. તે ઉતરતા અંકના દશક આવ્યા, માટે ઉતરતા અંકમાં લાવવા સારૂ ૧૦ એ ગુણ્યા. ૯॥×૧૦=૯૫ તેમાં ઉતરતા અંકની પાણો સાથે ૩।≋ ઉમેરતાં ૯૮।≋ થયા. હવે ભાગ ૪ એ ચાલ્યો માટે ૨૨॥×૪ એટલે ૯૦ બાદ કર્યા તો ૮।≡ રહ્યા. તે ભાજકની સંખ્યાથી ઓછા છે, પણ તેના પાથી ઓછા નથી માટે ૦। એ ભાગ ચલાવ્યો ૨૨॥×૦।=૫॥=, તે ૮।≡ માંથી બાદ કરતાં ૨॥।~ બાકી રહ્યા. ૨॥।~ એટલે ૪૫ આના તેને ૨૨॥એ ભાગતાં ૦)= આવ્યા. શેષ કંઇ રહેતી નથી,

માટે ૧૪।= જવાબ.

ટીપઃ—આવી જાતના ભાગાકાર કરતી વખતે પા આની આવે ત્યાંસુધી ભાગ ચલાવવો, પછીથી શેષ વધે તે છોડી દેવી.

નોધઃ—ભાજ્ય અને ભાજક જુદા જુદા નામના પરિમાણો હોય તો બન્નેને એકજ નામના પરિમાણોમાં લાવીને ભાગાકાર કરવો.

મનોયત્ન ૧૮ મું.

નીચેના દાખલાના ભાગાકાર કરો.

(૧) રૂ. ૯॥। ÷ ૬. (૨) રૂ. ૨૨૬)= ÷ ૯.

(૩) રૂ. ૨૮॥ ÷ ૧૨. (૪) રૂ. ૨૧૯૪॥ ÷ ૨૮.

(૫) રૂ. ૩૬૩॥ ≋॥ ÷ ૧૪. (૬) રૂ. ૨૨૩। ०। ÷ ૧૬॥.

(૭) રૂ. ૬૮૮)०)= ÷ ૩૫॥=. (૮) રૂ. ૧૫૫। ≈। ÷ ०॥ ≈.

(૯) રૂ. ૨૩००॥। ०॥ ≡। ÷ ૧૮। ~.

(૧૦) મણ ૧૫૫૬ અને ૨॥ શેર ÷ ૩૨।.

(૧૧) મણ ૭૪॥। ૨॥ ÷ મણ ૧। ૨॥.

(૧૨) ખાંડી ૭૭॥। ૧) ૨॥ ÷ ૨। ખાંડી ૩। મણ.

(ભાજ્ય અને ભાજકના મણ કરી ભાગાકાર કરવાથી સરળ પડશે).

(૧૩) મણ ૧૪०॥। ૧। ÷ મ. ૩। ૨॥, (મણના શેર કરીને કરો).

(૧૪) ગજ ૨૧૨॥ ૫॥। તસુ ÷ ગ. ૩૨॥ ૫॥ તસુ. (ગજના તસુ કરીને ભાગવા).

(૧૫) તોલા ૧૬૫॥ ०। ૨॥ ÷ તો. ૪॥ ०। ૩॥.

(૧૬) ખાંડી ૩०૭॥। ૩। ૪॥= ÷ ખાં. ૨૪॥ ૨॥ ૬॥।.

(૧૭) એક મણ બાજરીના રૂ. ૨। ≋। ના ભાવે રૂ. ૨૨૭૭। ~। ०॥ ની કેટલા મણ બાજરી આવશે ?

(૧૮) એક ખાંડી ડાંગરની કીંમત રૂ. ૨૩।= પડે તો રૂ. ૩૬૨।~ માં કેટલી ડાંગર આવશે ?

(૧૯) એક ગજ મખમલની કીં રૂ.૭)≈। પડે તો રૂ.૨૫૩। ≋॥= માં કેટલા ગજ મળશે ?

(૨૦) ૧ કંઠીમાં ૨૨॥ તોલા ૧ વાલ ૧ રતિ સોનું જોઇએ, તો ૬૩૧ તોલા ૫ વાલ ૧ રતિમાં એવી કેટલી કંઠીઓ થાય?

પ્રકરણ ૧૯ મું.

આણપાણના અપૂર્ણાંકનો વધારો.

(૧) આપણા દેશના વેપારીઓ આણપાણની રીત વાપરે છે, કારણ કે આણપાણની રીતે ભાવ તોલ લખવાથી સરવાળા બાદબાકી સરળતાથી તેમજ મોંઢેથી થાય છે; વળી લખવામાં પણ તે રીત સુગમ છે.

(૨) બાદબાકી કરતી વખતે આપણે બે સંખ્યા લઇએ છીએ. તેમાંની મોટી સંખ્યાને **અધિકાંક** અને નાની સંખ્યાને **બાદ્યાંક** કહેવાની રૂઢી છે. પરંતુ **બાદ્યાંક** શબ્દને બદલે **ન્યૂનાંક** શબ્દ **અધિકાંક** શબ્દની સાથે મળતો આવે છે, માટે હવે **બાદ્યાંકને** **બદલે** **ન્યૂનાંક** **શબ્દ** **વાપરીશું.**
રૂ. ૩૨॥≈ તેમાંથી ૧૫॥–॥ બાદ કરો.

અધિકાંક	રૂ. ૩૨॥≈
ન્યૂનાંક	રૂ. ૧૫॥–॥
બાદબાકી	રૂ. ૧૭၊०॥

મનોયત્ન ૧૯ મું.

પરચૂરણ દાખલા.

(૧) ૭ રૂ. ૨ પાવલાં અને ૬ પાઇને આણપાણમાં લખો.

(૨) રૂ. ૨૫॥≈ + રૂ. ૩૨।–। + રૂ. ૪૭၊≈॥ નો સરવાળો કરો.

(૩) પોણાચારસેં અને પોણીચારસેં એ બેમાં કઇ કેટલી મોટી ?

(૪) ૧ રૂ. નું શેર ૧॥≈ ઘી મળે તો રૂ. ૨૭॥ માં કેટલું આવશે ?

(૫) રૂ. ૧૫ાા≈ માં એક પાઘડી આવે તો રૂ. ૪૬૯)≈ાા માં કેટલી આવશે ?

---

(૬) સાડીબત્રીશ પૈસા અને ચૌદ આના એને આણપાણમાં લખો.

(૭) ૩૪૨ાા હજાર અને ૩૪૨ાા દશક એ બેનો સરવાળો અને બાદબાકી કરો.

(૮) ન્યૂનાંક રૂ. ૫૭ાા≈ છે અને બાદબાકી રૂ. ૩૫ા– છે તો અધિકાંકની રકમ શોધી કાઢો.

(૯) એક માણસને દરરોજ શેર ૧ાા= અનાજ જોઇએ તો ૧ વરસમાં કેટલું જોઇએ ? (વરસ = ૩૬૫ા દિવસ).

(૧૦) રૂ. ૪૫૨ાા≈ માંથી શું બાદ કરીએ તો રૂ. ૧૫૭≈ાા બાકી રહે ?

---

(૧૧) ગુણક ૧૫ાા= છે અને ગુણાકાર ૩૯૮ા≈ છે તો ગુણ્ય કેટલા હશે ?

(૧૨) મેં રૂ. ૨૭ાા≈ નું ઘી, રૂ. ૩૨ા≈ નું તેલ અને રૂ. ૪૫ા– ના ઘઊં લીધા, ત્યારે રૂ. ૧૫ા–ા બચ્યા તો મારી પાસે શું હશે ?

(૧૩) ભાગાકાર ૨૫ાા≈, ભાજક ૧૫ા– અને શેષ ૩ા– રહે તો ભાજ્ય કેટલો હશે ?

(૧૪) એક મણના રૂ. ૨ા≈ાા ના ભાવે ખાંડી ૧૭ ૨ા પા≈ બાજરીનું શું બેસે ?

(૧૫) ૧૭ ગ. ૧૨ વાલ અને ૨ રતીને આણપાણમાં લખો ?

---

(૧૬) ૩૨૫૬ પાઇ, ૧૭૬૮ અધેળા અને ૧૫૩૫ રતીને આણુ-પાણુમાં લખો ?

(૧૭) એક ઘરમાં ૮ માણુસ છે, દરેક માણુસને દરરોજ શેર ૨ા= અનાજ જોઇએ તો ૨૨ાા અઠવાડીઆમાં કેટલું જોઇશે? (૧ અ. = ૭ દિ.)

(૧૮) રૂ. ૧ાા= નું મણુ અનાજ મળે તો રૂ. ૫૨ાાા- માં કેટલું આવશે ?

(૧૯) રૂ. ૨૩૨ા=ાા માં શું ઉમેરીએ તો રૂ. ૫૮૫ાા-ા આવે ?

(૨૦) રૂ. ૫૪૫ાા=ાા અને રૂ. ૪૫૧ા- એ બેના સરવાળાને તેમની બાદબાકી એ ગુણો.

પ્રકરણ ૨૦ મું.

ત્રિરાશિના સહેલા દાખલા.

૧. ૧. આનાના ૩ લીંબુ મળે તો ૩ આનાનાં કેટલાં? રૂ. ૧ ની ૨ ટોપીઓ તો રૂ. ૫ ની કેટલી? હવે આપણી પાસે ચાર વસ્તુઓ હોય, અને તેમાંની પેહેલી અને બીજીનો સંબંધ ત્રીજી અને ચોથીના સંબંધ જેવો હોય, ત્યારે ત્રીજી વસ્તુના જ્ઞાનથી ચોથી વસ્તુ શોધી શકાય છે. આ વસ્તુઓને રાશિઓ કહે છે. આ રીતમાં ત્રણ આપેલી રાશિઓના જ્ઞાનથી ચોથી રાશિની કીંમત કાઢવાની છે, તેટલા માટે આ રીતને **ત્રિરાશિની રીત** કહેવાય છે. આ રીતનું સ્વરૂપ બતાવવા આપણે એક સાદું ઉદાહરણ લઇશું.

દા ૧. રૂ. ૩—૬—૦ માં ૧૦૮ કેળાં મળે તો રૂ. ૧૦ નાં કેટલાં મળશે?

આ ઉદાહરણમાં ત્રણ રાશિઓ જ્ઞાત છે. ૧૦૮ કેળાં અને ૩ રૂ. ૬ આ. વચ્ચે જે સંબંધ છે તેજ સંબંધ ૧૦ રૂપિયા અને ૧૦ રૂપિયાથી મળતાં કેળાં સાથે છે, અર્થાત્ ૧૦૮ કેળાં, ૩ રૂ ૬ આ. અને ૧૦ રૂ. એવા ત્રણ રાશિના જ્ઞાનથી આપણે ચોથી રાશિ શોધી કાઢવાની છે. ૩ રૂ. ૬ આના ૫૪ આના થયા. તેથી ૫૪ આનાના ૧૦૮ કેળાં મળે છે. આ ઉપરથી એક આનાના કેટલાં કેળાં મળશે એ જાણવા માટે ૧૦૮ ને ૫૪ વડે ભાગ્યા, એટલે ૨ આવ્યાં. આથી આપણે જાણી શકયા કે એક આનાનાં ૨ કેળાં મળે છે. હવે ૧૦ રૂપિયાના ૧૬૦ આના થાય છે. તેથી ૧૬૦ આનાનાં ૧૬૦ × ૨ = ૩૨૦ કેળાં મળશે.

આ ઉદાહરણ છોડવામાં આપણે જે રીતનો ઉપયોગ કર્યો છે તે રીતને અંગ્રેજીમાં (Unitary Method) કહે છે. અને ગુજરાતીમાં **એકમ રીતિ** કહે છે. તે રીતનું રહસ્ય એટલુંજ છે કે શરૂઆતમાં એકમ માટે ગણત્રી કરવી અને

પછી તેની મદદથી માગેલી કીંમત કાઢવી. હજુ સુધી આપણે અપૂર્ણાંક શીખ્યા નથી, તેટલા માટે દરેકે દરેક ઉદાહરણમાં આજ રીતનો ઉપયોગ કરવો.

દા. ૨. ૧ાા મણ અને ૩ શેર ચોખાની કીંમત ૧૦ાા રૂપિયા બેસે, તો ૧૧ શેર ચોખાનું શું બેસે?

અત્રે ૧ાા મણ અને ૩ શેરના ૬૩ શેર થયા અને ૧૦ાા રૂપિયાના ૧૬૮ આના થયા. ૧૬૮ ને ૬૩ વડે નિઃશેષ ભાગી શકાતા નથી. તેથી એક શેરની કિમત આનામાં મેળવી શકાશે નહીં. તેટલા માટે ૧૬૮ ને ૧૨ વડે ગુણી પાઇઓ કરી જે ૨૦૧૬ થઇ. હવે ૬૩ શેરની કીંમત ૨૦૧૬ પાઇઓ થઇ માટે ૧ શેરની કીંમત કાઢવા સારૂં ૨૦૧૬ ને ૬૩ વડે ભાગ્યા, એટલે, ૧ શેરની કીંમત ૩૨ પાઇઓ આવી. માટે ૧૧ શેરની કીંમત ૧૧×૩૨ = ૩૫૨ પાઇઓ થઇ, અથવા ૧ રૂ. ૧૩ આ. અને ૪ પા. થઇ.

દા ૩ એક ગૃહસ્થને દર વર્ષે પોતાની આવક ઉપર રૂપિયે પાંચ પાઇનો આવક વેરો આપવો પડે છે. આવક વેરો આપ્યા બાદ તેની ચોખ્ખી આવક ૩૫૦૬ા રૂપિયાની છે તો તેની મૂળ આવક કેટલી અને તેણે આવક વેરો કેટલો આપ્યો?

એક રૂપિયાની મૂળ આવકમાંથી આવક વેરો આપતાં ચોખ્ખી આવક ૧૯૨−૫=૧૮૭ પાઈ થાય છે. જો ચોખ્ખી આવક ૧૮૭ પાઇની હોયતો તો મૂલ આવક ૧ રૂપિયાની હોવી જોઇએ. દાખલામાં જે ચોખ્ખી આવક આપી છે, તેની આપણે પાઇઓ કરીએ ૩૫૦૬ા રૂપિયાને ૧૯૨ વડે ગુણતાં ૬૭૩૨૦૦ પાઇઓ થઇ ૧૮૭ પાઇની ચોખ્ખી આવક હોય તો મૂળ આવક ૧ રૂપિયો હોય છે, તેટલા માટે ૬૭૩૨૦૦ પાઇની ચોખ્ખી આવક માટેની મૂળ આવક શોધી કાઢવા ૬૭૩૨૦૦ ને ૧૮૭ વડે ભાગ્યા, એટલે મૂળ આવક રૂ. ૩૬૦૦ આવી. મૂળ આવક રૂ.

૩૬૦૦ માંથી ચોખ્ખી આવક રૂ. ૩૫૦૬ાા બાદ કરતાં રૂ. ૯૩ાાા અથવા રૂ. ૯૩–૧૨ આવક વેરો આવ્યો.

દા. ૪. એક દેવાળીઆને ૧૨૦૦૦ રૂપીઆનું દેવું છે અને તેની મુડી ૪૦૦૦ રૂપીઆની છે. તેમાંથી ૭૦૦૦ રૂપીઆના લેણદારને તેણે એક રૂપિયે આઠ આના પ્રમાણે આપ્યા, તો બાકી રહેલા લેણદારોને રૂપીએ શા પ્રમાણે મળશે?

રૂ. ૭૦૦૦ ના લેણદારોને એક રૂપિયે આઠ આના, અથવા, અર્ધા રૂપિયા પ્રમાણે પતવવા માટે રૂ. ૩૫૦૦ વપરાઇ ગયા. તેથી તે દેવાળીઆ પાસે ફક્ત ૪૦૦૦–૩૫૦૦=૫૦૦ રૂપિયા રહ્યા અને તેનું બાકી દેવું ૧૨૦૦૦–૭૦૦૦=૫૦૦૦ રૂપિયા રહ્યું. ૫૦૦૦ રૂપિયાના લેણદારોને આપવા માટે તેની પાસે ફક્ત ૫૦૦ રૂપિયા છે ૫૦૦ ને ૫૦૦૦ વડે ભાગી શકાતા નથી તેથી ૫૦૦ રૂપિયાના દોકડા કર્યા, જે ૫૦૦૦૦ થયા. ૫૦૦૦ રૂપિયાના લેણદારોને ૫૦૦૦૦ દોકડા મળે તો ૧ રૂપિયાના લેણદારને ૧૦ દોકડા મળશે.

દા. ૫. એક કિલ્લામાં ૫૦૦૦ માણસને ૬ માસ ચાલે તેટલો ખોરાક છે, પણ ૨ માસ પછી બીજા ૩૦૦૦ માણસો આવ્યા. તો બાકી રહેલો ખોરાક કેટલા વધુ દિવસ ચાલી શકશે? (૧ માસ = ૩૦ દિવસ)

૨ માસ સુધી ૫૦૦૦ માણસોએ કિલ્લામાં ખોરાક ખાધો તેથી ૫૦૦૦ માણસોને ૪ માસ, અથવા ૧૨૦ દિવસ ચાલે તેટલો ખોરાક બાકી રહ્યો. પણ હવે ૫૦૦૦ ને બદલે ૮૦૦૦ માણસોને ખોરાક પુરો પાડવો પડે છે. ૫૦૦૦ માણસોને ૧૨૦ દિવસ ખોરાક ચાલે, તો ૧ માણસને ૬૦૦૦૦૦ દિવસ સુધી ખોરાક ચાલશે. તેટલા માટે ૮૦૦૦ માણસોને કેટલા દિવસ ચાલશે તે શોધી કાઢવા માટે ૬૦૦૦૦૦ ને ૮૦૦૦ વડે ભાગ્યા, એટલે ૭૫ દિવસ, અથવા ૨ાા માસ આવ્યા. તેથી જે દિવ-

સથી વધુ માણસોની ભરતી થઇ ત્યાર પછી ૭૫ દિવસે ખોરાક પુરો થશે.

દા. ૬. એક કૉન્ટ્રેકટરે પોતાનું કામ કરવા કેટલાંક છોકરાં, બૈરીઓ અને પુરૂષો રોકયાં છે. છોકરાં કરતાં બૈરીઓની સંખ્યા બમણી છે અને બૈરીઓ કરતાં પુરૂષોની સંખ્યા ત્રણ ગણી છે. એક છોકરાને દરરોજ ત્રણ આના, બૈરીને ચાર આના, અને પુરૂષને પાંચ આના પ્રમાણે રોજી આપવામાં આવે છે. તે કૉન્ટ્રેકટર બધા મજુરોને ચુકવવા માટે ૨૦॥ રૂપિયા રોજ ખર્ચે છે, ત્યારે છોકરાં, બૈરીઓ અને પુરૂષોની સંખ્યા કેટલી હશે?

ધારો કે ૧ છોકરૂં રોકવામાં આવ્યું છે. આ વખતે ૨ બૈરીઓ અને ૬ પુરૂષો રોકવા જોઇએ.

એક છોકરાના ત્રણ આના, બે બૈરીઓના આઠ આના અને છ પુરૂષોના ત્રીસ આના ગણતાં દરરોજ ૪૧ આનાનુ ખર્ચ થશે. પણ હિસાબમાં જણાવ્યું છે કે દરરોજ ૨૦॥ રૂપિયા, અથવા, ૩૨૮ આનાનું ખર્ચ થાય છે. એક છોકરૂં રોકિયે તો ૪૧ આનાનું ખર્ચ થાય, ત્યારે ૩૨૮ આનાનું ખર્ચ કરવા માંટે કેટલાં છોકરાં રોકવાં જોઇએ તે શોધી કાઢવા ૩૨૮ ને ૪૧ વડે ભાગ્યા, એટલે, છોકરાંની સંખ્યા ૮ આવી, બૈરીઓની સંખ્યાં ૧૬ આવી અને પુરૂષોની સંખ્યા ૪૮ આવી.

દા. ૭. રેલ્વે ગાડી એક કલાકના ૩૦ માઇલની ઝડપે ચાલે છે, તો તે એક સેકન્ડમાં કેટલા ફીટ ચાલતી હશે?

એક માઇલના ૫૨૮૦ ફીટ, એટલે, ૩૦ માઇલના ૫૨૮૦× ૩૦ = ૧૫૮૪૦૦ ફીટ થયા. એક કલાકની ૬૦ × ૬૦ = ૩૬૦૦ સેકન્ડ થાય, દાખલામાં જણાવ્યા મુજબ રેલ્વે ગાડી ૩૬૦૦ સેકન્ડમાં ૧૫૮૪૦૦ ફીટ ચાલે છે, એટલે, ૧ સેકન્ડમાં ૧૫૮૪૦૦÷ ૩૬૦૦ = ૪૪ ફીટ ચાલે છે.

દા. ૮. अ અને ब અમદાવાદથી નડીયાદ જવા નીકળ્યા. अ એક કલાકના ૩ માઇલ પ્રમાણે ચાલે છે અને ब ૫ માઇલ પ્રમાણે ચાલે છે. अ સવારના ૭ વાગે નીકળ્યો અને ब સવારના દશ વાગે નીકળ્યો. તે બન્ને એકજ વખતે સાથે નડિયાદ પહોંચ્યા, તો અમદાવાદ અને નડિયાદ વચ્ચે કેટલું છેટું હશે? અને તેઓ નડિયાદ પહોંચ્યા ત્યારે કેટલા વાગ્યા હશે?

ब એ અમદાવાદ છોડયું તે વખતે अ ચાર કલાક ચાલ્યો હતો અને ૩ × ૪ = ૧૨ માઇલ દૂર ગયો હતો. ब ની ગતિ अ ના કરતાં એક કલાકે ૨ માઇલ વધુ છે. તેથી એક કલાકમાં ब અને अ વચ્ચેનું અંતર ૨ માઇલ ઓછું થશે. પણ તેને ૧૨ માઇલ અંતર કાપવાનું છે. તેથી ૧૨ માઇલનું અંતર ઓછું કરવા માટે ब ને ૧૨ ÷ ૨ = ૬ કલાક ચાલવું પડશે. ब સવારના દશ વાગે અમદાવાદથી નીકળ્યો છે, તેથી તે બપોરના ચાર વાગે નડિયાદ પહોંચશે; વળી ૭ કલાકમાં ब ૬ × ૫ = ૩૦ માઇલ ચાલ્યો છે, તેથી નડિયાદ અમદાવાદથી ૩૦ માઇલને છેટે છે.

દા. ૯. ૧૦ માણસો એક કામ ૬૦ દિવસમાં કરે તો ૧૫ માણસોને તે કામ કરતાં કેટલા દિવસ લાગશે?

દશ માણસોને સાઠ દિવસ લાગે, તો એક માણસને તે કામ પુરૂં કરતાં ૬૦ × ૧૦ = ૬૦૦ દિવસ લાગવા જોઇએ. તેથી પંદર માણસોને ૬૦૦ ÷ ૧૫ = ૪૦ દિવસ લાગશે.

દા. ૧૦. એક શેઠે પોતાનો બંગલો બાંધવા ૮૦ માણસો રોક્યાં. જો બધાં માણસો નિયમસર હાજરી આપે તો તે બંગલો ૧૨૦ દિવસમાં પુરો થાય એવી ગણત્રી કરવામાં આવી. પણ ૪૦ દિવસ કામ કર્યાબાદ ૫૫ માણસો ચાલ્યા ગયા, તો બાકી રહેલું કામ શરૂઆતથી કેટલા દિવસે પુરૂં થશે?

બંગલો પુરો બાંધવા માટે ૮૦ માણસોએ ૧૨૦ દિવસ કામ કરવું જોઇએ, અર્થાત્, ૧ માણસે ૧૨૦ × ૮૦ = ૯૬૦૦ દિ-

વસ કામ કરવું જોઇએ, એટલે, ૯૬૦૦ રોજ ભરાવાં જોઇએ. હવે ૮૦ માણસો ૪૦ દિવસ સુધી કામ ઉપર રહ્યા એટલે ૮૦ × ૪૦ = ૩૨૦૦ રોજ ભરાયા. હવે ૯૬૦૦ — ૩૨૦૦ = ૬૪૦૦ રોજ ભરવાનાં બાકી રહ્યાં. પણ કામ ઉપર ફક્ત ૮૦ — ૫૫ = ૨૫ માણસો આવે છે. તેથી ૨૫ માણસોને ૬૪૦૦ રોજ ભરવા માટે ૬૪૦૦ ÷ ૨૫ = ૨૫૬ દિવસ લાગશે. તેથી શરૂઆતથી ૪૦ + ૨૫૬ = ૨૯૬ દિવસમાં બંગલો બંધાઈ રહેશે.

દા. ૧૧. એક શાહુકારે એક નોકર રાખ્યો. તેની સાથે એવી શરત કરી કે જો તે એક વર્ષ નોકરી કરે તો ૧૫૦ રૂપિયા રોકડા અને ૧ પાઘડી આપવી. પણ તે નોકરે બે વર્ષ સુધી નોકરી કરી ત્યારે શેઠે ૩૨૦ રૂપિયા રોકડા અને ૧ પાઘડી આપી, તો પાઘડીની કીંમત કેટલી ?

એક વર્ષ માટે ૧૫૦ રૂપિયા અને ૧ પાઘડી માગે તો બે વર્ષ માટે રૂ. ૩૦૦ અને ૨ પાઘડી માગે. પણ શેઠે રૂ. ૩૦૦ ને બદલે રૂ. ૩૨૦ આપ્યા, પણ બે પાઘડીને બદલ ૧ પાઘડી આપી. તેથી નોકરને એક પાઘડી ઓછી મળી પણ તેના બદલામાં રૂ. ૨૦ વધુ મળ્યા તેથી એક પાઘડીની કીંમત રૂ. ૨૦ હોવી જોઇએ.

૨ ઉપરની રીતોનાં કારણોમાં આપણે ત્રિરાશિની રીતથી ગણાતા સહેલા દાખલાઓ આપ્યા છે અને ગણત્રી એકમ રીતિથી કેવી રીતે થઈ શકે તેની પુરી સમજણ આપી છે. ત્રિરાશિના દાખલા ગણવામાં બુદ્ધિનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે. કારણ કે વિચાર કર્યા વિના ગણત્રી કરીએ તો હાસ્યજનક પરિણામ આવ્યા વિના ન રહે. દાખલા તરીકે ૨૦ માણસો જમવા બેઠા હોય તો તેમને જમતાં ૧ કલાક લાગે તો ૪૦ માણસોને ૨ કલાક ન લાગે, કારણ કે બમણા માણસોને પીરસતાં વાર લાગે તોપણ તેટલામાં આખો ૧ કલાક વધુ ન થાય અને પીરસાયા બાદ જમનારની ગમે તેટલી સંખ્યા હોય તોપણ દરેકને જમતાં સરખીજ વાર લાગે, એટલે જમવા માટે ૨૦ મા-

ણસ હોય કે ૪૦ માણસ હોય તોપણ સરખા વખતમાં જ જમી રહેશે. આવી રીતના સાધારણ બુદ્ધિના દાખલાઓ ઉતાવળે પુછવાથી બાળકો ગભરાઇ જાય છે પણ તેવી રીતે બાળકોને ગુંચવણમાં નાંખવા કરતાં તેવાં ઉદાહરણો સ્પષ્ટ રીતે સમજાવવાં વધારે લાભદાયક છે.

મનોયત્ન ૨૦ મું.

૧. ૫ આનાનું પોણો મણ શાક મળે, તો રૂ. ૧ નું કેટલું?
૨. રૂ. ૭ નું ૧૭ાા શેર ઘી મલે, તો એક મણનું શું પડશે?
૩. ૪ કલાકમાં એક માણસ ૯ માઇલ ચાલે છે, તો ૬૩ માઈલ જતાં તેને કેટલો વખત લાગશે?
૪. ૧૦૦ માણસ જમાડવા ૨ મણ લોટ જોઇએ, તો ૪૫૦ માણસ જમાડવા કેટલો જોઇશે?
૫. ૧૩ાા મણ બાજરીના ૪૦ાા રૂ. બેસે તો ૧૮ રૂ. ની કેટલી બાજરી મળશે?
૬. ાા રૂપિયાના ૫ શેર ઘઊં મલે, તો ૪ ખાંડી ઘઊંની શી કીંમત પડશે?
૭. દરરોજ ૪ કલાક કામ કરીએ તો એક કામ ૩૦ દિવસમાં પુરૂં થાય છે, તો ૨૦ દિવસમાં પુરૂં કરવા માટે દરરોજ કેટલા કલાક પ્રમાણે કામ કરવું જોઇએ?
૮. એક ટાંકીમાં ૨૦૦૦ શેર પાણી માય છે તે ટાંકીને એક નળ એક કલાક અને ચાલીસ મિનીટમાં ભરી દે છે તો દર કલાકે તે નળમાંથી કેટલું પાણી નીકળતું હશે?
૯. ૪ આનાનાં ૧૦૦ જાયફળ મળે, તો ૨૫ જાયફળનું શું પડશે?
૧૦. ૧૧ાા વાર માદરપાટના રૂ ૪–૫–૦ પડે, તો ૪૦ વાર માદરપાટનું શું પડશે?

૧૧. એક દેવાળિયો દર રૂપિએ ૯ આના પ્રમાણે ચુકવે છે. તેની પાસે ૯૦૦ રૂપિયા છે, તો તેનું દેવું કેટલું હશે ?

૧૨. એક દેવાળિયા પાસે રૂ.૨૦૦૦ ની મુડી છે પણ રૂ. ૩૦૦૦ નું દેવું છે, તો દર રૂપિયે શા પ્રમાણે પોતાનું દેવું ચુકવી શકશે ?

૧૩. એક દેવાળિયા પાસે રૂ.૭૦૦૦ ની મુડી છે અને ૧૨૦૦૦ રૂ. નું દેવું છે. ૪૦૦૦ રૂ. ના લેણદારોને દર રૂપિયે ૧૨ આના પ્રમાણે ચુકવી દે છે, તો બાકીના લેણદારોને દર રૂપિયે શા પ્રમાણે મળશે ?

૧૪. એક દેવાળિયાને ૫૦૦૦૦ નું દેવું છે તેમાંથી ૨૦૦૦૦ રૂ. ના લેણદારોને દર રૂપિયે ૬ આના પ્રમાણે અને બાકીના લેણદારોને દર રૂપિયે ૪ આના પ્રમાણે પતવ્યું, ત્યારે તેની મુડી કેટલી હશે ?

૧૫. એક દેવાળિયાને પોતાની કુલ મુડીમાંથી સેંકડે દસ ટકા પ્રમાણે સરકારને કર આપવો પડે છે. બાકી રહેલી મુડીમાંથી તે દર રૂપિયે ૩૦ દોકડા પ્રમાણે લેણદારોને ચુકવી શકે છે. જો તેની પાસે ૧૬૦૦ રૂ. ની મુડી હોય તો તેનું કુલ દેવું કેટલું હશે ?

૧૬. મારી પાસે ૧૭ રૂપિયે ૧ મણના ભાવનું ૧૦ મણ ઘી છે અને તમારી પાસે ૪૮ મણ ઘઊં છે. જો મારા ઘીની સાથે તમારા ઘઊંનો બદલો કરી શકાય, તો ઘઊંનો ભાવ શો ?

૧૭. ૧૦ પાઉંડ ૧૦ શિલિંગના ૧૪ ટન કોલસા મળે તો ૧ હંડ્રવેટ કૉલસાનું શું આપવું પડશે ?

૧૮. એક સિપાઇને દર માઇલની મુસાફરી માટે ૩ આના ભથ્થુ મળે છે. તેને એક માસમાં રૂ. ૨૦—૪—૦ ભથ્થુ મળ્યું, તો તેણે તે માસમાં કેટલા માઇલની મુસાફરી કરી હશે ?

૧૯. દરરોજ એક શેર અનાજ વાપરીએ, તો એક માસ ચાલે તેટલો ખોરાક છે. તો ૦ાા શેર અનાજ વાપરીએ તો કેટલા દિવસ ખોરાક ચાલશે ? (૧ માસ=૩૦ દિ.)

૨૦. દર કલાકે ૮ માઇલ પ્રમાણે ચાલતી ઘોડા ગાડી ૬ કલાકમાં અમદાવાદથી વીરમગામ જાય છે, અને મોટરને ફક્ત ૧ાા કલાક લાગે છે. ત્યારે દર કલાકે મોટરનો વેગ કેટલો ?

૨૧. એક માણસને દર વર્ષે ૧૦૦૦૦ ની આવક છે પણ તેમાંથી તેને સેંકડે ૩ ટકા પ્રમાણે કર આપવો પડે છે, તો તેની ચોખ્ખી આવક કેટલી રહેશે ?

૨૨. એક રૂપિયે પાંચ પાઇ પ્રમાણે કર આપ્યા પછી એક માણસની ચોખ્ખી આવક રૂ. ૩૭૪ ની છે, તો તેની મૂળ આવક કેટલી હશે ?

૨૩. એક રૂપિયે ૬ પાઇ પ્રમાણે કર આપ્યા પછી મારી ચોખ્ખી આવક રૂ. ૯૬૮–૧૨–૦ છે, તો મારી મૂળ આવક કેટલી અને મેં કેટલો વેરો આપ્યો ?

૨૪. રૂ. ૩૦૦ ની આવક ઉપર રૂ. ૭-૧૩-૦ કર આપવો પડે તો દર રૂપિયે કેટલો કર લેવાતો હશે ?

૨૫. મારી આવક રૂ. ૨૦૦૦૦ ની છે તેમાંથી કેટલીક આવક ઉપર સેંકડે ૨ ટકા અને કેટલીક આવક ઉપર સેંકડે ૩ ટકા પ્રમાણે કર આપું છું. જો હું દર વર્ષે રૂ. ૪૫૦ કર આપતો હોઉં, તો કેટલી આવક ઉપર મારે સેંકડે ૨ ટકા પ્રમાણે કર આપવો પડે છે તે શોધી કાઢો.

૨૬. એક કિલ્લામાં ૫૦૦ માણસને ૩૯ દિવસ ચાલે તેટલો ખોરાક છે તો ૬૫૦ માણસને તેટલો ખોરાક કેટલા દિવસ ચાલશે ?

૨૭. જો દરેક માણસને ૨ રતલ પ્રમાણે ખોરાક આપે તો એક કિલ્લામાં ૯૬ દિવસ ચાલી શકે તેટલો ખોરાક છે. જો ખો-

રાક ૧૭૮ દિવસ ચલાવવો હોય તો દરરોજ એક માણસને કેટલો ખોરાક આપી શકાશે?

૨૮. એક કિલ્લામાં ૨૦૦૦ માણસોને ૨૦૦ દિવસ ચાલી શકે તેટલો ખોરાક છે પણ ૪૦ દિવસ પછી બીજાં ૧૨૦૦ માણસો તે કિલ્લામાં આવ્યાં તો શરૂઆતથી કેટલા દિવસે ખોરાક પુરો થશે?

૨૯. એક કિલ્લામાં ૪૦૦ માણસોને ૫૫ દિવસ ચાલી શકે તેટલો ખોરાક છે, પણ ૨૦ દિવસ પછી બીજાં કેટલાંક માણસો આવ્યા, જેથી ખોરાક ૪૫ દિવસમાં પુરો થયો તો પાછળથી કેટલાં માણસ આવેલાં?

૩૦. એક કિલ્લામાં ૧૫૦૦ માણસોને ૭૦ દિવસ ચાલે તેટલો ખોરાક છે, પણ કેટલાક દિવસ પછી બીજાં ૫૦૦ માણસો આવ્યાં, જેથી ખોરાક ૬૦ દિવસમાં પુરો થયો. તો કેટલા દિવસો પછી વધુ માણસો આવ્યાં હશે?

૩૧. એક માણસ બે બૈરીઓ જેટલું કામ કરે છે, જે કામ ૫ માણસ અને ૭ બૈરીઓ ૨૦ દિવસમાં પુરૂં કરી શકે તે કામ ૧૨ માણસ અને ૧૦ બૈરીઓ કેટલા દિવસમાં પુરૂં કરશે?

૩૨. એક માણસને દરરોજ ૭ આના રોજી મળે છે અને એક સ્ત્રીને દરરોજ ૫ આના રોજી મળે છે માણસ કરતાં સ્ત્રીઓની સંખ્યા બમણી છે, એક માસમાં રોકેલાં માણસોને રૂ. ૧૭૮૫ આપવા પડે છે, તો પુરૂષો અને સ્ત્રીઓની સંખ્યા કેટલી?

૩૩. એક માણસ જેટલા દિવસ હાજર રહે તેટલા દિવસની એક રૂપિયા પ્રમાણે રોજી મળે છે, પણ જે દિવસે ગેરહાજર રહે તે દિવસે દોઢ રૂપિયો દંડ આપવો પડે છે પણ તે માણસ દરેક ત્રણ દિવસ હાજર રહી ચોથે દિવસે ગેરહાજર

રહે છે. નોકરીની મુદત પુરી થતાં તેને રૂ. ૬૭–૮–૦ મળ્યા તો તેણે કુલ કેટલા દિવસ નોકરી કરી હશે ?

૩૪. દરરોજ ૮ રૂપિયા ખર્ચીએ તો ૧૨ માણસો રોકી શકાય તો ૧૭ માણસો રોકવા માટે આપણે દરરોજ કેટલું ખર્ચ કરવું પડશે ?

૩૫. એક કુટુંબમાં એક પુરૂષ, એક સ્ત્રી અને ચાર છોકરાં છે. પુરૂષને દરરોજ ૧૨ આના, સ્ત્રીને દરરોજ ૧૦ આના અને છોકરાને દરરોજ ૬ આના રોજી મલે છે તો તમને એક માસમાં કેટલો પગાર મળશે, અને રૂ. ૨૮–૧૨–૦ કમાવા તેમને કેટલા દિવસ કામ કરવું પડશે ?

૩૬. એક મોટર કલાકના ૨૫ માઇલ પ્રમાણે દોડે છે તો તેની એક સેકન્ડમાં ગતિ કેટલી હશે ?

૩૭. એક ઘોડાગાડી સવારમાં ૭ વાગે અમદાવાદથી નીકળી અને કલાકના ૯ માઇલ પ્રમાણે ચાલી સાંજના સાત વાગે ભરૂચ પહોંચે છે. તેજ સમયે ભરૂચ પહોંચવા માટે કલાકના ૩૨॥ માઇલ પ્રમાણે ચાલનારી મોટરે કેટલા વાગે અમદાવાદથી નીકળવું જોઇએ ?

૩૮. એક કાસદ ઘોડાગાડી કરતાં ૩૨ માઇલ આગળ છે. ઘોડાગાડી કલાકના ૮ માઇલ પ્રમાણે ચાલે છે તો કેટલા વખતમાં ઘોડાગાડી તે કાસદને પકડી પાડશે ?

૩૯. એક રેલવે ગાડી ભરૂચથી અમદાવાદ આવવા સવારે સાત વાગે નીકળી અને તેજ વખતે બીજી ગાડી અમદાવાદથી ભરૂચ જવા નીકળી. ભરૂચથી અમદાવાદ આવતી ટ્રેન કલાકના ૨૦ માઇલ પ્રમાણે ચાલે છે અને અમદાવાદથી ઉપડેલી ટ્રેન કલાકના ૩૦ માઇલ પ્રમાણે ચાલે છે, બન્ને ટ્રેનો સવારે નવ વાગે અમદાવાદ અને ભરૂચ વચ્ચે ભેગી થાય છે, તો

અમદાવાદથી ભરૂચનું અંતર કેટલું ? અને જે સ્થળે બન્ને ટ્રેનો ભેગી થઈ તેનું અમદાવાદથી અંતર કેટલું હશે ?

૪૦. કલાકના ૩૫ માઇલે ચાલતો મેલ અમદાવાદથી મુંબઇ જવા રાત્રે નવ વાગે ઉપડે છે અને તેજ વખતે કલાકના ૨૭ માઇલ પ્રમાણે ચાલતી બીજી ગાડી મુંબઇથી અમદાવાદ આવવા નીકળે છે. અમદાવાદથી મુંબઇનું અંતર ૩૧૦ માઈલ છે તો કેટલા વાગે અને કિયા સ્થળે, બન્ને ટ્રેનો ભેગી થશે ?

૪૧. એક કોથળામાં કેટલાક રૂપિયા છે, રૂપિયાથી બમણી પાવલીઓ, ત્રણગણી બેઆનીઓ, ચારગણી આનીઓ અને ૭ ગણા પૈસા છે. કોથળીમાં કુલ નાણું ૧૪૨ રૂપિયા છે, તો કોથળીમાં જુદી જુદી જાતના કેટલા શિક્કા છે ?

પ્રકરણ ૨૧ મું.

ગુણોત્તર અને અપૂર્ણાંક.

૧. એક સંખ્યાને બીજી સંખ્યા સાથે સરખાવવી હોય તો તે સંખ્યા બીજી સંખ્યા કરતાં કેટલાગણી છે તે શોધી કાઢવું પડે છે. દાખલા તરિકે ૨૦ સંખ્યા ૫ થી ૪ ગણી છે, ૨૨ સંખ્યા ૧૧ થી ૨ ગણી છે, ઇત્યાદિ.

૨. એક સંખ્યા બીજી સંખ્યા કરતાં કેટલા ગણી છે તે દર્શાવવા ગુણોત્તર શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. દાખલા તરિકે ૨૪ સંખ્યા ૪ થી ૬ ગણી છે, તેથી ૨૪ સંખ્યાનું ૪ સંખ્યા સાથેનું ગુણોત્તર ૬ કહેવાય છે. એક રૂપીઓ એક આનાથી ૧૬ ગણો છે, તેથી એક રૂપીઆનું એક આના સાથેનું ગુણોત્તર ૧૬ છે. તેવીજ રીતે એક પાવલી એક રૂપીઆનો ચોથો ભાગ છે, તેથી એક પાવલીનું એક રૂપીઆ સાથેનું ગુણોત્તર ।. છે. આ છેલ્લા ઉદાહરણથી માલમ પડશે કે એક સંખ્યાનું બીજી સંખ્યા સાથેનુ ગુણોત્તર પૂર્ણ સંખ્યાજ હોઇ શકે નહી તેટલા માટે સઘળાં ગુણોત્તરો દર્શાવી શકાય તે હેતુથી અપૂર્ણ સખ્યાઓને ગણત્રીમાં દાખલ કરવી પડે છે. આવી અપૂર્ણ સંખ્યાઓને વ્યવહારમાં અપૂર્ણાંક એવી સંજ્ઞા આપવામાં આવી છે.

૩. હવે આપણે સહેલાં ઉદાહરણો આપી અપૂર્ણાંકનો ખ્યાલ સ્પષ્ટતાથી સમજાવવાનો પ્રયત્ન કરીશુ. જુઓ મારી પાસે એક નારંગી છે, હું તેના બે સરખા ભાગ કરૂં છું. દરેક ભાગ નારંગીનો અર્ધો ભાગ છે, એવું આપણે કહી શકીશું. આ અર્ધા ભાગને વ્યવહારમાં દર્શાવવા માટે જે ચીજના ભાગ કર્યા હોય તે ચીજને ઉપર મુકીએ છીએ અને જેટલા ભાગ કર્યા હોય તેને નીચે મુકી બન્ને વચ્ચે આડી

લીટી દોરીએ છીએ. આપણે એક નારંગીના ભાગ કર્યા છે, તેથી **૧** ને ઉપર મુકાશું અને ૨ ભાગ કર્યા છે, તેથી ૨ ને નીચે મુકાશું અને તે બન્ને સંખ્યાઓ વચ્ચે આડી લીટી દોરીશું આમ કરતાં $\frac{૧}{૨}$ એવી એક નવીન સંખ્યા ઉત્પન્ન થઇ. $\frac{૧}{૨}$ નો અર્થ એવો છે કે તે કોઇપણ વસ્તુના બે સરખા ભાગ કરવામાં આવ્યા હોય તો તે તેમાંના ગમે તે ૧ ભાગની બરોબર છે.

૪. હવે ધારોકે આપણે ૨ નારંગીના ૪ સરખા ભાગ કર્યા, તો દરેક ભાગ અર્ધા નારંગીની બરોબર થશે. પણ ૨ ચીજના ૪ ભાગ કરવામાં આવે તો દરેક ભાગને આપણી વ્યાખ્યા પ્રમાણે $\frac{૨}{૪}$ કહેવો જોઇએ. તેથી $\frac{૨}{૪}$ સંખ્યા અને $\frac{૧}{૨}$ સંખ્યા એક બીજાની બરોબર ગણવી પડશે. તેવીજ રીતે ૩ સક્કરજનના ૬ ભાગ કરીશું તો દરેક ભાગ અડધા સક્કરજન જેટલો થશે અને વ્યવહારમાં $\frac{૩}{૬}$ લખાશે. તેથી $\frac{૩}{૬}$ સંખ્યા $\frac{૧}{૨}$ સંખ્યાની બરોબર થશે. ટુંકામાં અત્રે એટલુંજ જણાવીશું કે **ઉપરની સંખ્યાને તેમજ નીચેની સંખ્યાને એક સરખી સંખ્યાએ ગુણવાથી અપૂર્ણાંકની કિંમતમાં ફરક પડતો નથી.**

૫. અપૂર્ણાંકમાં ઉપરની સંખ્યાને અંશ કહે છે અને નીચેની સંખ્યાને છેદ કહે છે તેથી ઉપર બતાવેલો નિયમ નિચેના રૂપમાં પણ લખી શકશે. **જો અંશ અને છેદને એકજ સંખ્યાવડે ગુણવામાં આવે તો અપૂર્ણાંકની કિંમતમાં ફેર પડતો નથી.**

દાખલા તરિકે $\frac{૫}{૭}$ નો અર્થ એવો થાય છે કે પાંચ ચીજોના સાત ભાગ કરવામાં આવ્યા છે. પાંચ શેર ઘઉં લઇને સાત સરખા ભાગ કરીએ, અથવા ૨૦ શેર ઘઉં લઇને ૨૮ સરખા ભાગ કરીએ, તો દરેક ભાગ સરખો થશે. એટલે દરેક ભાગને $\frac{૫}{૭}$ કહી શકીશું, અથવા $\frac{૨૦}{૨૮}$ કહી શકીશું.

૬. હવે આપણે ગુણોત્તર અને અપૂર્ણાંકનો સંબંધ બતાવીએ. ૫ શેર ઘઉં ૭ શેર ઘઉંથી કેટલા ગણા છે, તે બતાવવા માટે $\frac{૫}{૭}$ સંખ્યાનો ઉપયોગ કરી શકાશે. ૫ શેર ઘઉંના ૭ સરખા ભાગ કરતાં દરેક ભાગ $\frac{૫}{૭}$ શેર કહેવાય છે, અને ૭ શેર ઘઉંના ૭ સરખા ભાગ કરતાં દરેક ભાગ ૧ શેર કહેવાય છે, કારણ કે ૭ શેર ઘઉંના એક એક શેર પ્રમાણે સાત સરખા ભાગ થઇ શકે છે. ૫ શેર ઘઉં ૭ શેર ઘઉંથી જેટલા ગણા છે તેટલાજ ગણા $\frac{૫}{૭}$ શેર ૧ શેર ઘઉંથી છે. $\frac{૫}{૭}$ શેર ઘઉં ૧ શેર ઘઉંથી $\frac{૫}{૭}$ ગણા છે, એવું કહેવાને કશી હરકત નથી. તેવીજ રીતે ૫ શેર ઘઉં ૭ શેર ઘઉંથી $\frac{૫}{૭}$ (પાંચ સપ્તમાંશ) ગણા છે એવું કહી શકાશે. આ ઉપરથી નીચેનો નિયમ સ્પષ્ટપણે સમજી શકાશે.

એક સંખ્યાનું બીજી સંખ્યા સાથેનું ગુણોત્તર દર્શાવવા માટે પેહેલી સંખ્યાને અંશમાં મુકી અને બીજી સંખ્યાને છેદમાં મુકી ઉપજાવી કઢેલા અપૂર્ણાંકનો ઉપયોગ કરવામાં આવે છે.

૭. ગુણોત્તર અને અપૂર્ણાંકનો સંબંધ બતાવ્યા પછી હમણાં આપણે ફક્ત અપૂર્ણાંકની ગણત્રી ઉપર ખાસ ધ્યાન આપીશું અને અપૂર્ણાંકના હિસાબ ગણવામાં પુરો મહાવરો થયા પછી ત્રિરાશિના અઘરા દાખલા શરૂ કરતી વખતે ગુણોત્તરના વિષય ઉપર ફરીથી વધુ વિવેચન કરીશું.

૮. શરૂઆતમાં આપણે એક અપૂર્ણાંક બીજા કરતાં નાનો છે કે મોટો છે એ જાણવાની રીત બતાવીએ. દાખલા તરીકે $\frac{૪}{૫}$ અને $\frac{૫}{૬}$ માં કયી સંખ્યા મોટી છે એ આપણે શોધી કાઢવું છે. જો બન્ને અપૂર્ણાંકના સરખા છેદ હોય તો એક અપૂર્ણાંક બીજાથી નાનો કે મોટો છે તે તુરત સમજી શકાશે. આપેલા અપૂર્ણાંકોના છેદ સરખા કરવાની રીતને અપૂર્ણાંક સમચ્છેદ

કરવાની રીત કહે છે. $\frac{૪}{૫}$ ના અંશ અને છેદને ૬ વડે ગુણીએ તો $\frac{૪}{૫}$ સંખ્યા $\frac{૨૪}{૩૦}$ ની બરોબર થશે તેવીજ રીતે $\frac{૫}{૬}$ ના અંશ અને છેદને ૫ વડે ગુણીએ તો $\frac{૫}{૬}$ સંખ્યા $\frac{૨૫}{૩૦}$ ની બરોબર થશે. હવે $\frac{૨૫}{૩૦}$ સંખ્યા $\frac{૨૪}{૩૦}$ કરતાં મોટી છે. તેથી $\frac{૫}{૬}$ સંખ્યા $\frac{૪}{૫}$ કરતાં મોટી છે એવું આપણે જાણી શક્યા.

૯. ઉપરના ઉદાહરણથી સમચ્છેદ કરવાની રીતની ઉપયોગિતા પુરેપુરી સમજાઇ હશે. તેથી હવે આપણે સમચ્છેદની રીતને વધારે ધ્યાનપૂર્વક સમજાવીએ. ધારોકે આપણે $\frac{૧૧}{૧૫}$ અને $\frac{૧૭}{૨૫}$ ને સમચ્છેદ કરવા છે. કુદરતી રીતે એવો ખ્યાલ આવશે કે $\frac{૧૧}{૧૫}$ ના અંશ અને છેદને ૨૫ વડે ગુણવા અને $\frac{૧૭}{૨૫}$ ના છેદને ૧૫ વડે ગુણવા. પણ આવી રીતે ગુણતાં છેદની કિંમત જોઇએ તે કરતાં ઘણી મોટી આવશે. અર્થાત્

$$\frac{૧૧}{૧૫}=\frac{૨૭૫}{૩૭૫}$$

અને $$\frac{૧૭}{૨૫}=\frac{૨૫૫}{૩૭૫}$$

હવે $\frac{૨૭૫}{૩૭૫}$ અપૂર્ણાંકના અંશ અને છેદને ૫ વડે ભાગી શકાય છે તેવીજ રીતે $\frac{૨૫૫}{૩૭૫}$ ના અંશ અને છેદને ૫ વડે ભાગી શકાય છે તેથી આ રૂપમાં છેદ ઓછામાં ઓછો નથી. બન્ને અપૂર્ણાંકનો છેદ સરખો થયો છે પણ છેદ સરખો કરવામાં છેદ બની શકે તેટલો ઓછો રાખવાની કાળજી રાખવી જોઇએ.

$$\frac{૧૧}{૧૫} = \frac{૨૭૫}{૩૭૫} = \frac{૫૫}{૭૫}$$
$$\frac{૧૭}{૨૫} = \frac{૨૫૫}{૩૭૫} = \frac{૫૧}{૭૫}$$

તેથી $\frac{૫૫}{૭૫}$ અને $\frac{૫૧}{૭૫}$ માં સમચ્છેદ છે એટલુંજ નહીં પણ છેદ ઓછામાં ઓછો છે. તેથી $\frac{૧૧}{૧૫}$ ના અંશ છેદને ૫ વડે ગુણવાથી અને $\frac{૧૭}{૨૫}$ ના અંશ છેદને ૩ વડે ગુણવાથી બન્ને અપૂર્ણાંકો સમચ્છેદ થશે, અને છેદ ઓછામાં ઓછો આવશે.

૧૦. ઉપર જણાવેલી રીતથી આપણી ખાત્રી થશે કે સમચ્છેદ

કરતી વખતે દરેક અપૂર્ણાંકના અંશ છેદને કેટલાએ ગુણવા તે શોધી કાઢવા માટે આપણે એવી સંખ્યા જાણવી જોઇએ કે જે સંખ્યા આપેલા અપૂર્ણાંકોના છેદ વડે નિઃશેષ ભાગી શકાય જે ઓછામાં ઓછી સંખ્યા આપેલી સંખ્યાઓ વડે નિઃશેષ ભાગી શકાય છે તેને આપેલી સંખ્યાઓનો લઘુતમ સાધારણ અવયવી કહેવામાં આવે છે. દાખલા તરીકે ૭૫ ઓછામાં ઓછી એવી સંખ્યા છે કે ૧૫ અને ૨૫ વડે નિઃશેષ ભાગી શકાય છે તેથી ૭૫ સંખ્યા ૧૫ અને ૨૫ નો લઘુતમ સાધારણ અવયવી છે.

૧૧. બે સંખ્યાઓનો લઘુતમ સાધારણ અવયવી કાઢવા માટે નીચેનો નિયમ ધ્યાનમાં રાખવો જોઇએ. દાખલા તરીકે, ૧૫ × ૨૫ = ૩૭૫ સંખ્યા ૧૫ અને ૨૫ વડે નિઃશેષ ભાગી શકાય છે પણ ૩૭૫ ઓછામાં ઓછી સંખ્યા નથી. કારણ સ્પષ્ટ છે. ૧૫ માં ૫ અવયવ એકવાર આવેલો છે તેવીજ રીતે ૨૫ માં ૫ અવયવ એકવાર આવેલો છે તેથી ૫ અવયવને લઘુતમ સાધારણ અવયવીમાં બે વાર લાવવાની કશી જરૂર નથી. તેટલા માટે ૫ અવયવને એકવાર લેતાં અને બાકીના અવયવો સાથે ગુણતાં ૫ × ૩ × ૫ = ૭૫ લઘુતમ સાધારણ અવયવી આવ્યો. આ રીતને વ્યવહારમાં નીચે પ્રમાણે દર્શાવવામાં આવે છે.

૫	૧૫ , ૨૫
	૩ , ૫

૭૫

૧૫ ને ૨૫ સંખ્યાઓને એક બીજા સાથે લખી સાધારણ અવયવ ૫ વડે દરેકને ભાગી ભાગાકાર ૩ અને ૫ આવ્યો. ત્યાર બાદ ૩ અને ૫ માં સાધારણ અવયવ નથી તેથી ત્યાંજ કૃતિ પુરી કરી અને ૫, ૩, ૫ નો ગુણાકાર

કર્યો જે ૭૫ થયો. આવી રીતે લઘુતમ સાધારણ અવયવી શોધી કાઢવામાં આવે છે. તેવીજ રીતે ૧૬૨ અને ૪૮ નો લઘુતમ સાધારણ અવયવી કાઢવો હશે તો આપણે નીચે પ્રમાણે કૃતિ કરવી પડશે.

૩	૧૬૨ , ૪૮
૨	૫૪ , ૧૬
	૨૭ , ૮

૨૭×૮×૩×૨=૧૨૯૬.

તેથી $\frac{૧૦૧}{૧૬૨}$ અને $\frac{૩૧}{૪૮}$ ને સમચ્છેદ કરવા હોય $\frac{૧૦૧}{૧૬૨}$ ના અંશ છેદને તેમજ $\frac{૩૧}{૪૮}$ ના અંશ છેદને એવી સંખ્યાઓ વડે ગુણવા કે બન્નેનો છેદ ૧૨૯૬ થાય, અર્થાત્ $\frac{૧૦૧}{૧૬૨}$ ના અંશ છેદને ૮ વડે ગુણવાથી $\frac{૮૦૮}{૧૨૯૬}$ થયા અને $\frac{૩૧}{૪૮}$ ના અંશ છેદને ૨૭ વડે ગુણવાથી $\frac{૮૩૭}{૧૨૯૬}$ થયા.

૧૨. બે કરતાં વધુ અપૂર્ણાંકોને સમચ્છેદ કરવાની રીત પણ તેવીજ છે. ધારો કે $\frac{૩}{૮}$, $\frac{૫}{૧૨}$, $\frac{૧૩}{૩૦}$, $\frac{૧૯}{૪૦}$ ને સમચ્છેદ કરવા છે. આ વખતે આપણે ૮, ૧૨, ૩૦, ૪૦ નો લઘુતમ સાધારણ અવયવી શોધી કાઢવો જોઇએ, તેને માટે આપણે સંખ્યાઓને સાધારણ અવયવ વડે ભાગવી જોઇએ. કારણ કે સાધારણ અવયવ બેવડાઇ જવાથી ઓછામાં ઓછો અવયવી મળી શકશે નહીં.

૨	૮	૧૨	૩૦	૪૦
૨	૪	૬	૧૫	૨૦
૨	૨	૩	૧૫	૧૦
૩	૧	૩	૧૫	૫
૫	૧	૧	૫	૫
	૧	૧	૧	૧

જ્યારે કોઇ સંખ્યાને કૃતિમાં સાધારણ અવયવ વડે ભાગી ન શકાય ત્યારે તેને તે સંખ્યા નીચે મુકવી એવો નિયમ આપણે પાળ્યો છે. લઘુતમ સાધારણ અવયવી ૨ × ૨ × ૨ × ૩ × ૫ = ૧૨૦ ની બરોબર છે. તેથી ૩/૮ ના અંશ છેદને ૧૫ વડે ગુણવાથી ૪૫/૧૨૦ થયા. તેમજ ૫/૧૨ ના અંશ છેદને ૧૦ વડે ગુણવાથી ૫૦/૧૨૦ થયા. તેવીજ રીતે ૧૩/૩૦ ના અંશ છેદને ૪ વડે ગુણવાથી ૫૨/૧૨૦ થયા. વળી ૧૯/૪૦ ના અંશ છેદને ૩ વડે ગુણવાથી ૫૭/૧૨૦ થયા. આવી રીતે આપેલાં અપૂર્ણાંકો ૩/૮, ૫/૧૨, ૧૩/૩૦ અને ૧૯/૪૦ અનુક્રમે ૪૫/૧૨૦, ૫૦/૧૨૦, ૫૨/૧૨૦ અને ૫૭/૧૨૦ ની બરોબર થયાં.

૧૩. આવી રીતે લઘુતમ સાધારણ અવયવી શોધી કહાડવાની અને અપૂર્ણાંકોને સમચ્છેદ કરવાની રીત વચ્ચે જે સંબંધ છે તે આપણે બરોબર સમજ્યા. અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી કરતી વખતે સમચ્છેદ કરવાની રીતની ઉપયોગિતા હવે પછીનાં પ્રકરણોમાં વધુ સમજાશે.

૧૪. જે અપૂર્ણાંકોમાં અંશ છેદ કરતાં નાનો હોય છે તે અપૂર્ણાંકોને **સમ અથવા શુદ્ધ અપૂર્ણાંક** કહેવામાં આવે છે અને જે અપૂર્ણાંકોમાં અંશ છેદ કરતાં મોટો હોય છે તેને **વિષમ અથવા અશુદ્ધ અપૂર્ણાંક** કહેવામાં આવે છે. ૩/૫ સમ અપૂર્ણાંક છે અને ૭/૫ વિષમ અપૂર્ણાંક છે. વિષમ અપૂર્ણાંકમાંથી પૂર્ણ અંકો જુદા પાડી શકાશે. કારણ કે ૭ વસ્તુઓના પાંચ ભાગ કરવાના હોય ત્યારે તેમાંની ૫ વસ્તુઓના સરખા ભાગ થશે અને વધેલી વસ્તુના પાંચ ભાગ કરતાં તે વસ્તુનો ૨/૫ ભાગ આવશે. એટલે ૭ વસ્તુઓના પાંચમા ભાગને આપણે (૧+૨/૫) એવા રૂપમાં મુકી શકીશું. ૧ + ૨/૫ ના ફલને છુટું પાડવા માટે તેની આસપાસ મુકવામાં આવેલી નિશાનીઓને કૌંસ

કહે છે. પણ દરેક સ્થળે (૧ + $\frac{૨}{૫}$) ના ફલને આવી રીતે મુકવું ફાવશે નહીં. તેથી આપણે $\frac{૭}{૫}$ ને બદલે ફક્ત ૧$\frac{૨}{૫}$ મુકીએ છીએ અને તેનો અર્થ એવો કરીએ ૧ પૂર્ણાંકમાં $\frac{૨}{૫}$ અપૂર્ણાંક ઉમેરવાના ફલને ૧$\frac{૨}{૫}$ કહેવામાં આવે છે. આવી રીતે જે સંખ્યામાં પૂર્ણાંક અને અપૂર્ણાંક મિશ્રિત હોય તે સંખ્યાને **ભાગાનુબન્ધ અથવા મિશ્ર અપૂર્ણાંક** કહે છે. ભાગાનુબન્ધ અપૂર્ણાંકને વિષમ અપૂર્ણાંકનું રૂપ સહેલાઈથી આપી શકાય છે અને વિષમ અપૂર્ણાંકને ભાગાનુબન્ધ અપૂર્ણાંકનું રૂપ તેટલાંજ સહેલાઇથી આપી શકાય છે. દાખલા તરીકે $\frac{૨૫}{૮}$ વિષમ અપૂર્ણાંક છે. પણ $\frac{૨૫}{૮} = \frac{૨૪}{૮} + \frac{૧}{૮} =$ ૩ + $\frac{૧}{૮}$ ની બરોબર છે. તેથી $\frac{૨૫}{૮} =$ ૩$\frac{૧}{૮}$ જેમાં $\frac{૨૫}{૮}$ વિષમ અપૂર્ણાંક છે અને ૩$\frac{૧}{૮}$ ભાગાનુબન્ધ અપૂર્ણાંક છે. તેમજ ૭$\frac{૪}{૯}$ ભાગાનુબન્ધ અપૂર્ણાંક છે; તેને આપણે વિષમ અપૂર્ણાંકના રૂપમાં મુકીશું.

$$૭\frac{૪}{૯} = ૭ + \frac{૪}{૯} = \frac{૭}{૧} + \frac{૪}{૯} = \frac{૬૩}{૯} + \frac{૪}{૯} = \frac{૬૭}{૯}$$

તેથી ૭$\frac{૪}{૯} = \frac{૬૭}{૯}$ જેમાં ૭$\frac{૪}{૯}$ ભાગાનુબન્ધ અપૂર્ણાંક છે અને $\frac{૬૭}{૯}$ વિષમ અપૂર્ણાંક છે.

૨૫. જ્યારે કોઈ અપૂર્ણાંકના અંશ અને છેદને કોઇ સાધારણ અવયવવડે ભાગી શકાય છે ત્યારે આપણે અંશ અને છેદને તે સાધારણ અવયય વડે ભાગી,આપેલા અપૂર્ણાંકનું સંક્ષિપ્ત રૂપ કાઢી શકીએ છીએ. આવી રીતે અંશ અને છેદમાં જેટલા મળી શકે તેટલા સાધારણ અવયવો દૂર કરવાથી જે સંક્ષિપ્ત રૂપ આવે છે તેને તે અપૂર્ણાંકનું અતિ સંક્ષિપ્તરૂપ કહે છે. દાખલા તરીકે $\frac{૧૩૫}{૪૬૦}$ ને અતિ સંક્ષિપ્તરૂપ આપવાનું છે તુરત જણાશે કે અંશ અને છેદને ૫ વડે ભાગી શકાશે. તેથી

$$\frac{૧૩૫}{૪૬૦} = \frac{૨૭}{૯૨}$$

હવે ધ્યાનમાં રાખવું જોઇએ કે $\frac{૨૭}{૭૨}$ આપેલા અપૂર્ણાંકનું સંક્ષિપ્ત રૂપ છે, પણ અતિ સંક્ષિપ્તરૂપ નથી, કારણ કે હજુ પણ ૨૭ અને ૭૨ બન્નેને ૯ વડે ભાગી શકાશે. જેમ કરવાથી

$\frac{૧૩૫}{૩૬૦} = \frac{૨૭}{૭૨} = \frac{૩}{૮}$ = ત્રણ અષ્ટમાંશ.

$\frac{૩}{૮}$ ના અંશ છેદને ભાગનાર સાધારણ અવયવ નથી તેટલા માટે $\frac{૩}{૮}$ આપેલા અપૂર્ણાંકનું અતિ સંક્ષિપ્ત સ્વરૂપ છે.

મનોયત્ન ૨૧ મું.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલાં અપૂર્ણાંકોમાં મોટું અપૂર્ણાંક હોય તે શોધી કાઢો.

૧. $\frac{૩}{૪}, \frac{૫}{૭}$. ૨. $\frac{૪}{૯}, \frac{૫}{૧૨}$. ૩. $\frac{૭}{૧૩}, \frac{૮}{૧૫}$. ૪. $\frac{૧૩}{૩૦}, \frac{૨૨}{૪૫}$.
૫. $\frac{૧૭}{૩૬}, \frac{૨૨}{૪૫}$.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલા અપૂર્ણાંકોને તેમના મહત્ત્વના અનુક્રમમાં ગોઠવો.

૬. $\frac{૨}{૩}, \frac{૩}{૪}, \frac{૪}{૫}, \frac{૫}{૬}$. ૭. $\frac{૭}{૯}, \frac{૮}{૧૧}, \frac{૧૩}{૧૭}, \frac{૧૫૦}{૧૮૭}$.
૮. $\frac{૪}{૫}, \frac{૯}{૧૧}, \frac{૪૬}{૫૫}, \frac{૯૩}{૧૧૦}$. ૯. $\frac{૧૩}{૨૦}, \frac{૧૯}{૩૦}, \frac{૨૭}{૪૦}, \frac{૩૧}{૫૦}$.
૧૦. $\frac{૫}{૭}, \frac{૭}{૧૦}, \frac{૧૧}{૧૪}, \frac{૪૧}{૭૦}$.

નીચેના દશ દાખલાઓમાં આપેલા અપૂર્ણાંકોને સમચ્છેદ રૂપ આપો.

૧૧. $\frac{૩}{૪}, \frac{૫}{૬}, \frac{૭}{૮}, \frac{૧૫}{૧૬}$. ૧૨. $\frac{૭}{૩૩}, \frac{૮}{૫૫}, \frac{૨૧}{૭૭}$.
૧૩. $\frac{૮}{૨૧}, \frac{૧૭}{૪૯}, \frac{૧૩}{૬૩}, \frac{૧૦૨}{૧૮૯}$. ૧૪. $\frac{૧૨}{૨૫}, \frac{૨૨}{૩૫}, \frac{૩૨}{૪૫}$.
૧૫. $\frac{૧૧}{૧૨}, \frac{૩૧}{૩૨}, \frac{૬૩}{૬૪}$. ૧૬. $\frac{૧}{૩}, \frac{૨}{૫}, \frac{૩}{૧૦}, \frac{૭}{૧૫}, \frac{૧૧}{૧૨}$.
૧૭. $\frac{૭}{૧૩}, \frac{૧૭}{૩૯}, \frac{૬૭}{૧૧૭}, \frac{૯૭}{૧૫૬}$. ૧૮. $\frac{૧}{૧૨}, \frac{૧}{૧૫}, \frac{૧}{૨૫}, \frac{૧}{૪૦}$.
૧૯. $\frac{૧૩}{૧૬}, \frac{૧૭}{૨૪}, \frac{૨૩}{૩૬}, \frac{૨૯}{૪૮}$. ૨૦. $\frac{૧}{૫}, \frac{૧}{૬}, \frac{૧}{૮}, \frac{૧}{૧૦}, \frac{૧}{૧૨}, \frac{૧}{૧૫}$.

નીચેના દશ દાખલાઓમાં આપેલા અશુદ્ધ અપૂર્ણાંકોને ભાગાનુબન્ધ અથવા મિશ્ર અપૂર્ણાંકોનું રૂપ આપો.

૨૧. $\frac{૧૮}{૧૧}$. ૨૨. $\frac{૬૭}{૧૮}$. ૨૩. $\frac{૨૩}{૭}$. ૨૪. $\frac{૭૭}{૩૨}$.
૨૫. $\frac{૧૦૫}{૧૨}$. ૨૬. $\frac{૧૮૮}{૫૩}$. ૨૭. $\frac{૧૩૫}{૩૬}$. ૨૮. $\frac{૧૦૯}{૧૦}$.
૨૯. $\frac{૧૨૯૨}{૧૦૩}$. ૩૦. $\frac{૧૩૩૪}{૨૫૬}$.

નીચેના દશ દાખલાઓમાં આપેલા ભાગાનુબન્ધ અપૂર્ણાંકોને વિષમ અથવા અશુદ્ધ અપૂર્ણાંકનું રૂપ આપો.

૩૧. $૭\frac{૯}{૧૩}$. ૩૨. $૮\frac{૨}{૫}$. ૩૩. $૧૩\frac{૧૨}{૧૫}$.
૩૪. $૮\frac{૭}{૯}$. ૩૫. $૮\frac{૨}{૧૯}$. ૩૬. $૭\frac{૨}{૧૧}$.
૩૭. $૧૮\frac{૩}{૧૯}$. ૩૮. $૧૫\frac{૨}{૧૧}$. ૩૯. $૨૨\frac{૨૨}{૧૨૧}$. ૪૦. $૧૬\frac{૧૫૧}{૨૫૬}$

નીચેના વીશ દાખલાઓમાં આપેલા અપૂર્ણાંકોને અતિસંક્ષિપ્ત રૂપ આપો.

૪૧. $\frac{૮}{૧૨}$. ૪૨. $\frac{૧૨}{૩૨}$. ૪૩. $\frac{૧૭}{૧૧૯}$. ૪૪. $\frac{૩૯}{૧૫૬}$.
૪૫. $\frac{૪૯}{૧૯૬}$. ૪૬. $\frac{૬૩}{૭૭}$. ૪૭. $\frac{૨૦૨}{૭૦૭}$. ૪૮. $\frac{૧૮૪}{૨૭૬}$.
૪૯. $\frac{૧૯૨}{૧૦૨૪}$. ૫૦. $\frac{૪૫}{૭૨૯}$. ૫૧. $\frac{૧૨૧}{૬૭૧}$. ૫૨. $\frac{૧૮૯}{૩૧૫}$.
૫૩. $\frac{૧૮૦}{૨૩૪}$. ૫૪. $\frac{૧૨}{૨૦૪}$. ૫૫. $\frac{૧૨૯૬}{૨૧૬૦}$. ૫૬. $\frac{૧૭૨૮}{૨૮૮૦}$.
૫૭. $\frac{૧૫૬૨૫}{૨૫૦૦૦}$. ૫૮. $\frac{૯૬૦૦}{૧૬૩૮૪}$. ૫૯. $\frac{૪૦૯૬}{૫૧૨૦}$. ૬૦. $\frac{૧૩૨૦}{૬૨૮૧}$.

પ્રકરણ ૨૨ મું.

અપૂર્ણાંકના સરવાળા.

૧. જે અપૂર્ણાંકોના છેદ સરખા હોય તે અપૂર્ણાંકોનો સરવાળો ઘણી સહેલાઇથી થઇ શકે છે.

દાખલા તરીકે, $\frac{૨}{૫}+\frac{૪}{૫}=\frac{૬}{૫}$. આવા દાખલાઓમાં અંશોનો સરવાળો કરી સાધારણ છેદ સરવાળાની નીચે મુકવો પડે છે; તેટલા માટે સરવાળો કર્યા પહેલાં અપૂર્ણાંકોના છેદ જુદા હોય તો તેઓને સમચ્છેદ કરવા જોઇએ. ધારો કે, આપણે $\frac{૨}{૭}$ અને $\frac{૩}{૪}$ નો સરવાળો કરવાનો છે. આ બન્ને અપૂર્ણાંકોને સમચ્છેદ કરવા માટે $\frac{૨}{૭}$ ના અંશ અને છેદને ૪ વડે ગુણ્યા અને $\frac{૩}{૪}$ ના અંશ અને છેદને ૭ વડે ગુણ્યા, એટલે $\frac{૨}{૭}\times\frac{૪}{૪}=\frac{૮}{૨૮}$.

અને $\frac{૩}{૪}\times\frac{૭}{૭}=\frac{૨૧}{૨૮}$.

તેથી $\frac{૨}{૭}+\frac{૩}{૪}=\frac{૮}{૨૮}+\frac{૨૧}{૨૮}$.

$=\frac{૨૯}{૨૮}=૧\frac{૧}{૨૮}$.

૨. એ કરતાં વધુ અપૂર્ણાંકોનો સરવાળો પણ સમચ્છેદ કર્યાથીજ સહેલાઇથી થઇ શકશે. ધારો કે, આપણે $\frac{૧}{૩}$, $\frac{૧}{૬}$, $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૫}$, $\frac{૧}{૫}$ નો સરવાળો કરવાનો છે.

આ દાખલામાં આપણે ૩, ૬, ૧૦, ૧૫, ૫ નો લઘુતમ સાધારણ અવયવી કાઢવો પડશે.

૩	૩,	૬,	૧૦,	૧૫,	૫
૫	૧,	૨,	૧૦,	૫,	૫
૨	૧,	૨,	૨,	૧,	૧
	૧,	૧,	૧,	૧,	૧

તેથી લઘુતમ સાધારણ અવયવી ૩ × ૫ × ૨ = ૩૦ થયો.
તેટલા માટે $\frac{૧}{૩}$ ના અંશ અને છેદને ૧૦ વડે ગુણવાથી

$$\frac{૧}{૩} = \frac{૧૦}{૩૦}$$

તેવીજ રીતે $\frac{૧}{૬} = \frac{૫}{૩૦}$

,, $\frac{૧}{૧૦} = \frac{૩}{૩૦}$

,, $\frac{૧}{૧૫} = \frac{૨}{૩૦}$

,, $\frac{૧}{૫} = \frac{૬}{૩૦}$

તેથી $\frac{૧}{૩} + \frac{૧}{૬} + \frac{૧}{૧૦} + \frac{૧}{૧૫} + \frac{૧}{૫}$

$= \frac{૧૦}{૩૦} + \frac{૫}{૩૦} + \frac{૩}{૩૦} + \frac{૨}{૩૦} + \frac{૬}{૩૦}$

$= \frac{૨૬}{૩૦} = \frac{૧૩}{૧૫}$.

૩. ઉપર બતાવ્યું તે પ્રમાણે દરેકે દરેક અપૂર્ણાંકમાં જુદા જુદા ફેરફાર કર્યાં બાદ સરવાળો કરવાની ટેવ પાડવી. આ રીતે જરાક વધારે વખત જાય પણ સિદ્ધાંત બાળકોના મગજમાં વધારે સારી રીતે ઠસશે. હમણાં નીચે પ્રમાણે એકદમ ગણત્રી કરવાની ટેવ પાડવામાં આવે છે જેને પરિણામે સમજ્યા વિના એક યન્ત્રની માફક બાળકો કૃતિ કરે છે, અને જ્યાં સુધી મહાવરો ચાલુ રહે છે, ત્યાં સુધી ભુલ કર્યા વિના પોતાનું કામ કરી શકે છે, પણ મહાવરો છુટી જતાં સિદ્ધાંતની અણસમજને લીધે તેઓ વારંવાર મોટી ભુલો કરી નાંખે છે. દાખલા તરિકે $\frac{૧}{૮}+\frac{૧૧}{૧૨}+\frac{૯}{૨૦}=\frac{૧૫+૧૧૦+૫૪}{૧૨૦}$ $= \frac{૧૭૯}{૧૨૦}=૧\frac{૫૯}{૧૨૦}$.

આ પ્રમાણે એકદમ માંડવાથી $\frac{૧}{૮}$ ને બદલે $\frac{૧૫}{૧૨૦}$ મુક્યા છે તેનું સ્પષ્ટ ભાન થતું નથી. ચાલાક બાળકો આવી કૃતિ કરતી વખત અમુક અમુક સંખ્યાઓ માંડવાનું કારણ સમજી લેશે, પણ તેવું દરેકે દરેક બાળક માટે સંભવી શકે નહીં. તેટલા માટે દરેકે દરેક હિસાબ ગણતી વખત લઘુતમ સાધારણ અવયવી કઢાવવો અને પછી નિયમ પૂર્વક સઘળાં પદ મુકાવી સરવાળો કરાવવો.

૪	૮,	૧૨,	૨૦
૨	૨,	૩,	૫
૩	૧,	૩,	૫
૫	૧,	૧,	૫
	૧,	૧,	૧

તેથી લઘુતમ સાધારણ અવયવી ૪ × ૨ × ૩ × ૫ = ૧૨૦ થયો.
તેથી $\frac{૧}{૮}$ ના અંશ છેદને ૧૫ વડે ગુણવાથી

$$\frac{૧}{૮} = \frac{૧૫}{૧૨૦}.$$

તેવીજ રીતે $\frac{૧૧}{૧૨} = \frac{૧૧૦}{૧૨૦}$.

અને $\frac{૯}{૨૦} = \frac{૫૪}{૧૨૦}$.

તેથી $\frac{૧}{૮} + \frac{૧૧}{૧૨} + \frac{૯}{૨૦}$.

$$= \frac{૧૫}{૧૨૦} + \frac{૧૧૦}{૧૨૦} + \frac{૫૪}{૧૨૦}$$

$$= \frac{૧૫+૧૧૦+૫૪}{૧૨૦} = \frac{૧૭૯}{૧૨૦} = ૧\frac{૫૯}{૧૨૦}.$$

૪. ૨ પૅાંડનો ત્રીજો ભાગ લેવો હોય, તો આપણે આપણી વ્યાખ્યા મુજબ $\frac{૨}{૩}$ પૌંડ મેળવી શકીશું. તેથી આવા વિચારો દર્શાવવા નાનું ચિન્હ ઘણી વખત વાપરવામાં આવે છે. એટલે ૨ પૌંડના $\frac{૧}{૩}$ = $\frac{૨}{૩}$ પોંડ.

પણ વ્યવહારમાં અમુક ચીજની કિંમત $\frac{૨}{૩}$ પૌંડ છે એવું કહી શકાય નહીં; કાઇ દુકાને આપણે પાઘડીઓ લેવા ગયા અને દુકાનદારે કહ્યું કે એ પૌંડની ત્રણ પાઘડીઓ મળશે. આ વખત આપણે દુકાનદારને કહીએ કે " $\frac{૨}{૩}$ પૌંડ લે અને મને એક પાઘડી આપ." ત્યારે દુકાનદાર આપણી સામું જોઇ હસ્યા વિના નહીં રહે. તેટલા માટે $\frac{૨}{૩}$ પૌંડને શીલીંગ પેન્સનું રૂપ કેવી રીતે આપી શકાશે તે આપણે જાણવું જોઇએ. તેથી આપણે નીચે પ્રમાણે ગણત્રી કરવી જોઇએ.

$\frac{૨}{૩}$ પૌંડ = ૨ પૌંડના $\frac{૧}{૩}$ = ૪૦ શિલિંગ ના $\frac{૧}{૩}$

= $\frac{૪૦}{૩}$ શિલિંગ

= ૧૩ $\frac{૧}{૩}$ શિલિંગ

આમાંથી આપણે ૧૩ શિલિંગ જુદા પાડયા અને $\frac{૧}{૩}$ શિલિંગ જુદા રહ્યા તેના નીચે પ્રમાણે પેન્સ કાઢયા.

$\frac{૧}{૩}$ શિલિંગ = ૧ શિલિંગના $\frac{૧}{૩}$

= ૧૨ પેન્સના $\frac{૧}{૩}$

= ૪ પેન્સ

તેથી છેવટે $\frac{૨}{૩}$ પૌંડ = ૧૩ શિલિંગ ૪ પેન્સ.

૫. અપૂર્ણાંક પૌંડના શિલિંગ પેન્સ કરતાં અથવા અપૂર્ણાંક રૂપીઆના આના પાઇ કરતાં અથવા અપૂર્ણાંક ટનના હંડ્રવેટ રતલ ઇત્યાદિ કાઢતાં ઘણી ભુલ ભરેલી રીતે કૃતિ કરવાની પદ્ધતિ પડી ગઇ છે તે અત્રે હવે દર્શાવીશું. ધારો કે, આપણે $\frac{૧૩}{૨૪}$ રૂપીઆના આના પાઇ કરવા છે. ગુજરાતી માસ્તરો નીચે પ્રમાણે કૃતિ કરવાની છોકરાઓને ટેવ પાડે છે જે ઘણી ભુલ ભરેલી છે.

$\frac{૧૩}{૨૪}$ × ૧૬ = $\frac{૧૩}{૩}$ × ૨ = $\frac{૨૬}{૩}$ = ૮$\frac{૨}{૩}$ × ૧૨ = $\frac{૨૪}{૩}$

= ૮

૮ આના અને ૮ પાઇ જવાબ આવ્યો.

આ કૃતિમાં પેહેલું, બીજું અને ત્રીજું પદ ખરૂં છે પણ તે પછી ૮$\frac{૨}{૩}$ આના આવ્યા પછી, તેઓને $\frac{૨}{૩}$ આનાને ૧૨ વડે ગુણવાના છે, તોપણ તેઓ એકને એક લીટીમાં ગણત્રી કર્યે જાય છે. તેટલા માટે ૮$\frac{૨}{૩}$ × ૧૨ = $\frac{૨૪}{૩}$ એવું ખોટું પદ તેઓ માંડે છે. તેટલા માટે આવા હિસાબ ગણવામાં દરેકે દરેક પદ સ્પષ્ટ રીતે છુટું મંડાવવું જોઇએ.

$\frac{૧૩}{૨૪}$ રૂપિયા = ૧૩ રૂપિયા ના $\frac{૧}{૨૪}$ = ૨૦૮ આનાના $\frac{૧}{૨૪}$

= $\frac{૨૦૮}{૨૪}$ આના

$= \frac{૨૬}{૩}$ આના

$= ૮\frac{૨}{૩}$ આના

હવે આપણે ૮ આનાને અલગ રાખી $\frac{૨}{૩}$ આનાની કિંમત કાઢીએ.

$\frac{૨}{૩}$ આના = ૨ આનાના $\frac{૧}{૩}$

= ૨૪ પાઇઓના $\frac{૧}{૩}$

= ૮ પાઇઓ.

તેથી $\frac{૧૩}{૨૪}$ રુપિયા = ૮ આના અને ૮ પાઇ.

૬. તેવાજ રીતે આના પાઇને રુપિયાના અપૂર્ણાંકનું રૂપ આપવું હોય તોપણ તેવીજ રીતે નિયમ પુર્વક ગણત્રી કરાવવાની જરૂર છે. ધારો કે આપણે ૪ આના ને ૬ પાઇને રૂપીઆના અપૂર્ણાંકનું રૂપ આપવું છે.

તે વખતે આપણે શરૂઆતમાં ૬ પાઇ લીધી અને તેને આનાનું રૂપ આપ્યું.

૬ પાઇ = $\frac{૬}{૧૨}$ આના = $\frac{૧}{૨}$ આના.

હવે ૪ આનામાં $\frac{૧}{૨}$ આના ઉમેરી દીધા એટલે ૪ + $\frac{૧}{૨}$ = $\frac{૮}{૨}$ + $\frac{૧}{૨}$ = $\frac{૯}{૨}$ આના થયા.

તેથી ૪ આના ૬ પાઇ = $\frac{૯}{૨}$ આના.

= $\frac{૯}{૨} \times \frac{૧}{૧૬}$ રૂપીઆ

= $\frac{૯}{૩૨}$ રૂપીઆ.

૭. આપણે થોડા સહેલા દાખલા ગણી આ પ્રકરણ પુરૂં કરીશું.

દા. ૧. ૨ પૌંડના $\frac{૧}{૭}$ માં ૩ પેન્સના $\frac{૧}{૭}$ ઉમેરો.

શરૂઆતમાં આપણે ૨ પૌંડના $\frac{૧}{૭}$ શિલિંગને પેન્સનું રૂપ આપીશું.

૨ પૌંડના $\frac{૧}{૭}$ = ૪૦ શિલિંગના $\frac{૧}{૭}$

= $\frac{૪૦}{૭}$ શિલિંગ.

= ૫$\frac{૫}{૭}$ શિલિંગ.

હવે ૫ શિલિંગને અલગ રાખી $\frac{૫}{૭}$ શિલિંગને પેન્સનું રૂપ આપ્યું.

$\frac{૫}{૭}$ શિલિંગ = ૫ શિલિંગના $\frac{૧}{૭}$
= ૬૦ પેન્સના $\frac{૧}{૭}$
= $\frac{૬૦}{૭}$ પેન્સ
= ૮$\frac{૪}{૭}$ પેન્સ

તેથી $\frac{૨}{૭}$ પૌંડ = ૫ શિલિંગ ૮$\frac{૪}{૭}$ પેન્સ

તેથી $\frac{૨}{૭}$ પૌંડ + $\frac{૩}{૭}$ પેન્સ = ૫ શિલિંગ ૮$\frac{૪}{૭}$ પેન્સ + $\frac{૩}{૭}$ પેન્સ

હવે ૮$\frac{૪}{૭}$ પેન્સ + $\frac{૩}{૭}$ પેન્સ
= (૮$\frac{૪}{૭}$ + $\frac{૩}{૭}$) પેન્સ
= (૮ + $\frac{૪}{૭}$ + $\frac{૩}{૭}$) પેન્સ
= (૮ + $\frac{૭}{૭}$) પેન્સ
= (૮ + ૧) પેન્સ
= ૯ પેન્સ

તેથી $\frac{૨}{૭}$ પૌંડ + $\frac{૩}{૭}$ પેન્સ = ૫ શિલિંગ ૯ પેન્સ.

દા. ૨. ૧૧ હંડ્રવેટ ૨ ક્વૉર્ટર અને ૨૧ રતલને ટનના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૧ રતલ = $\frac{૨૧}{૨૮}$ ક્વૉર્ટર
= $\frac{૩}{૪}$ ક્વૉર્ટર

૨ ક્વૉર્ટર + $\frac{૩}{૪}$ ક્વૉર્ટર = (૨ + $\frac{૩}{૪}$) ક્વૉર્ટર

($\frac{૮}{૪}$ + $\frac{૩}{૪}$) ક્વૉર્ટર = $\frac{૧૧}{૪}$ ક્વૉર્ટર

$\frac{૧૧}{૪}$ ક્વૉર્ટર = $\frac{૧૧}{૪}$ × $\frac{૧}{૪}$ હંડ્રવેટ
= $\frac{૧૧}{૧૬}$ હંડ્રવેટ

૧૧ હંડ્રવેટ + $\frac{૧૧}{૧૬}$ હંડ્રવેટ = (૧૧+$\frac{૧૧}{૧૬}$) હંડ્રવેટ
= ($\frac{૧૭૬}{૧૬}$ + $\frac{૧૧}{૧૬}$) હંડ્રવેટ
= $\frac{૧૮૭}{૧૬}$ હંડ્રવેટ

∴ $\frac{૧૮૭}{૧૬}$ હંડ્રવેટ = $\frac{૧૮૭}{૧૬} \times \frac{૧}{૨૦}$ ટન

= $\frac{૧૮૭}{૩૨૦}$ ટન

તેથી ૧૧ હંડ્રવેટ ૨ કૅૉર્ટર અને ૨૧ રતલ = $\frac{૧૮૭}{૩૨૦}$ ટન.

દા. ૩. ૧૨ રૂપીઆ ૩ આના અને ૪ પાઇ, ૩ રૂપીઆ અને ૪ આનાથી કેટલા ગણા છે ? ૧૨ રૂપીઆ ૩ આના અને ૪ પાઇની ૨૩૪૪ પાઇઓ થઇ અને ૩ રૂપીઆ ૪ આનાની ૬૨૪ પાઇઓ. ૨૩૪૪ પાઇઓ ૬૨૪ પાઇઓ કરતાં $\frac{૨૩૪૪}{૬૨૪}$ ગણી છે. પણ $\frac{૨૩૪૪}{૬૨૪}$ ના અંશ છેદને ૮ વડે ભાગી શકાય છે. તેથી

$\frac{૨૩૪૪}{૬૨૪} = \frac{૨૯૩}{૭૮}$

તેથી ૧૨ રૂપીઆ ૩ આના અને ૪ પાઇ ૩ રૂપીઆ અને ૪ આનાથી $\frac{૨૯૩}{૭૮}$ ગણા છે.

મનોયત્ન ૨૨ મું.

નીચેના દશ દાખલાઓમાં આપેલા અપૂર્ણાંકોનો સરવાળો કરો.

૧. $\frac{૧}{૩} + \frac{૨}{૫} + \frac{૬}{૭}$

૨. $\frac{૨}{૯} + \frac{૫}{૧૮} + \frac{૭}{૩૬} + \frac{૧૧}{૭૨}$

૩. $૨\,\frac{૨}{૩} + ૫\,\frac{૭}{૯} + ૮\,\frac{૪}{૧૫}$

૪. $૩\,\frac{૧}{૪} + ૪\,\frac{૧}{૩} + ૫\,\frac{૧}{૨} + ૬\,\frac{૧}{૧૨}$

૫. $\frac{૧૩}{૭૨} + \frac{૨૩}{૬૪} + \frac{૨૯}{૧૪૪} + \frac{૧૭}{૧૨૮}$

૬. $\frac{૫}{૩} + \frac{૭}{૩} + \frac{૯}{૪} + \frac{૧૧}{૫}$

૭. $\frac{૨૫}{૯} + \frac{૧૩}{૧૮} + \frac{૧૬}{૧૫}$.

૮. $\frac{૧૪}{૧૫} + \frac{૨૪}{૨૫} + \frac{૩૪}{૩૫}$.

૯. $૧\frac{૪}{૫} + ૨ + ૩\frac{૫}{૬} + ૪\frac{૧}{૧૨}$.

૧૦. $\frac{૧}{૩} + \frac{૧}{૯} + \frac{૧}{૨૭} + \frac{૧}{૮૧} + \frac{૧}{૨૪૩} + \frac{૧}{૭૨૯}$.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલી રકમોને સાદા રૂપમાં લાવો.

૧૧. $(\frac{૧}{૨} + \frac{૧}{૩}) + (\frac{૨}{૩} + \frac{૩}{૪})$.

૧૨. $(\frac{૧}{૫} + \frac{૧}{૨}) + (\frac{૧}{૧૨} + \frac{૧}{૧૫})$.

૧૩. $(\frac{૯}{૧૨} + \frac{૧૧}{૨૪}) + (\frac{૧૭}{૩૨} + \frac{૩૧}{૨૪})$

૧૪. $(\frac{૭}{૮} + \frac{૯}{૨૦}) + (\frac{૨}{૫} + \frac{૩}{૧૨})$.

૧૫. $(\frac{૮}{૩} + \frac{૫}{૧૨}) + (\frac{૪}{૧૫} + \frac{૧૭}{૩૦})$.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલા રૂપીઆ આના પાઇને રૂપીઆના અપૂર્ણાંકનું રૂપ આપો.

૧૬. ૩ રૂપીઆ ૬ આના અને ૮ પાઇ.

૧૭. ૧૨ રૂપીઆ ૧૩ આના અને ૪ પાઇ.

૧૮. ૨૫ રૂપીઆ ૫ આના અને ૪ પાઇ.

૧૯. ૩૮ રૂપીઆ ૧૦ આના અને ૮ પાઇ.

૨૦. ૪૨ રૂપીઆ ૭ આના અને ૬ પાઇ.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલા પૌંડ શિલિંગ પેન્સને પૌંડના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૧. ૫ પૌંડ ૫ શિલિંગ ૪ પેન્સ.

૨૨. ૬ પૌંડ ૧૦ શિલિંગ ૮ પેન્સ.

૨૩. ૭ પૌંડ ૬ શિલિંગ ૮ પેન્સ.

૨૪. ૮ પૌંડ ૧૩ શિલિંગ ૪ પેન્સ.

૨૫. ૯ પૌંડ ૧૭ શિલિંગ ૮ પેન્સ.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલાં અંતરોને માઇલના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૬. ૨ ફર્લાંગ ૪ યાર્ડ ૨ ફીટ.

૨૭. ૧૪ પોલ ૨૧ યાર્ડ.

૨૮. ૬ યાર્ડ ૧ ફુટ. + ૪ ફ. ૪ યા. ૨ ફુ.

૨૯. ૩ ફર્લાંગ ૭ પોલ ૪ યાર્ડ.

૩૦. ૩ માઇલ ૩ ફર્લાંગ ૩ પોલ ૩ યાર્ડ ૨ ફીટ.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલાં વજનોને ૧ ટનના અપૂર્ણાંકનું રૂપ આપો.

૩૧. ૪ હંડ્રવેટ ૧૨ રતલ.

૩૨. ૩ ક્વૉર્ટર ૭ રતલ.

૩૩. ૨ ટન ૨ હંડ્રવેટ ૨ ક્વૉર્ટર ૨ રતલ.

૩૪. ૧૭ હંડ્રવેટ ૬૩ રતલ.

૩૫. ૪ ટન ૧૨ હંડ્રવેટ ૩ ક્વૉર્ટર ૨૪ રતલ.

૩૬. $\frac{૨}{૯}$ રૂપીઆના આના પાઇ કરો.

૩૭. $\frac{૪}{૮}$ પૌંડના શિલિંગ પેન્સ કરો.

૩૮. $\frac{૫}{૧૨}$ માઇલના ફર્લાંગ યાર્ડ ફીટ કરો.

૩૯. $\frac{૪}{૭}$ ટનના હંડ્રવેટ ક્વાર્ટર પાઉંડ કરો.

૪૦. $\frac{૭}{૧૫}$ પૌંડના શિલિંગ પેન્સ કરો.

૪૧. $\frac{૮}{૩}$ પૌંડ + $\frac{૩}{૪}$ શિલિંગ + $\frac{૧૨}{૩}$ પેન્સ ને એક પૌંડના અપૂર્ણાંકનું રૂપ આપો.

૪૨. $\frac{૩}{૨}$ પૌંડના $\frac{૪}{૩}$ માં $\frac{૫}{૬}$ શિલિંગના $\frac{૭}{૫}$ ઉમેરો અને જવાબ પૌંડ શિલિંગ પેન્સમાં કાઢો.

૪૩. ૨ રૂપીઆના $\frac{૧}{૭}$ માં ૩ આનાના $\frac{૫}{૧૪}$ ઉમેરો અને જવાબ રૂપીઆ આના પાઇમાં કાઢો.

પ્રકરણ ૨૩ મું.

અપૂર્ણાંકની બાદબાકી.

૧. અપૂર્ણાંકની બાદબાકી કરતી વખતે પણ દરેક અપૂર્ણાંકને સમચ્છેદ કરવા જોઇએ. કારણ કે જે અપૂર્ણાંકોના છેદ સરખા હોય તેમની બાદબાકી સહેલાઇથી થઇ શકે છે. દાખલા તરિકે $\frac{૮}{૫}$ માંથી $\frac{૩}{૫}$ બાદ કરવા હોય તો કુદરતી રીતે આપણે $\frac{૮}{૫} - \frac{૩}{૫} = \frac{૮-૩}{૫} = \frac{૫}{૫} = ૧$ મેળવી શકીશું.

૨. ઉપર બતાવેલા કારણથી જે અપૂર્ણાંકોની બાદબાકી કરવાની હોય તેને પહેલા સમચ્છેદ કરવા.

ધારો કે, આપણે $\frac{૯}{૨૦}$ માંથી $\frac{૪}{૧૫}$ બાદ કરવા છે. તેથી પહેલાં આપણે ૨૦ ને ૧૫ નો લઘુતમ સાધારણ અવયવી શોધી કાઢીએ.

૫	૨૦, ૧૫
૪	૪, ૩
૩	૧, ૩
	૧, ૧

તેથી લઘુતમ સાધારણ અવયવી ૫ × ૪ × ૩ = ૬૦ આવ્યો.

$\frac{૯}{૨૦}$ ના અંશ છેદને ત્રણવડે ગુણવાથી $\frac{૯}{૨૦} = \frac{૨૭}{૬૦}$

તેવીજ રીતે $\frac{૪}{૧૫} = \frac{૧૬}{૬૦}$

તેથી $\frac{૯}{૨૦} - \frac{૪}{૧૫} = \frac{૨૭}{૬૦} - \frac{૧૬}{૬૦} = \frac{૨૭-૧૬}{૬૦} = \frac{૧૧}{૬૦}$

૩. તેવીજ રીતે કોઇ રકમમાં સરવાળા તથા બાદબાકીનાં ચિન્હ સાથે સાથે આવતાં હોય તેવા દાખલાઓ પણ સહેલાઇથી ગણી શકાશે.

ધારો કે આપણે $\frac{૧}{૨} - \frac{૧}{૩} + \frac{૧}{૪} - \frac{૧}{૫} + \frac{૧}{૬}$ ની કિંમત કાઢવાની છે. શરૂઆતમાં આપણે ૨, ૩, ૪, ૫, ૬ નો લઘુતમ સાધારણ અવયવી શોધી કાઢીએ.

૨	૨, ૩, ૪, ૫, ૬
૩	૧, ૩, ૨, ૫, ૩
૨	૧, ૧, ૨, ૫, ૧
૫	૧, ૧, ૧, ૫, ૧
	૧, ૧, ૧, ૧, ૧

તેથી લઘુતમ સાધારણ અવયવી ૨ × ૩ × ૨ × ૫ = ૬૦ આવ્યો.

તેટલા માટે $\frac{૧}{૨} = \frac{૩૦}{૬૦}$

,, $\frac{૧}{૩} = \frac{૨૦}{૬૦}$

,, $\frac{૧}{૪} = \frac{૧૫}{૬૦}$

,, $\frac{૧}{૫} = \frac{૧૨}{૬૦}$

અને $\frac{૧}{૬} = \frac{૧૦}{૬૦}$

તેથી $\frac{૧}{૨} - \frac{૧}{૩} + \frac{૧}{૪} - \frac{૧}{૫} + \frac{૧}{૬}$,

$= \frac{૩૦}{૬૦} - \frac{૨૦}{૬૦} + \frac{૧૫}{૬૦} - \frac{૧૨}{૬૦} + \frac{૧૦}{૬૦}$.

$= \frac{૩૦-૨૦+૧૫-૧૨+૧૦}{૬૦}$

$= \frac{૫૫-૩૨}{૬૦}$

$= \frac{૨૩}{૬૦}$.

જેટલાની પેહેલાં સરવાળાનું ચિન્હ હતું તેટલાનો આપણે સરવાળો કર્યો અને તેમાંથી બાદબાકીના ચિન્હવાળી સંખ્યાઓના સરવાળાને બાદ કર્યો.

૪. કૌંસનો ઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે કૌંસની અંદર આવેલી રકમોની પહેલાં કિંમત કાઢવી અને પછી કૃતિ કરવી. દાખલા તરિકે, ધારો કે આપણે $(\frac{૨}{૩}-\frac{૧}{૬}) - (\frac{૧૧}{૧૨}-\frac{૮}{૯})$ ની કિંમત કાઢવાની છે.

$(\frac{૨}{૩} - \frac{૧}{૬}) = (\frac{૪}{૬} - \frac{૧}{૬}) = (\frac{૪-૧}{૬}) = \frac{૩}{૬} = \frac{૧}{૨}$.

તેવીજ રીતે

$$\left(\frac{૧૧}{૧૨} - \frac{૮}{૯} \right) = \left(\frac{૩૩}{૩૬} - \frac{૩૨}{૩૬} \right)$$
$$= \left(\frac{૩૩-૩૨}{૩૬} \right) = \frac{૧}{૩૬}.$$

તેટલા માટે આપેલી રકમ.

$\frac{૧}{૨} - \frac{૧}{૩૬}$ ની બરોબર થઇ.

હવે $\frac{૧}{૨} - \frac{૧}{૩૬} = \frac{૧૮}{૩૬} - \frac{૧}{૩૬} = \frac{૧૮-૧}{૩૬},$
$$= \frac{૧૭}{૩૬}$$

આપેલી રકમની કિંમત $\frac{૧૭}{૩૬}$ થઇ.

૫. કોઇ વખત કૌંસમાં એવી રકમ પણ આવે, કે જેમાં નાની સંખ્યામાંથી મોટી સંખ્યા બાદ કરવી પડે. આવા પ્રસંગે મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરતાં જે જવાબ આવે તેની પાછળ ઓછાનું ચિન્હ મુકવુંજ જોઇએ. દાખલા તરિકે ધારો કે, આપણે ૬ − (૩−૪) ની કિમત કાઢવી છે. આ દાખલામાં કૌંસની જે રકમ છે તેમાં ૩ માંથી ૪ બાદ કરવાના છે, તેથી આપણે ૪ માંથી ૩ બાદ કરી જે જવાબ આવે તેની પાછળ ઓછાનું ચિન્હ મુકીશું. તેટલા માટે ૬ − (૩−૪) = ૬ − (−૧).

હવે અત્રે ૬ માંથી −૧ બાદ કરવાનો છે.

આ બાદબાકી કેવી રીતે કરવી તે સમજાવવા આપણે એક સહેલું ઉદાહરણ લઇશું. + ૬ નો અર્થ એવો છે, કે મારી પાસે રૂ. ૬ છે.−૧ નો અર્થ એવો છે કે મારે ૧ રૂપિયાનું દેવું છે. મારી પાસે ૬ રૂપિયાની મુડી હોય, તે વખતે, જો ૧ રૂપિયાનું દેવું ઓછું થઇ જાય, અર્થાત, પતી જાય તો મારી મુડીમાં ૧ રૂપીઆનો વધારો થયા જેટલોજ લાભ મળશે. એટલે ૬ માંથી − ૧ બાદ કરવા તે ૬ માં ૧ ઉમેરવાની બરોબર છે.

તેથી ૬ − (−૧) = ૬ + ૧ = ૭

આ હિસાબ નીચે પ્રમાણે પણ ગણી શકાશે.

કારણ કે, ૬ − (૩−૪) = ૬ − ૩ + ૪ = ૭.

આ રીતમાં આપણે કૌંસમાં આપેલી રકમો ૬ માંથી વારાફરતી બાદ કરીએ છીએ. ૩ બાદ કરવા તે — ૩ ઉમેરવાની બરોબર છે અને તેવીજ રીતે — ૪ બાદ કરવા તે ૪ ઉમેરવાની બરોબર છે. આ નિયમ અનુસરી આપણે ૬ − (૩−૪) ને ૬−૩+૪ ની બરોબર લખી શક્યા, તે અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ.

૬. ઉપર આપણે સિદ્ધાંત સમજાવવા ખાતર પૂર્ણાંકનો દાખલો લીધો. પણ તેવાજ પ્રકારનો અપૂર્ણાંકનો દાખલો આવે તો પણ તેજ રીતે ગણી શકાશે. ધારો કે, આપણે નીચેની રકમ $(\frac{૩}{૪} - \frac{૨}{૩}) - (\frac{૫}{૬} - \frac{૭}{૮})$ ની કિંમત કાઢવાની છે. બીજા કૌંસની રકમોને વારાફરતી બાદ કરતાં

$$(\frac{૩}{૪} - \frac{૨}{૩}) - (\frac{૫}{૬} - \frac{૭}{૮}) = \frac{૩}{૪} - \frac{૨}{૩} - \frac{૫}{૬} + \frac{૭}{૮}.$$

$$= \frac{૧૮}{૨૪} - \frac{૧૬}{૨૪} - \frac{૨૦}{૨૪} + \frac{૨૧}{૨૪}$$

$$= \frac{૩૯}{૨૪} - \frac{૩૬}{૨૪} = \frac{૩}{૨૪} = \frac{૧}{૮}$$

૭. આ પ્રકરણ પુરૂં કરતા પહેલાં આપણે થોડા સહેલા દાખલાઓ ગણીશું.

દા. ૧ ૩ રૂપીઆના $\frac{૩}{૫}$ માંથી ૧૦ આનાના $\frac{૭}{૨૫}$ બાદ કરો.

૩ રૂપીઆના $\frac{૩}{૫} = \frac{૯}{૫}$ રૂપીઆ $= ૧\frac{૪}{૫}$ રૂપીઆ,

હવે આપણે $\frac{૪}{૫}$ રૂપીઆના આના પાઇ કરીએ.

$\frac{૪}{૫}$ રૂપીઆ $= \frac{૪}{૫} \times ૧૬$ આના

$= \frac{૬૪}{૫}$ આના

$= ૧૨\frac{૪}{૫}$ આના

$\frac{૪}{૫}$ આના $= \frac{૪}{૫} \times ૧૨$ પાઇ

$= \frac{૪૮}{૫}$ પાઇ

$= ૯\frac{૩}{૫}$ પાઇ

માટે ૩ રૂપીઆના $\frac{૩}{૫} =$ ૧ રૂપીઓ ૧૨ આના $૯\frac{૩}{૫}$ પાઇ

તેવીજ રીતે

૧૦ આનાના $\frac{૭}{૨૫}$ = ૧૦ × $\frac{૭}{૨૫}$ આના

= $\frac{૭૦}{૨૫}$ આના

= $\frac{૧૪}{૫}$ આના

= ૨$\frac{૪}{૫}$ આના

$\frac{૪}{૫}$ આના = $\frac{૪}{૫}$ × ૧૨ પાઇ

= $\frac{૪૮}{૫}$ પાઇ = ૯$\frac{૩}{૫}$ પાઇ

તેથી ૧૦ આનાના $\frac{૭}{૨૫}$ = ૨ આના ૯$\frac{૩}{૫}$ પાઇ

માટે ૩ રૂપીઆના $\frac{૩}{૫}$ − ૧૦ આનાના $\frac{૭}{૨૫}$

= ૧ રૂ. ૧૨ આ. ૯$\frac{૩}{૫}$ પાઇ − રૂ. ૦−૨−૯$\frac{૩}{૫}$ પાઇ.

= ૧ રૂ. ૧૦ આ.

દા. ૨. ૧૮૨$\frac{૨}{૩}$ યાર્ડમાંથી $\frac{૫}{૧૧}$ ફર્લાંગ બાદ કરો.

૧૮૨$\frac{૨}{૩}$ યાર્ડ = $\frac{૫૪૮}{૩}$ × ૩ ફીટ = ૫૪૮ ફીટ

$\frac{૫}{૧૧}$ ફર્લાંગ = $\frac{૫}{૧૧}$ × ૬૬૦ ફીટ

= $\frac{૩૩૦૦}{૧૧}$ ફીટ = ૩૦૦ ફીટ.

૧૮૨$\frac{૨}{૩}$ યાર્ડ − $\frac{૫}{૧૧}$ ફર્લાંગ

= ૫૪૮ ફીટ − ૩૦૦ ફીટ

= ૨૪૮ ફીટ

દા. ૩. $\frac{૭+૬}{૩૧+૨૭}$ ની કિંમત $\frac{૭}{૩૧}$ થી નાની અને $\frac{૬}{૨૭}$ થી મોટી છે એમ સાબીત કરો.

$\frac{૭+૬}{૩૧+૨૭} = \frac{૧૩}{૫૮}$

અત્રે $\frac{૧૩}{૫૮} - \frac{૬}{૨૭} = \frac{૧૩}{૫૮} - \frac{૨}{૯} = \frac{૧૧૭}{૫૨૨} - \frac{૧૧૬}{૫૨૨} = \frac{૧૧૭-૧૧૬}{૫૨૨} = \frac{૧}{૫૨૨}$

તેથી $\frac{૬}{૨૭}$ કરતાં $\frac{૧૩}{૫૮}$ મોટી છે એમ સાબિત થયું.

તેવીજ રીતે $\frac{૭}{૩૧} - \frac{૧૩}{૫૮} = \frac{૪૦૬}{૧૭૯૮} - \frac{૪૦૩}{૧૭૯૮} = \frac{૪૦૬-૪૦૩}{૧૭૯૮} = \frac{૩}{૧૭૯૮}$, માટે $\frac{૭}{૩૧}$ મોટી છે.

મનોયત્ન ૨૩ મું.

નીચેના ૧૦ દાખલાઓમાં આપેલી રકમોને સાદા રૂપમાં લાવો.

૧. $\frac{૫}{૬} - \frac{૨}{૩} + \frac{૧}{૧૨}$ ૨. $\frac{૭}{૮} - \frac{૫}{૧૨} - \frac{૨}{૧૫}$

૩. $\frac{૧૧}{૪૦} - \frac{૯}{૫૦} + \frac{૭}{૬૦} - \frac{૧૩}{૭૦}$ ૪. $૧\frac{૭}{૮} - ૨\frac{૧}{૧૬} + ૩\frac{૧૩}{૩૨}$

૫. $\frac{૮}{૯} - \frac{૨૩}{૨૭} + \frac{૭૧}{૮૧} - \frac{૨૧૧}{૨૪૩}$ ૬. $૨ + \frac{૧}{૨} + \frac{૧}{૬} + \frac{૧}{૨૪} + \frac{૧}{૧૨૦} + \frac{૧}{૭૨૦}$

૭. $૧ - \frac{૧}{૩} + \frac{૧}{૫} - \frac{૧}{૭} + \frac{૧}{૯}$

૮. $૧૧\frac{૨}{૭} - ૯\frac{૩}{૧૪} + ૭\frac{૨૦}{૨૧} - ૧૦\frac{૧}{૨૮}$.

૯. $૧ - \frac{૧}{૨} + \frac{૧}{૪} - \frac{૧}{૮} + \frac{૧}{૧૬} - \frac{૧}{૩૨} + \frac{૧}{૬૪}$.

૧૦. $૧ - \frac{૧}{૩} + \frac{૧}{૯} - \frac{૧}{૨૭} + \frac{૧}{૮૧} - \frac{૧}{૨૪૩}$.

નીચેના પાંચ દાખલાઓમાં કૌસ છોડી રકમોને સાદામાં સાદું રૂપ આપો.

૧૧. $\frac{૨}{૩} - (\frac{૫}{૬} - \frac{૬}{૭})$

૧૨. $(\frac{૩}{૫} - \frac{૨}{૭}) - (\frac{૧૧}{૩૫} - \frac{૨૨}{૬૩})$.

૧૩. $(\frac{૫}{૮} - \frac{૩}{૪} + \frac{૧}{૨}) - (\frac{૯}{૧૬} - \frac{૧૧}{૩૨} - \frac{૧૩}{૬૪})$.

૧૪. $\frac{૧}{૫} - (\frac{૧}{૧૦} - \frac{૧૧}{૨૦}) + (\frac{૧}{૩૦} - \frac{૯}{૪૦})$.

૧૫. $(\frac{૧}{૩} - \frac{૧}{૫}) - (\frac{૧}{૭} - \frac{૬}{૩૫}) + (\frac{૨}{૯} - \frac{૧૭}{૬૩})$.

૧૬. $\frac{૩}{૭}$ રૂપીઆમાંથી $\frac{૫}{૧૪}$ આના બાદ કરો અને જવાબ રૂપીઆ આના પાઇમાં લાવો.

૧૭. $\frac{૨}{૯}$ રૂપીઆમાંથી $૨\frac{૨}{૩}$ પાઇ બાદ કરો અને જવાબને એક રૂપીઆના અપૂર્ણાંકનું રૂપ આપો.

૧૮. $\frac{૪}{૨૫}$ પૌંડમાંથી $૩\frac{૩}{૫}$ શિલિંગ બાદ કરો અને જવાબ પૌંડ શિલિંગ પેન્સમાં કાઢો

૧૯. $\frac{૯૭}{૨૭૦}$ પૌંડમાંથી $૧૦૨\frac{૩}{૫}$ પેન્સ બાદ કરો અને જવાબને પૌંડના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૦. (૩ પૌંડના $\frac{૪}{૭}$) − (૧૧ શિલિંગના $\frac{૧૧}{૬૪}$) + (૧૨૧ પેન્સના $\frac{૧૭}{૭૭}$) ની કિંમત પૌંડ શિલિંગ પેન્સમાં કાઢો.

૨૧. $\frac{૨}{૩}$ મણુમાંથી ૫ શેરના $૨\frac{૫}{૬}$ બાદ કરો અને જવાબને એક મણુના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૨. (૪ મણુના $\frac{૩}{૧૦૦}$) – (૧૨ શેરના $\frac{૩}{૧૦}$) ના કેટલા રૂપીઆભાર થશે ?

૨૩. $\frac{૨}{૩}$ ટનમાંથી $\frac{૩૭}{૧૩}$ હંડ્રવેટ બાદ કરો અને જવાબ રતલમાં લાવો.

૨૪. ($\frac{૧}{૫}$ – $\frac{૧}{૬}$) ટન – ($૧૨\frac{૩}{૫}$ – $૭\frac{૫}{૬}$) હંડ્રવેટને ટનના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૫. $\frac{૭}{૨૨}$ ફર્લાંગમાંથી ($૧૦\frac{૪}{૫}$ – $\frac{૩}{૪}$) યાર્ડ બાદ કરો. અને જવાબ ફીટમાં લાવો.

પ્રકરણ ૨૪ મું.

અપૂર્ણાંકના ગુણાકાર.

૧. બે અપૂર્ણાંક સંખ્યાઓનો ગુણાકાર કરતાં પહેલાં આપણે એક સાધારણ દૃષ્ટાંત લઈશું. ધારો કે, આપણી પાસે ૧૦૦ રૂપીઆ છે અને આપણે ૧૦૦ રૂપીઆના $\frac{૨}{૫}$ નો $\frac{૧}{૮}$ શોધી કાઢવો છે, અર્થાત્ ૧૦૦ રૂપીઆનો $\frac{૨}{૫}$ ભાગ લઈ જે જવાબ આવે તેનો $\frac{૧}{૮}$ ભાગ શોધી કાઢવો છે. પહેલાં આપણે ૧૦૦ રૂપીઆનો $\frac{૨}{૫}$ ભાગ લઈએ.

$$\text{૧૦૦ રૂપીઆ} \times \frac{૨}{૫} = \frac{૨૦૦}{૫} \text{ રૂપીઆ.}$$
$$= \text{૪૦ રૂપીઆ.}$$

હવે ૪૦ રૂપીઆનો $\frac{૧}{૮}$ ભાગ.

$$= \text{૪૦ રૂપીઆ} \times \frac{૧}{૮} = \frac{૪૦}{૮} \text{ રૂપીઆ.}$$
$$= \text{૫ રૂપીઆ.}$$

પણ આપણે જાણીએ છીએ કે ૫ રૂપીઆ ૧૦૦ રૂપીઆનો વીસમો ભાગ છે. તેથી કુદરતી રીતે $\frac{૨}{૫} \times \frac{૧}{૮}$ સંખ્યા $\frac{૧}{૨૦}$ ની બરોબર હોવી જોઈએ. આ પરિણામ અંશોના ગુણાકારને અંશમાં મુકી અને છેદોના ગુણાકારને છેદમાં મુકી જે નવું અપૂર્ણાંક આવે તેનું સાદું રૂપ આપવાથી પણ મળી આવશે.

એટલે $\frac{૨}{૫} \times \frac{૧}{૮} = \frac{૨}{૪૦} = \frac{૧}{૨૦}$.

તેથી ગુણાકાર કરવા માટે નીચેની રીતનો ઉપયોગ કરવો.

જે અપૂર્ણાંકોનો ગુણાકાર કરવાનો હોય તેમના અંશોનો ગુણાકાર અને છેદોનો ગુણાકાર કરવો અંશોના ગુણાકારને અંશમાં મુકવો અને છેદોના ગુણાકારને છેદમાં મુકવો. આમ કરવાથી જે નવું અપૂર્ણાંક આવશે તે આપેલા અપૂર્ણાંકોના ગુણાકારની બરોબર થશે.

૨. એથી વધુ અપૂર્ણાંકોનો ગુણાકાર પણ આવીજ રીતે થઇ શકશે. ધારો કે આપણે $\frac{૨}{૭} \times \frac{૧૪}{૧૩} \times \frac{૩૯}{૮}$ ની કિંમત કાઢવાની છે.

$\frac{૨}{૭} \times \frac{૧૪}{૧૩} \times \frac{૩૯}{૮} = \frac{૧૦૯૨}{૭૨૮}$.

$\frac{૧૦૯૨}{૭૨૮}$ ના અંશ છેદને ૩૬૪ વડે ભાગી શકાય છે તેથી $\frac{૧૦૯૨}{૭૨૮} = \frac{૩}{૨}$.

તેટલા માટે $\frac{૨}{૭} \times \frac{૧૪}{૧૩} \times \frac{૩૯}{૮} = \frac{૩}{૨} = ૧\frac{૧}{૨}$.

આ હિસાબમાં અંશોનો તેમજ છેદોનો ગુણાકાર કરવાની મહેનત નીચે પ્રમાણે બચાવી શકાશે.

$\frac{૨}{૭} \times \frac{૧૪}{૧૩} \times \frac{૩૯}{૮} = \frac{૨ \times ૧૪ \times ૩૯}{૭ \times ૧૩ \times ૮}$.

$= \frac{૧૪ \times ૩૯}{૭ \times ૧૩ \times ૪}$ (અંશ છેદને ૨ વડે ભાગવાથી)

$= \frac{૨ \times ૩૯}{૧૩ \times ૪}$ (અંશ છેદને ૭ વડે ભાગવાથી)

$= \frac{૩૯}{૧૩ \times ૨}$ અંશ છેદને ૨ વડે ભાગવાથી)

$= \frac{૩}{૨}$ (અંશ છેદને ૧૩ વડે ભાગવાથી)

$= ૧\frac{૧}{૨}$.

આવી રીતે ગુણાકાર કરવામાં એકે એક પદને સમજણ આપીને સઘળી પદ્ધતિ નિયમ પૂર્વક કરવાની ટેવ પાડવી જોઇએ. સમજ્યા વિના જુદા જુદા આંકડા કાપી નાંખી તેને બદલે તે આંકડાઓ ઉપર ભાગાકાર મુકાવવાની જે રીત પડી ગઇ છે તેથી યંત્રની માફક કારણની સમજણ વિના ગણત્રી કરવાની બાળકોને ટેવ પડે છે. તેટલા માટે બે ચાર પદ વધુ લખવાં પડે તો તેની દરકાર નહીં કરતાં ઉપર બતાવ્યા પ્રમાણે નિયમ પુરઃસર ગણત્રી કરવી જોઇએ. થોડો મહાવરો પડ્યા પછી અંશો અને છેદોનું અતિસંક્ષિપ્ત રૂપ આપી શકાશે.

૩. હવે આપણે કેટલાંક ઉદાહરણો આપીશું.

દા. ૧. $(\frac{૧}{૩} + \frac{૧}{૪}) \times (\frac{૪}{૩} - ૧\frac{૧}{૭})$ ની કિંમત કાઢો.

અત્રે કૌંસમાં આપેલી રકમોની શરૂઆતમાં કિંમત કાઢવી જોઇએ.

$\frac{૧}{૩} + \frac{૧}{૪} = \frac{૪}{૧૨} + \frac{૩}{૧૨} = \frac{૪+૩}{૧૨} = \frac{૭}{૧૨}$,

$\frac{૪}{૩} - ૧\frac{૧}{૭} = \frac{૪}{૩} - \frac{૮}{૭} = \frac{૨૮}{૨૧} - \frac{૨૪}{૨૧} = \frac{૪}{૨૧}$ તેથી આપેલી રકમ $\frac{૭}{૧૨} \times \frac{૪}{૨૧}$ ની બરોબર છે.

તેટલા માટે $\frac{૭}{૧૨} \times \frac{૪}{૨૧} = \frac{૭ \times ૪}{૧૨ \times ૨૧}$

$= \frac{૪}{૧૨ \times ૩}$ (અંશ છેદને ૭ વડે ભાગવાથી.)

$= \frac{૧}{૩ \times ૩}$ (અંશ છેદને ૪ વડે ભાગવાથી.)

$= \frac{૧}{૯}$.

તેથી આપેલી રકમની કિંમત $\frac{૧}{૯}$ છે.

દા. ૨ એક રૂપિયાના $\frac{૫}{૬}$ ના $\frac{૮}{૨૫}$ ના $\frac{૪૫}{૬૪}$ ની પાઇઓ કાઢો.

એક રૂપીઆની ૧૯૨ પાઇઓ થાય છે. તેથી એક રૂપીઆના $\frac{૫}{૬}$ ના $\frac{૮}{૨૫}$ ના $\frac{૪૫}{૬૪}$

$= ૧૯૨ \times \frac{૫}{૬} \times \frac{૮}{૨૫} \times \frac{૪૫}{૬૪}$ પાઇ

$= \frac{૩ \times ૫ \times ૮ \times ૪૫}{૬ \times ૨૫}$ પાઇ (અંશ છેદને ૬૪ વડે ભાગવાથી)

$= \frac{૫ \times ૮ \times ૪૫}{૨ \times ૨૫}$ પાઇ (અંશ છેદને ૩ વડે ભાગવાથી)

$= \frac{૮ \times ૪૫}{૨ \times ૫}$ પાઈ (અંશ છેદને ૫ વડે ભાગવાથી)

$= \frac{૪ \times ૪૫}{૫}$ પાઇ (અંશ છેદને ૨ વડે ભાગવાથી)

$= ૪ \times ૯$ પાઈ (અંશ છેદને ૫ વડે ભાગવાથી)

$= ૩૬$ પાઇ.

દા. ૩. $\left(\frac{૫}{૭} - \frac{૨}{૩} \right) \times \left(\frac{૧}{૫} + \frac{૧}{૯} \right) \times \left(\frac{૧૭}{૧૪૩} + \frac{૩}{૧૧} - \frac{૧}{૧૩} \right) \times \left(\frac{૧}{૩} + \frac{૨૧}{૮૦} \right)$ પૌંડના પેન્સ શોધી કાઢો.

કૌંસમાં આપેલી રકમોને શરૂઆતમાં સાદું રૂપ આપવું જોઇએ.

$\frac{૫}{૭} - \frac{૨}{૩} = \frac{૧૫}{૨૧} - \frac{૧૪}{૨૧} = \frac{૧}{૨૧}$

$\frac{૧}{૫} + \frac{૧}{૯} = \frac{૯}{૪૫} + \frac{૫}{૪૫} = \frac{૧૪}{૪૫}$

$\frac{૧૭}{૧૪૩} + \frac{૩}{૧૧} - \frac{૧}{૧૩} = \frac{૧૭}{૧૪૩} + \frac{૩૯}{૧૪૩} - \frac{૧૧}{૧૪૩}$

$= \frac{૧૭+૩૯-૧૧}{૧૪૩} = \frac{૪૫}{૧૪૩}$

$\frac{૧}{૩} + \frac{૨૧}{૮૦} = \frac{૮૦}{૨૪૦} + \frac{૬૩}{૨૪૦} = \frac{૧૪૩}{૨૪૦}$

તેટલા માટે

$\frac{૧}{૨૧} \times \frac{૧૪}{૪૫} \times \frac{૪૫}{૧૪૩} \times \frac{૧૪૩}{૨૪૦}$

$= \frac{૨}{૩} \times \frac{૧}{૨૪૦}$ (અંશ છેદને ૭ × ૪૫ × ૧૪૩ વડે ભાગવાથી.)

$= \frac{૧}{૩ \times ૧૨૦}$ (અંશ છેદને ૨ વડે ભાગવાથી)

$= \frac{૧}{૩૬૦}$

પૌંડના $\frac{૧}{૩૬૦}$ = ૨૪૦ પેન્સ × $\frac{૧}{૩૬૦}$

$= \frac{૨૪૦}{૩૬૦}$ પેન્સ

$= \frac{૨}{૩}$ પેન્સ

દા. ૪. એક વાડીમાં જેટલાં ઝાડ છે તેમાંના $\frac{૩}{૧૧}$ આંબા છે અને $\frac{૨}{૩}$ જામફળી છે; બાકીનાં ઝાડ નારંગીનાં છે. જો નારંગીનાં ઝાડ ૧૦ હોય, તો કુલ ઝાડની સંખ્યા કેટલી ?

ધારો કે કુલ ઝાડ તેત્રીસ છે. ઝાડની સંખ્યા તેત્રીસ ધારવાનું કારણ એટલુંજ કે ગણત્રીમાં કોઇપણ જાતના ઝાડની સંખ્યા અપૂર્ણાંકમાં આવે નહીં.

જો કુલ ઝાડ ૩૩ હોય તો

આંબાની સંખ્યા = ૩૩ × $\frac{૩}{૧૧}$ = ૩ × ૩ = ૯

જામફળીની સંખ્યા = ૩૩ × $\frac{૨}{૩}$ = ૧૧ × ૨ = ૨૨

નારંગીનાં ઝાડ = ઝાડની કુલ સંખ્યા − આંબાનાં ઝાડ − જામફળીનાં ઝાડ = ૩૩ − ૯ − ૨૨ = ૨.

તેથી નારંગીનાં ઝાડ ૨ હોય તો કુલ ઝાડ ૩૩ હોવાં જોઇએ. પણ દાખલામાં નારંગીનાં ઝાડ ૧૦ આપ્યાં છે, તેથી ના-

રંગીનાં ઝાડ ૨ × ૫ ની બરોબર છે: તેટલા માટે કુલ ઝાડ ૩૩ × ૫ અથવા ૧૬૫ ની બરોબર હોવાં જોઇએ.

દા. ૫. એક માણસને પાંચ છોકરા છે. તેણે પોતાની મુડીનો $\frac{૧}{૩}$ ભાગ પેહેલાને આપ્યો; તેમ કરતાં જે બાકી રહ્યું તેનો $\frac{૧}{૪}$ ભાગ બીજાને આપ્યો; પછી જે બાકી રહ્યું તેનો $\frac{૧}{૭}$ ભાગ ત્રીજાને આપ્યો; તેમ કરતાં જે બાકી રહ્યું તેનો $\frac{૨}{૯}$ ભાગ ચોથાને આપ્યો: છેવટે જે બાકી રહ્યું તે બધું પાંચમાને આપ્યું. જો પાંચમા છોકરાના ભાગમાં ૧૦૦૦ રૂપીઆ આવ્યા તો તે માણસની પાસે કેટલી મુડી હશે ?

ગણત્રીમાં અપૂર્ણાંક ન આવે તે હેતુથી આપણે તે માણસની કુલ મુડી ૯ × ૭ × ૪ અથવા ૨૫૨ રૂપીઆ ધારીએ.

પહેલાને ૨૫૨ × $\frac{૧}{૩}$ = ૮૪ રૂપીઆ આપ્યા, જેમ કરતાં ૨૫૧ – ૮૪ = ૧૬૮ રૂપીઆ બાકી રહ્યા.

બીજાને ૧૬૮ × $\frac{૧}{૪}$ = ૪૨ રૂપીઆ આપ્યા, જેથી ૧૬૮ – ૪૨ = ૧૨૬ રૂપીઆ બાકી રહ્યા.

ત્રીજાને ૧૨૬ × $\frac{૧}{૭}$ = ૧૮ રૂપીઆ આપ્યા, જેથી ૧૨૬ – ૧૮ = ૧૦૮ રૂપીઆ બાકી રહ્યા.

ચોથાને ૧૦૮ × $\frac{૨}{૯}$ = ૨૪ રૂપીઆ આપ્યા, જેથી ૧૦૮ – ૨૪ = ૮૪ રૂપીઆ બાકી રહ્યા તેથી પાંચમા છોકરાને બાકી રહેલા ૮૪ રૂપીઆ મળ્યા.

તેથી પાંચમાને ૮૪ રૂપીઆ મળે તો તે માણસની કુલ મુડી ૨૫૨ રૂપીઆ હોવી જોઇએ, અર્થાત, પાંચમાના ભાગ ૮૪ રૂપીઆથી ૩ ગણી કુલ મુડી હોવી જોઇએ, કારણ કે ૮૪ કરતાં ૨૫૨ સંખ્યા ત્રણ ગણી છે, અથવા, ૮૪ સંખ્યા ૨૫૨ નો ત્રીજો ભાગ છે. પણ દાખલામાં આપ્યા મુજબ પાંચમા છોકરાના ભાગમાં ૧૦૦૦ રૂપીઆ આવ્યા છે, તેથી કુલ મુડી પાંચમાના ભાગ

કરતાં ત્રણ ગણી, એટલે, ૧૦૦૦ × ૩ = ૩૦૦૦ રૂપીઆ હોવી જોઇએ.

દા ૬ એક ટ્રેન એક કલાકમાં ૨૪ માઇલ ૫ ફર્લાંગ અને ૧૮૦ યાર્ડ ચાલે છે, તો તે ટ્રેન $૬\frac{૮}{૧૭}$ કલાકમાં કેટલા માઇલ ચાલશે?

૨૪ માઈલ ૫ ફર્લાંગ અને ૧૮૦ યાર્ડ

૨૪ માઇલ $૫\frac{૧૮૦}{૨૨૦}$ ફર્લાંગ

= ૨૪ માઇલ $૫\frac{૯}{૧૧}$ ફર્લાંગ

= ૨૪ માઇલ $\frac{૬૪}{૧૧}$ ફર્લાંગ = (૨૪ + $\frac{૬૪}{૧૧}$ × $\frac{૧}{૮}$) માઇલ.

= $૨૪\frac{૮}{૧૧}$ માઇલ

= $\frac{૨૭૨}{૧૧}$ માઇલ

$૬\frac{૮}{૧૭}$ કલાકમાં ટ્રેને કાપેલું અંતર.

= $\frac{૨૭૨}{૧૧}$ × $\frac{૧૧૦}{૧૭}$ માઇલ.

= $\frac{૧૬}{૧૧}$ × $\frac{૧૧૦}{૧}$ માઇલ (અંશ છેદને ૧૭ વડે ભાગતાં),

= ૧૬ × ૧૦ માઇલ (અંશ છેદને ૧૧ વડે ભાગતાં),

= ૧૬૦ માઇલ.

મનોયત્ન ૨૪ મું.

નીચેના દશ દાખલાઓમાં આપેલી સંયુક્ત અપૂર્ણાંકની રકમોને સાદું રૂપ આપો.

૧. $\frac{૨}{૩}$ ના $\frac{૪}{૫}$ ના $\frac{૬}{૧૧}$ ના $\frac{૧૧}{૧૨}$.

૨. $\frac{૫}{૬}$ ના $\frac{૧૨}{૧૩}$ ના $\frac{૨૬}{૩૭}$ ના $\frac{૭૪}{૨૫}$.

૩. $\frac{૩}{૯}$ ના $૨\frac{૫}{૧૧}$ ના $૧૬\frac{૧}{૨}$.

૪. $\frac{૯}{૧૦}$ ના $\frac{૨}{૭}$ ના $૬\frac{૧}{૨૯}$.

૫. $\frac{૩}{૫}$ ના $૧\frac{૨}{૩}$ ના $\frac{૯}{૧૩}$ ના $૪\frac{૧}{૩}$.

૬. $\frac{૭}{૮}$ × $\frac{૫}{૯}$ × $૧૪\frac{૨}{૫}$.

૭. $\frac{૮}{૧૭} \times \frac{૫}{૬} \times ૫\frac{૭}{૧૯}$

૮. $\frac{૧૩}{૬૩} \times \frac{૯}{૪} \times ૭\frac{૧}{૧૩}$.

૯. $\frac{૩}{૪} \times \frac{૯}{૧૬} \times \frac{૫}{૭} \times ૨\frac{૨૨}{૪૫}$.

૧૦. $\frac{૧}{૬} \times \frac{૮}{૧૧} \times \frac{૧}{૧૩} \times ૧૧\frac{૧૧}{૧૨} \times ૧૦\frac{૨}{૩}$.

નીચેના પાંચ દાખલાઓમાં આપેલી રકમોને સાદું રૂપ આપો.

૧૧. $(\frac{૧}{૭} + \frac{૨}{૧૧}) \times (૧\frac{૪}{૫} + ૧\frac{૭}{૨૫})$.

૧૨. $(\frac{૧}{૮} - \frac{૧}{૧૩}) \times (\frac{૧૭}{૬૦} + \frac{૩}{૨૦} + \frac{૨}{૧૫} + \frac{૧}{૯૦})$.

૧૩. $(\frac{૧૨}{૧૯} - \frac{૮}{૨૧}) \times (\frac{૨}{૫} + \frac{૪}{૧૫})$.

૧૪. $(\frac{૩}{૨} + \frac{૪}{૩}) \times (\frac{૮}{૭} + \frac{૩}{૪}) \times ૨\frac{૮}{૧૭}$.

૧૫. $\frac{૫}{૭}$ ના $\frac{૨૧}{૨૯} \times (૪\frac{૩}{૫} - \frac{૧}{૪})$.

૧૬. $\frac{૩}{૪}$ રૂપીઆના $\frac{૮}{૯}$ ના $૧\frac{૨૫}{૩૬}$ ને રૂપીઆ આના પાઇનું રૂપ આપો.

૧૭. $\frac{૫}{૯}$ પાઉંડના $૧\frac{૪}{૫}$ ના $\frac{૫૭}{૮૦}$ ને પાઉંડ શિલિંગ પેન્સનું રૂપ આપો.

૧૮. $\frac{૫}{૬}$ ટનના $\frac{૭}{૮}$ ના $૧\frac{૪}{૪૯}$ ની કિંમત રતલમાં શોધી કાઢો.

૧૯. $\frac{૧}{૨}$ મણના $\frac{૩}{૫}$ ના $\frac{૪}{૭}$ ના $૨\frac{૧}{૩}$ ની કિંમત શેરમાં શોધી કાઢો.

૨૦. $\frac{૩}{૪}$ માઇલના $\frac{૫}{૬}$ ના $\frac{૭}{૧૧}$ ના $૧\frac{૯}{૫૫}$ ની કિંમત ફીટમાં શોધી કાઢો.

૨૧. $(\frac{૫}{૬} + \frac{૭}{૮}) \times (૧\frac{૧}{૪} + \frac{૯૫}{૧૬૪})$ રૂપીઆની કેટલી પાઇઓ થાય ?

૨૨. $(\frac{૧}{૬} - \frac{૧}{૩}) \times (\frac{૧}{૮} - \frac{૧}{૯}) \times (\frac{૧}{૪} + \frac{૭}{૮})$ પૌંડના કેટલા પેન્સ થાય ?

૨૩. એક છોકરા પાસે કેટલાક પૈસા હતા, તેના $\frac{૧}{૬}$ નો તેણે કોટ લીધો, $\frac{૧}{૩}$ ની ચોપડી લીધી, $\frac{૧}{૮}$ ની પેન્સી-

લો લીધી; તેમ કરતાં બાકી બે આના રહ્યા, તો તેની પાસે કુલ કેટલા પૈસા હોવા જોઇએ ?

૨૪. જો એક વાર ફ્લેનલની કિંમત ૧ રૂપીઓ ૫ આના અને ૪$\frac{૪}{૫}$ પાઇ પડે, તો ૭$\frac{૨}{૩}$ વારનું શું પડશે ?

૨૫. ૧ ખાંડી ચોખાની કિંમત ૬૪$\frac{૨}{૩}$ રૂપીઆ પડે, તો ૧૪ ખાંડી ૧૧$\frac{૨૩}{૬૭}$ મણની કિંમત રૂપીઆ આના પાઇમાં શોધી કાઢો.

પ્રકરણ ૨૫ મું.

અપૂર્ણાંકના ભાગાકાર.

૧. અપૂર્ણાંકના ભાગાકાર શીખવવા પહેલાં એક અગત્યનો સિદ્ધાંત બાળકોના મગજમાં ઠસાવવો જોઇએ. આપણે ૪૨ ને ૭ વડે ભાગીએ છીએ, ત્યારે ૪૨ ભાજ્ય કહેવાય છે અને ૭ ભાજક કહેવાય છે. જે જવાબ આવે તેને આપણે ભાગાકાર કહીએ છીએ. ૪૨ ને ૭ વડે ભાગતાં ભાગાકાર ૬ આવે છે. હવે નિયમ એવો છે કે ભાજ્ય અને ભાજકને સરખી રકમે ગુણવામાં આવે તો ભાગાકારમાં ફેર થતો નથી. જુઓ, આપણે ૪૨ ને ૨ વડે ગુણીએ અને ૭ ને ૨ વડે ગુણીએ. હવે ભાજ્ય ૮૪ થયો અને ભાજક ૧૪ થયો. ૮૪ ને ૧૪ વડે ભાગીશું તો ભાગાકાર ૬ આવશે. આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે ભાજ્ય ભાજકને એકજ સંખ્યા વડે ગુણવાથી ભાગાકારની કિંમતમાં ફેરફાર થતો નથી.

૨. હવે આપણે આ નિયમને અનુસરી ૧૫ ને $\frac{૩}{૪}$ વડે ભાગીએ. ૧૫ ને $\frac{૩}{૪}$ વડે ભાગવાથી જે જવાબ આવશે, તેજ જવાબ ૧૫ × ૪ અથવા ૬૦ ને $\frac{૩}{૪}$ × ૪ અથવા ૩ વડે ભાગવાથી આવશે. એટલે,

$$૧૫ \div \left(\frac{૩}{૪}\right) = ૬૦ \div ૩ = ૨૦.$$

તેથી $$૧૫ \div \left(\frac{૩}{૪}\right) = \frac{૧૫ \times ૪}{\frac{૩}{૪} \times ૪} = ૧૫ \times \frac{૪}{૩}.$$

તેટલા માટે $\frac{૩}{૪}$ વડે કોઇ સંખ્યાને ભાગવી તે તેજ સંખ્યાને $\frac{૪}{૩}$ વડે ગુણવા બરોબર છે. તેથી નીચેનો નિયમ સિદ્ધ થયો.

કોઇ સંખ્યાને અપૂર્ણાંક વડે ભાગવી હોય ત્યારે આપેલા અપૂર્ણાંકના અંશને સ્થાને છેદ મુકવો અને છેદને

સ્થાને અંશ મુકવો. આમ કરતાં જે નવું અપૂર્ણાંક આવે તેને આપેલી સંખ્યા સાથે ગુણવી.

૩. ઉદાહરણ માટે આપણે થોડા દાખલા ગણીશું.

દા. ૧. $(\frac{2}{3}+\frac{4}{5}) \div (\frac{1}{6}+\frac{1}{5})$ ની કિંમત કાઢો.

અત્રે $\frac{2}{3}+\frac{4}{5} = \frac{10}{15}+\frac{12}{15} = \frac{22}{15}$.

અને $\frac{1}{6}+\frac{1}{5} = \frac{5}{30}+\frac{6}{30} = \frac{11}{30}$.

તેથી $\frac{22}{15} \div \frac{11}{30} = \frac{\overset{2}{\cancel{22}}}{\cancel{15}} \times \frac{\overset{2}{\cancel{30}}}{\cancel{11}} = 2 \times 2 = 4$.

દા. ૨ $\dfrac{3\frac{3}{4} \div 2\frac{2}{3} \text{ ના } \frac{3}{4}}{\frac{1}{7}+\frac{1}{8}}$ ની કિંમત કાઢો.

આવા દાખલાઓ ગણતી વખત જે સંખ્યાઓ વચ્ચે 'ના'નું **ચિન્હ હોય તે સંખ્યાઓ કૌંસમાં મુકેલી હોય** એવું ધારીને ગણત્રી શરૂ કરવી.

એટલે $3\frac{3}{4} \div 2\frac{2}{3}$ ના $\frac{3}{4}$.

$= \frac{15}{4} \div (\frac{8}{3} \text{ ના } \frac{3}{4})$

$= \frac{15}{4} \div (2)$.

$= \frac{15}{4} \times \frac{1}{2} = \frac{15}{8}$.

તેવીજ રીતે $\frac{1}{7}+\frac{1}{8} = \frac{8}{56}+\frac{7}{56} = \frac{15}{56}$.

આપેલી રકમ $= \frac{15}{8} \div \frac{15}{56}$

$= \frac{\cancel{15}}{\cancel{8}} \times \frac{\overset{7}{\cancel{56}}}{\cancel{15}}$.

$= 7$

દા. ૩. $\dfrac{3\frac{3}{4} \div 2\frac{2}{3} \times \frac{3}{4}}{\frac{1}{6}+\frac{2}{5}+\frac{7}{15}}$ ની કિંમત કાઢો.

આપેલી રકમના અંશમાં આપેલી સંખ્યાઓ વચ્ચે ગુણાકાર તેમજ ભાગાકારનું ચિન્હ છે. તેથી આપણે શી ગણત્રી પહેલી કરવી તે બાબત સંદેહ પડે છે. $3\frac{3}{4} \div 2\frac{2}{3} \times \frac{3}{4}$ નો અર્થ એવો

કરવામાં આવે છે કે $૩\frac{૩}{૪}$ ને $૨\frac{૨}{૩}$ વડે ભાગવાના છે અને $\frac{૩}{૪}$ વડે ગુણવાના છે.

તેથી $૩\frac{૩}{૪} \div ૨\frac{૨}{૩} \times \frac{૩}{૪} = \frac{૧૫}{૪} \div \frac{૮}{૩} \times \frac{૩}{૪}$

$= \frac{૧૫}{૪} \times \frac{૩}{૮} \times \frac{૩}{૪} = \frac{૧૩૫}{૧૨૮}$

આ ઉપરથી સમજાશે કે જો કોઈ હિસાબમાં ગુણાકાર અને ભાગાકારનાં ચિન્હો આવ્યાં હોય તો ભાગાકારના ચિન્હને મહત્વ આપવામાં આવે છે. તેથી આપણે

$\frac{૧૫}{૪}$ ને $\frac{૮}{૩}$ વડે પહેલાં ભાગ્યા જે

$\frac{૧૫}{૪} \times \frac{૩}{૮}$ અથવા $\frac{૪૫}{૩૨}$ થયા.

પછી $\frac{૪૫}{૩૨}$ ને $\frac{૩}{૪}$ વડે ગુણતાં $\frac{૧૩૫}{૧૨૮}$ આવ્યા.

$\frac{૧}{૬} + \frac{૨}{૫} + \frac{૭}{૭૫} = \frac{૨૫}{૧૫૦} + \frac{૬૦}{૧૫૦} + \frac{૧૪}{૧૫૦} = \frac{૯૯}{૧૫૦}$

$= \frac{૩૩}{૫૦}$

તેથી આપેલી રકમ $= \frac{૧૩૫}{૧૨૮} \div \frac{૩૩}{૫૦} = \frac{૧૩૫}{૧૨૮} \times \frac{૫૦}{૩૩}$

$= \frac{૪૫ \times ૫૦}{૧૨૮ \times ૧૧} = \frac{૨૨૫૦}{૧૧ \times ૧૨૮} = \frac{૧૧૨૫}{૧૧ \times ૬૪} = \frac{૧૧૨૫}{૭૦૪}$

$= ૧\frac{૪૨૧}{૭૦૪}$.

દા. ૪. ૯ ના $\frac{૭}{૮} \times \frac{૬}{૭} \times ૮૦\frac{૧}{૯} \div ૮\frac{૩}{૪}$ ના $\frac{૪}{૫}$ ની કિંમત કાઢો.

અત્રે જે સંખ્યાઓ વચ્ચે 'ના' નું ચિન્હ છે તેની કિંમત પહેલાં કાઢવી જોઈએ.

તેથી આપેલી રકમ $= (૯ \text{ ના } \frac{૭}{૮}) \times \frac{૬}{૭} \times \frac{૭૨૧}{૯} \div (\frac{૩૫}{૪} \text{ ના } \frac{૪}{૫})$

$= \frac{૬૩}{૮} \times \frac{૬}{૭} \times \frac{૭૨૧}{૯} \div ૭$

$= \frac{૬૩}{૮} \times \frac{૬}{૭} \times \frac{૧૦૩}{૯}$

$= \frac{૬ \times ૧૦૩}{૮} = \frac{૩ \times ૧૦૩}{૪} = \frac{૩૦૯}{૪} = ૭૭\frac{૧}{૪}$.

દા. ૫. $૧\frac{૨૯}{૩૬} + ૪\frac{૩}{૮} \times ૧\frac{૭}{૧૬}$ ની કિંમત કાઢો.

જ્યારે કોઈ હિસાબમાં સરવાળા બાદબાકી ગુણાકારને ભાગાકારનાં ચિન્હ આવ્યાં હોય ત્યારે ગુણાકાર ભાગાકારના ચિન્હને

મહત્ત્વ આપવું અને જે સંખ્યાઓ વચ્ચે ગુણાકાર ભાગાકારનાં ચિન્હ હોય તે સંખ્યાઓની શરૂઆતમાં ગણત્રી કરવી.

$$૧\frac{૨૯}{૩૬} + ૪\frac{૧}{૮} \times ૧\frac{૭}{૧૧}$$
$$= \frac{૬૫}{૩૬} + \frac{૩૩}{૮} \times \frac{૧૮}{૧૧}$$
$$= \frac{૬૫}{૩૬} + \frac{૩૩}{૪} \times \frac{૯}{૧૧}$$
$$= \frac{૬૫}{૩૬} + \frac{૩}{૪} \times ૯$$
$$= \frac{૬૫}{૩૬} + \frac{૨૭}{૪}$$
$$= \frac{૬૫}{૩૬} + \frac{૨૪૩}{૩૬} = \frac{૩૦૮}{૩૬} = \frac{૭૭}{૯} = ૮\frac{૫}{૯}.$$

દા. ૬. $૫\frac{૧}{૯} - ૭\frac{૭}{૮} \div ૯\frac{૯}{૨૦}$ ની કિંમત કાઢો.

અત્રે

$$૫\frac{૧}{૯} - ૭\frac{૭}{૮} \div ૯\frac{૯}{૨૦}$$
$$= \frac{૪૬}{૯} - \frac{૬૩}{૮} \div \frac{૧૮૯}{૨૦}$$
$$= \frac{૪૬}{૯} - \frac{૬૩}{૮} \times \frac{૨૦}{૧૮૯}$$
$$= \frac{૪૬}{૯} - \frac{૧}{૨} \times \frac{૫}{૩}$$
$$= \frac{૪૬}{૯} - \frac{૫}{૬} = \frac{૯૨}{૧૮} - \frac{૧૫}{૧૮} = \frac{૭૭}{૧૮} = ૪\frac{૫}{૧૮}$$

દા. ૭. એક રૂપીઆનું પોણાબશેર ઘી મળે તો સવામણ અઢીશેરનું શું આપવું પડશે?

આ દાખલામાં સવામણ અને અઢીશેરને પોણાબશેર વડે ભાગવાથી માગેલી કિંમત આવશે. સવામણ અને અઢીશેર = સાડા બાવન અથવા $૫૨\frac{૧}{૨}$ શેરની બરોબર છે અને પોણાબશેર $૧\frac{૩}{૪}$ શેરની બરોબર છે.

તેથી માગેલી કિંમત $= ૫૨\frac{૧}{૨} \div ૧\frac{૩}{૪} = ૫૨\frac{૧}{૨} \div \frac{૭}{૪}$

$= \frac{૧૦૫}{૨} \times \frac{૪}{૭} = \frac{૧૫}{૨} \times ૪ = ૧૫ \times ૨ = ૩૦$ રૂપીઆ

દા. ૮. એક ટ્રેન કલાકના ૨૯ માઇલ અને ૩ ફર્લાંગની ઝડપે અમદાવાદથી નીકળી મુંબઈ જાય છે. અમદાવાદથી મુંબઇ ૩૧૫ માઈલ દૂર છે, તો કેટલા વખતમાં તે ટ્રેન મુંબઇ પહોંચશે?

૩૯ માઈલ અને ૩ ફર્લાંગ = $૩૯\frac{૩}{૮}$ માઈલ

$= \frac{૩૧૫}{૮}$ માઈલ

માગેલો વખત = $૩૧૫ \div \frac{૩૧૫}{૮}$ કલાક

$= ૩૧૫ \times \frac{૮}{૩૧૫}$ કલાક

$= ૮$ કલાક

દા. ૯. પચીસ રૂપીએ એક ખાંડી અનાજ મળે તો ૧ શેર અનાજની શી કિંમત પડશે.

એક ખાંડીના ૨૦×૪૦ = ૮૦૦ શેર થાય છે. તેથી ૧ શેર અનાજની કિંમત = $\frac{૨૫}{૮૦૦}$ રૂપીઆ

$= \frac{૧}{૩૨}$ રૂપીઆ

$= \frac{૧}{૩૨} \times ૬૪$ પૈસા = ૨ પૈસા.

મનોયત્ન ૨૫ મું.

નીચેના દશ દાખલાઓમાં આપેલા ભાગાકાર કરો.

૧. $૫\frac{૩}{૧૯} \div ૫\frac{૪}{૧૯}$ ૨. $૧\frac{૭}{૮} \div ૬\frac{૪}{૫}$

૩. $\frac{૨૩}{૨૮} \div ૨\frac{૧૨}{૧૭}$ ૪. $૧\frac{૪}{૭} \div ૯\frac{૧}{૬}$

૫. $૪\frac{૨}{૩} \div ૩\frac{૧૩}{૧૯}$ ૬. $૧૩\frac{૪}{૧૧} \div ૮\frac{૧}{૬}$

૭. $૮\frac{૧}{૧૦} \div ૧\frac{૧}{૮}$ ૮. $૨\frac{૩}{૫} \div ૯\frac{૧}{૧૦}$

૯. $૭\frac{૮}{૧૩} \div ૫\frac{૧}{૨}$ ૧૦. $૨૨\frac{૪}{૫} \div ૭\frac{૧}{૮}$

નીચેના દશ દાખલાઓને સાદું રૂપ આપો.

૧૧. $૨\frac{૧}{૨} + ૪\frac{૧}{૫} \times ૬\frac{૧}{૩} \div ૭\frac{૧}{૨}$ ૧૨. $૩\frac{૧}{૨} \div ૨\frac{૧}{૩} \times \frac{૫}{૬}$

૧૩. $\frac{૫}{૭} \div \frac{૩}{૪}$ ના $\frac{૫}{૮}$ ૧૪. $(\frac{૧}{૨} + \frac{૨}{૩}) \div (\frac{૧}{૩} + \frac{૧}{૧૬} + ૧\frac{૭}{૮})$.

૧૫. $(\frac{૩}{૪} + \frac{૨}{૭} - \frac{૧}{૨}) \div (\frac{૩}{૧૦} \div \frac{૨}{૫})$

૧૬. $૧\frac{૨}{૩}$ ના $૪\frac{૨૧}{૮૨} \div ૩૪\frac{૯}{૧૦}$

૧૭. $(\frac{૧}{૨} + \frac{૫}{૬})$ ના $\frac{૭}{૮} \div ૧\frac{૭}{૧૯}$ ના $૪\frac{૧}{૫}$

૧૮. $૨\frac{૧}{૫}$ ના $૭\frac{૧}{૧૯} \div ૨\frac{૧}{૩}$ ના $૬\frac{૨}{૫}$

૧૯. $(\frac{૧૧}{૧૨} - \frac{૫}{૬})$ ના $૧\frac{૨}{૩} \div ૧\frac{૭}{૧૮}$

૨૦. $\left(\frac{૧૩}{૨૨} + \frac{૪}{૩૩} \right) \div \left(\frac{૧}{૩} - \frac{૧}{૫૦} \right)$

૨૧. પોણા બે આને શેર રતાળુ મળે તો દોઢ મણને સાત શેર રતાળુની કિંમત શોધી કાઢો.

૨૨. એક રૂપીઆની સાડા ચાર વાર છીટ મળે તો સાડી બાવીસ રૂપીઆની કેટલી છીટ આવશે?

૨૩. એક શેર ઘીનો ૯ આના અને $૭\frac{૧}{૫}$ પાઇ ભાવ છે, તો એક મણ ઘીનું શું પડશે ?

૨૪. જો બે રૂપીઆ ચાર આના અને સાડા ત્રણ પાઇના એક મણ ઘઊં મળે તો ૪૩૫ રૂપીઆ અને ૮ આનાના કેટલા મણ ઘઊં મળશે ?

૨૫. જો રેલ્વે ટ્રેન એક કલાકમાં ૩૬ માઇલની ઝડપે દોડે છે, તો તેને $૧૪૨\frac{૧}{૨}$ માઇલનું અંતર કાપવા માટે કેટલો વખત લાગશે ?

૨૬. પાંચ પેન્સનાં અડધો ડઝન જામફળ મળે તો એક પાઉંડને દશ શિલિંગમાં કેટલાં જામફળ મળશે ?

૨૭. જો ૭ મણને $૯\frac{૧}{૨}$ શેર માખણની કિંમત ૧૪૪ રૂપીઆ અને ૧૨ આના પડે તો શેર માખણની કિંમત આના પાઇમાં શોધી કાઢો.

૨૮. $\left(૫\frac{૧}{૨} \text{ ના } ૭\frac{૧}{૧૯} \div \frac{૩}{૮} \right)$ ને

$\left(૫\frac{૨}{૩} \div ૩\frac{૧}{૪} \text{ ના } \frac{૬}{૭} \right)$ વડે ભાગો.

૨૯. એક ગ્રોસ દિવાસળીની ડબીઓનો ભાવ ૧૧ આના હોય તો ૧ ડબીની કિંમત પાઇમાં શોધી કાઢો.

૩૦. એક છોકરા કને જેટલા પૈસા હતા તેમાંથી $\frac{૧}{૨}$ પૈસાનું ખાવાનું લીધું અને $\frac{૧}{૩}$ પૈસાનું દૂધ પીધું. પછી તેની પાસે $૧\frac{૧}{૩}$ પૈસા વધ્યા, ત્યારે તે છોકરા પાસે શરૂઆતમાં કેટલા પૈસા હતા ?

પ્રકરણ ૨૬ મું.

અપૂર્ણાંકના પરચૂરણ દાખલા.

૧. છેલ્લાં ચાર પ્રકરણોમાં આપણે અપૂર્ણાંકના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિષે વિવેચન કર્યું. હવે આ પ્રકરણમાં આપણે એવાં ઉદાહરણો લઇશું કે જેમાં અપૂર્ણાંકની સઘળી પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો પડે. વિદ્યાર્થિઓને સુગમ પડે તે માટે અત્રે થોડા દાખલા સંપૂર્ણ રીત સાથે ગણવામાં આવ્યા છે.

દા. ૧. $૧\frac{૧}{૧૧}$ અને $\frac{૩}{૫}$ ની બાદબાકીના $\frac{૭}{૧૨}$ વડે, $\frac{૧}{૬}$ ના $૧\frac{૫}{૭}$ અને $૨\frac{૧}{૨}$ ના $\frac{૪}{૯}$ ના સરવાળાને ગુણો.

અત્રે $૧\frac{૧}{૧૧} - \frac{૩}{૫} = \frac{૧૨}{૧૧} - \frac{૩}{૫} = \frac{૬૦}{૫૫} - \frac{૩૩}{૫૫} = \frac{૨૭}{૫૫}$

તેથી $(૧\frac{૧}{૧૧} - \frac{૩}{૫})$ ના $\frac{૭}{૧૨} = \frac{૨૭}{૫૫} \times \frac{૭}{૧૨} = \frac{૯\times૭}{૫૫\times૪} = \frac{૬૩}{૨૨૦}$

હવે $(\frac{૧}{૬}$ ના $૧\frac{૫}{૭}) + (૨\frac{૧}{૨}$ ના $\frac{૪}{૯})$

$= \frac{૧}{૬} \times \frac{૧૨}{૭} + \frac{૫}{૨} \times \frac{૪}{૯}$

$= \frac{૨}{૭} + \frac{૧૦}{૯} = \frac{૧૮}{૬૩} + \frac{૭૦}{૬૩} = \frac{૮૮}{૬૩}$

તેટલા માટે $\frac{૬૩}{૨૨૦} \times \frac{૮૮}{૬૩} = \frac{૮૮}{૨૨૦} = \frac{૨}{૫}$

દા. ૨. એક રૂપિયાની $૨૯\frac{૧}{૨}$ શેર બાજરી મળે છે, તો ઓછામાંઓછા કેટલા રૂપિયાની પૂર્ણાંક મણ બાજરી મળશે.

એક રૂપિયાની $૨૯\frac{૧}{૨}$ શેર અથવા $\frac{૫૯}{૮૦}$ મણ બાજરી મળે છે. તેથી જો આપણે ૮૦ રૂપિયાની બાજરી લઇશું તો ૫૯ મણ બાજરી આવશે. તેથી ૮૦ રૂપિયાની બાજરી પૂર્ણાંક મણ આવે છે. તેવીજ રીતે ૧૬૦, ૨૪૦, ૬૮૦ રૂપિયાની બાજરી પણ પૂર્ણાંક મણ આવશે. પણ દાખલામાં ઓછામાંઓછા રૂપિયા માગ્યા છે. તેથી ઓછામાંઓછા રૂપિયાની સંખ્યા ૮૦ છે.

દા. ૩. ગંગા નદીના પૂલના એક ભુંગળાનો $\frac{૧}{૬}$ ભાગ જમીનમાં દાટયો છે અને $\frac{૪}{૬૩}$ ભાગ પાણીમાં છે; પાણીની બહાર-

ના ભુંગળાનો ભાગ ૫૧ ફીટ હોય તો આખા ભુંગળાની લંબાઇ શોધી કાઢો.

પાણીની બહારનો ભાગ ભુંગળાની કુલ લંબાઇના ($૧ - \frac{૫}{૧૧} - \frac{૪}{૧૩}$) ની બરોબર છે.

હવે $૧ - \frac{૫}{૧૧} - \frac{૪}{૧૩} = \frac{૧૪૩}{૧૪૩} - \frac{૬૫}{૧૪૩} - \frac{૪૪}{૧૪૩}$,

$= \frac{૧૪૩-૧૦૯}{૧૪૩} = \frac{૩૪}{૧૪૩}$

તેથી ભુંગળાની લંબાઇનો $\frac{૩૪}{૧૪૩}$ મો ભાગ ૫૧ ફુટની બરોબર છે.

તેથી ભુંગળાની લંબાઇ = ($૫૧ \div \frac{૩૪}{૧૪૩}$) ફીટ = $૫૧ \times \frac{૧૪૩}{૩૪}$ ફીટ = $\frac{૩}{૨} \times ૧૪૩$ ફીટ = $\frac{૪૨૯}{૨}$ ફીટ = $૨૧૪\frac{૧}{૨}$ ફીટ.

દા. ૪. એક માણસે પોતાની મીલકતનો $\frac{૮}{૧૧}$ ભાગ પોતાના દીકરાને આપ્યો અને $\frac{૩}{૧૧}$ ભાગ દીકરીને આપ્યો. દીકરી કરતાં દીકરાને ૧૨૫૦ રૂપીઆ વધુ મળ્યા, તો તેની મીલકત કેટલી હશે?

જો તે માણસ કને ૧૧ રૂપીઆ હોય, તો દીકરાને $૧૧ \times \frac{૮}{૧૧}$ એટલે ૮ રૂપીઆ અને દીકરીને $\frac{૩}{૧૧} \times ૧૧$ એટલે ૩ રૂપીઆ મળે. આ પ્રમાણે દીકરાને દીકરી કરતાં ૫ રૂપીઆ વધુ મળે છે. ૧૨૫૦ રૂપીઆ ૫ રૂપીઆથી ૨૫૦ ગણા છે. તેથી તે માણસની મુડી ૧૧ રૂપીઆથી ૨૫૦ ગણી એટલે ૨૭૫૦ રૂપીઆની હોવી જોઇએ.

મનોયત્ન ૨૬ મું.

નીચેના દશ દાખલાઓમાં આપેલાં અપૂર્ણાંકોને સાદામાં સાદું રૂપ આપો.

૧. $(\frac{૧}{૨} + \frac{૩}{૪}) - (\frac{૫}{૧૧} - \frac{૨}{૩})$.

૨. $\frac{૫}{૭}$ ના $\frac{૮}{૯} - (\frac{૧}{૪}$ ના $૫\frac{૧}{૨} \div ૩\frac{૮}{૧૧})$.

૩. $\frac{૩}{૪} \times \frac{૪}{૫} - \frac{૫}{૬} - \frac{૭}{૮} \times \frac{૮}{૯}$

૪. $\dfrac{\frac{૧}{૨} \text{ ના } \frac{૫}{૭} - \frac{૩}{૪} \text{ ના } \frac{૪}{૯}}{\frac{૫}{૬} \text{ ના } \frac{૩}{૫} \text{ ના } \frac{૭}{૮} \div \frac{૨૧}{૪૦}}$.

૫. $\dfrac{\left\{ \frac{૧}{૩} - \left(\frac{૧}{૫} - \frac{૧}{૭} \right) + \left(\frac{૧}{૮} - \frac{૧}{૧૨} \right) \right\}}{\frac{૨૨}{૩૫} - \frac{૧૯}{૨૪} + \frac{૧૩}{૨૧}}$

૬. $\dfrac{\frac{૩}{૮} \text{ ના } \frac{૨૧}{૨૫} \div \frac{૭}{૯} \text{ ના } \frac{૮}{૧૧}}{\left\{ \frac{૧૩}{૨} - \frac{૫}{૬} + ૨\frac{૭}{૨૫} \right\}}$

૭. $૧ + \dfrac{૨}{૩ + \frac{૪}{૫}}$

૮. $\frac{૧૧}{૨} \div ૨\frac{૪}{૯}$ ના $\left(\frac{૩}{૮} - \frac{૨}{૧૫} \right)$.

૯. $\left(\frac{૫}{૮} - \frac{૩}{૫} \right)$ ના $\left(\frac{૧}{૧૨} + \frac{૧}{૧૫} + \frac{૧}{૨૦} \right)$.

૧૦. $\frac{૯}{૧૦}$ ના $\frac{૧૩}{૧૮} \div ૩\frac{૬}{૧૧} - \frac{૭}{૮}$ ના $\frac{૧૧}{૨૮}$.

૧૧. $\frac{૧૨૧}{૯૬}$ રૂપીઆને રૂપીઆ, આના, પાઇનું રૂપ આપો.

૧૨. $\frac{૧૫૯૩}{૯૬૦}$ પૌંડને પૌંડ, શિલિંગ, પેન્સ અને ફાર્ધિંગનું રૂપ આપો.

૧૩. $\frac{૧૨૧}{૨૨૪૦}$ માઇલને યાર્ડ, ફુટ ને ઇન્ચનું રૂપ આપો.

૧૪. $\frac{૨૧૩૯૩}{૧૮૦૦}$ કલાકને કલાક, મિનીટ અને સેકન્ડનું રૂપ આપો.

૧૫. $\frac{૩૨૩}{૧૬૦}$ ખાંડીને મણ અને શેરનું રૂપ આપો.

૧૬. રૂ ૨–૮–૬ ને રૂપીઆના અપૂર્ણાંકનું રૂપ આપો.

૧૭. રૂ. ૩–૪–૭ એ પા= નો કયો અપૂર્ણાંક છે ?

૧૮. પૌં. ૫–૬–૮ ને પૌંડના અપૂર્ણાંકનું રૂપ આપો.

૧૯. ૨ માઇલ ૩ ફર્લાંગ ૨ વાર ને ૬ ફીટને માઇલના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૦. ૧૨ મણ ૩ શેર ૨ અધોળને ખાંડીના અપૂર્ણાંકનું રૂપ આપો.

૨૧. મારી પાસે ૪ રૂપીઆ હતા. તેનો $\frac{૧}{૩}$ ભાગ अ ને આપ્યો, $\frac{૧}{૪}$ ब ને આપ્યો અને $\frac{૧}{૬}$ क ને આપ્યો, તો મારી પાસે શું રહ્યું ?

૨૨. એક તારના થાંભલાનો $\frac{૨}{૯}$ ભાગ જમીનની અંદર છે અને બાકીનો જમીન બહાર છે. જમીન બહારના ભાગની લંબાઈ ૧૭ ફીટ ૬ ઇંચ થઈ તો આખા થાંભલાની લંબાઇ કેટલી?

૨૩. મારી પાસે કેટલાંક મોતી હતાં, તેમાંથી $\frac{૧૧}{૬૩}$ ભાગ જેટલાં મોતીનો હાર બનાવ્યો અને $\frac{૧૫}{૩૮}$ ભાગ જેટલાં મોતી વેચી માર્યાં, આમ કરતાં મારી પાસે ફક્ત ૧૩૦ મોતી રહ્યાં, ત્યારે મારી પાસે કેટલાં મોતી હશે?

૨૪. ૨ રૂપીઆના $\frac{૫}{૧૮}$ રૂપીએ વાર પ્રમાણે મેં રૂ. પા॥= નું કાપડ લીધું, તો કેટલા વાર કાપડ આવ્યું?

૨૫. $૧ + \frac{૧}{૨ + \frac{૩}{૪}}$ એ $૨ + \frac{૧}{૨ - \frac{૩}{૪}}$ ના કેટલા ગણા છે?

૨૬. એવી સંખ્યા શોધી કાઢો કે જેમાં

$$\left\{ ૩\frac{૩}{૪} + \frac{૧ - \frac{૧}{૯}}{૭\frac{૧}{૫} \times \frac{૪૦}{૬૩}} \right\}$$ ઉમેરવાથી જવાબ $૪\frac{૧૭}{૧૮}$ આવે.

૨૭. એવી સંખ્યા શોધી કાઢો કે જેમાંથી

$$\frac{૭\frac{૧}{૦} + ૫\frac{૫}{૧૨}}{\frac{૧૪}{૧૫} \times \frac{૫}{૬}}$$ બાદ કરતાં જવાબ $\frac{૮\frac{૧}{૩} - ૨\frac{૨}{૩}}{૪\frac{૧}{૨} - ૩\frac{૧}{૩}}$ આવે.

૨૮. એવી સંખ્યા શોધી કાઢો કે જેને

$$\frac{૧\frac{૨}{૩} + ૪\frac{૫}{૬}}{૭\frac{૪}{૯} - ૨\frac{૨}{૩}}$$ વડે ભાગતાં જવાબ $૨૦\frac{૪૧}{૪૩}$ આવે.

૨૯. એક માણસ પોતાની આવકમાંથી રૂપીએ ૧ આના પ્રમાણે ઇન્કમ-ટૅક્ષ (કર) આપે છે અને જે વધે છે તેમાંથી રૂપીએ ૧ આના પ્રમાણે ધર્માદા કરે છે, પછી તેની ચોખ્ખી આવક ૪૫૦ રૂપીઆ રહે છે, ત્યારે તેની કુલ આવક કેટલી?

પ્રકરણ ૨૭ મું.

ત્રિરાશિના અઘરા દાખલા.

૧. આપણે વીસમા પ્રકરણમાં ત્રિરાશિના સહેલા દાખલા આપ્યા છે. તે સઘળાને એકમ રીતિ વડે ગણવાની પદ્ધતિ તે પ્રકરણમાં પુરી રીતે ચર્ચવામાં આવી છે. હવે આપણે ગુણોત્તરનો ઉપયોગ કરી ત્રિરાશિના દાખલા ગણીશું.

૨. એક આનાનાં આઠ કેળાં મળે તો ત્રણ પૈસાનાં કેટલાં કેળાં મળશે ? આ ઉદાહરણ ત્રિરાશિને લગતું છે. એકમ રીતિ વડે તે ગણી શકાય છે. પણ હવે આપણે ગુણોત્તરનો ઉપયોગ કરીશું. **ખરચેલી કિંમત બતાવનારી સંખ્યા અને ખરીદાયેલાં કેળાં બતાવનારી સંખ્યા વચ્ચેનું ગુણોત્તર હંમેશાં સરખું હોવુંજ જોઈએ.** તેથી ૧ આનાનું ૮ કેળાં સાથેનું ગુણોત્તર જેટલું હોય તેટલુંજ ગુણોત્તર ૩ પૈસા અને ત્રણ પૈસાના કેળાં સાથે હોવું જોઇએ. તેથી

$$\frac{\text{૧ આના}}{\text{૮ કેળાં}} = \frac{\frac{૩}{૪}\text{ આના અથવા ૩ પૈસા.}}{\text{ત્રણ પૈસાનાં કેળાં.}}$$

તેથી ત્રણ પૈસાનાં કેળાં $= \frac{૩}{૪} \times \frac{૮}{૧} = ૬.$

આવી રીતે બન્ને ગુણોત્તરનું સરખાપણું ઉપર પ્રમાણે બતાવવાને બદલે ૧ આનાને ૮ કેળાં સાથે જે સંબંધ છે, તેજ સંબંધ $\frac{૩}{૪}$ આના અને તેથી મળતાં કેળાં સાથે છે, માટે નીચે પ્રમાણે ગુણોત્તર દર્શાવવાની પદ્ધતિ છે.

આના		કેળાં		આના	
૧	:	૮	::	$\frac{૩}{૪}$	: ત્રણ પૈસાનાં કેળાં.

જો બે ગુણોત્તર સરખાં હોય તો તેમાં આવેલી પહેલી રકમનો અને છેલ્લી રકમનો ગુણાકાર બન્ને વચલી રકમોના ગુણાકારની બરોબર હોય છે.

તેટલા માટેઃ—(૩ પૈસાનાં કેળાં) × ૧ = ૮ × $\frac{૩}{૪}$ = ૬.

તેટલા માટે ૩ પૈસાનાં કેળાં ૬ મળશે.

અથવા કેળાં આનો આના
૮ : ૧ :: માગેલાં કેળાં : $\frac{૩}{૪}$

આવી રીતે પદ માંડવાથી પણ દાખલો ગણી શકાશે. માટે જવાબનું પદ છેવટે મુકવુંજ જોઇએ એવો કાંઈ નિયમ નથી.

૩. ઉપર આપણે જે સિદ્ધાંત આપ્યો છે તેની સાબીતી સહેલાઈથી આપી શકાય છે. દાખલા તરીકે ૫ નું ૭ સાથેનું ગુણોત્તર ૩૫ ના ૪૨ સાથેના ગુણોત્તરની બરોબર છે. તેથી આપણે નીચે પ્રમાણે લખી શકીશું, જેમકે ૫ : ૬ :: ૩૫ : ૪૨ અથવા

$\frac{૫}{૬} = \frac{૩૫}{૪૨}$.

આની બન્ને બાજુઓને ૨૫૨ વડે ગુણતાં.

$\frac{૫}{૬}$ × ૨૫૨ = $\frac{૩૫}{૪૨}$ × ૨૫૨.

તેથી ૫ × ૪૨ = ૩૫ × ૬.

તેટલા માટે પહેલી અને છેલ્લી રકમનો ગુણાકાર વચલી બે રકમોના ગુણાકારની બરોબર છે.

૪. ઉપલી રીતો સમજાવવા માટે આપણે થોડા દાખલા આપીશું.

દા. ૧. ૫ રૂપિયાનું ૧૨॥ શેર ઘી મળે તો ૭॥ રૂપિયાનું કેટલું મળશે ?

અત્રે ૫ રૂપિયાનું ૧૨॥ શેર સાથેનું ગુણોત્તર ૭॥ રૂપિયા અને તેથી મળતા ઘી વચ્ચેના ગુણોત્તરની બરોબર છે. તેટલા માટે

રૂપિયા શેર રૂપિયા
૫ : ૧૨$\frac{૧}{૨}$ :: ૭$\frac{૧}{૨}$: (૭$\frac{૧}{૨}$ રૂપિયાનું ઘી.)

તેથી (૭$\frac{૧}{૨}$ રૂપિયાનું ઘી) × ૫ = $\frac{૨૫}{૨}$ × $\frac{૧૫}{૨}$ = $\frac{૩૭૫}{૪}$.

તેથી ૭$\frac{૧}{૨}$ રૂપિયાનું ઘી = $\frac{\cancel{૩૭૫}^{૭૫}}{૪}$ × $\frac{૧}{\cancel{૫}}$ = $\frac{૭૫}{૪}$ = ૧૮$\frac{૩}{૪}$ શેર

= ૧૮ શેરને ૩૦ રૂપિયાભાર.

દા. ૨. ૭ આનાનાં ૧૨૬ બોર મળે તો ૬૪ બોરની શી કિંમત પડશે ?

અત્રે ૧૨૬ બોરનું ૭ આના સાથેનું ગુણોત્તર ૬૪ બોરને ૬૪ બોરની કિંમત વચ્ચેના ગુણોત્તરની બરોબર છે.

બોર આના બોર

૧૨૬ : ૭ : : ૬૪ : (૬૪ બોરની કિંમત.)

∴ (૬૪ બોરની કિંમત) × ૧૨૬ = ૭ × ૬૪.

∴ ૬૪ બોરની કિંમત = $\frac{૭ \times ૬૪}{૧૨૬}$ = $\frac{૬૪}{૧૮}$ આના

= $\frac{૩૨}{૯}$ આના = ૩ આના અને ૬$\frac{૨}{૩}$ પાઈ.

દા. ૩. દરરોજ ૮ કલાક કામ કરીએ તો એક કામ ૩૬ દિવસમાં પુરૂં થાય છે તો દરરોજ ૬ કલાક કામ કરીએ તો તે કામ કેટલા દિવસમાં પુરૂં થશે ?

આ દાખલામાં વ્યસ્ત ત્રિરાશિ છે. તેથી દાખલો ગણવા માટે નીચેની રીત વાપરવી પડશે પહેલી વખત કામ કરવા માટે ૩૬ × ૮ = ૨૮૮ કલાક લાગે છે. તેથી બીજી વખત પણ તેટલાજ કલાક થવા જોઇએ. આ કારણથી બીજી વખત જેટલા દિવસમાં કામ થાય છે તેટલા દિવસને ૬ વડે ગુણવાથી ૨૮૮ કલાક થવા જોઇએ. માટે જ્યારે ૬ કલાક પ્રમાણે કામ કરીએ ત્યારે $\frac{૨૮૮}{૬}$ દિવસ અથવા ૪૮ દિવસ લાગવા જોઇએ.

દા. ૪. કલાકના ૪ માઇલ પ્રમાણે ચાલીએ તો અમદાવાદથી મહેમદાવાદ જતાં ૫ કલાક લાગે છે, તો અમદાવાદથી મહેમદાવાદ ફક્ત ૪ કલાકમાં જવા માટે કલાકના કેટલા માઇલ પ્રમાણે મુસાફરી કરવી જોઇએ ?

પહેલી વખત ૫ કલાક લાગે છે. તેથી અમદાવાદ અને મહેમદાવાદ વચ્ચે ૪×૫ = ૨૦ માઇલનું અંતર છે. તેટલા માટે ૪ કલાકમાં મુસાફરી કરવા માટે $\frac{૨૦}{૪}$ અથવા ૫ માઇલ પ્રમાણે ચાલવું જોઇએ.

દા. ૫. **અ** એક કામ ૧૨ દિવસમાં કરે છે અને **બ** તેજ કામ ૨૪ દિવસમાં કરે છે તો તે બન્નેને તે કામ પુરૂં કરતાં કેટલા દિવસ લાગશે?

અ એક દિવસમાં $\frac{૧}{૧૨}$ કામ કરશે અને **બ** એક દિવસમાં $\frac{૧}{૨૪}$ કામ કરશે. તેથી બન્ને ભેગા મળી એક દિવસમાં $\frac{૧}{૧૨} + \frac{૧}{૨૪} = \frac{૨}{૨૪} + \frac{૧}{૨૪} = \frac{૩}{૨૪} = \frac{૧}{૮}$ કામ કરશે.

કામ દિવસ કામ

$\frac{૧}{૮}$: ૧ : : ૧ : (આખું કામ કરવાના દિવસ).

(આખું કામ કરવાના દિવસ) × $\frac{૧}{૮}$ = ૧.

∴ આખું કામ કરવાના દિવસ = ૮

દા. ૬. છગને આઠ આને વારની ૩૦૦ વાર મલમલના બદલામાં ૬૦ વાર ગરમ કાપડ લીધું, ત્યારે ગરમ કાપડની કિંમત કેટલી?

છગને કેટલા રૂપિયાનો માલ આપ્યો તે શરૂઆતમાં શોધી કાઢવું જોઇએ. ૩૦૦ વાર મલમલની કિંમત ૧૫૦ રૂપિયા થાય છે. તેટલા માટે ૬૦ વાર ગરમ કાપડની કિંમત ૧૫૦ રૂપિયા હોવી જોઇએ, એટલે, ૧ વાર ગરમ કાપડની કિંમત $\frac{૧૫૦}{૬૦} = ૨\frac{૧}{૨}$ = રૂ. ૨–૮–૦ હોવી જોઇએ.

૫. આ પ્રમાણે વિચારપૂર્વક ત્રિરાશિના દાખલા ગણાવવા જોઇએ. જેમ આવ્યું તેમ પદ મંડાવી દેવાથી કારણ સમજાતું નથી અને બાળકના મગજમાં સિદ્ધાંતનું ખરૂં સ્વરૂપ દાખલ કર્યા વિના યંત્ર પ્રમાણે પદો મંડાવવાથી કાંઇ લાભ થતો નથી. **તેટલા માટે બન્ને ગુણોત્તરનુ સરખાપણું દર્શાવ્યા પહેલાં જેટલો વિચાર કરવાની જરૂર હોય તેટલો કરવો જોઇએ.** નીચેનો દાખલો ગણાવતાં આંખો મીંચી પદ માંડવાનો ગેરફાયદો તરત સમજાશે. જો હું દરેક છોકરાને ૪ પતાસાં આપું તો મારી પાસેનાં પતાસાં ૬૦ છોકરાને આપી શકાય છે, તો દરેકને પાંચ પાંચ

પતાસાં આપીએ તો કેટલાં છોકરાને આપી શકાશે ? આ દાખલો ગણાવતાં માસ્તરો નીચે પ્રમાણે પદ મંડાવી દે છે. ચાર ચાર પતાસાં સાઠ છોકરાઓને પહોંચે છે તેથી પાંચ પાંચ પતાસાં થોડા છોકરાઓને પહોંચશે. તેથી પાંચનું પદ પહેલું માંડવું.

પતાસા પતાસાં છોકરા

૫ : ૪ : : ૬૦ : (જવાબમાં માગેલાં છોકરા)

જવાબમાં માગેલાં છોકરા = $\frac{૬૦ \times ૪}{૫}$ = ૪૮.

આ રીત તદ્દન ખોટી છે. તેટલા માટે તેનો ઉપયોગ કદી કરવો ન જોઇએ. કારણ કે ઉપર જે પદ માંડયાં છે તેમાં કોઇ કોઈ વચ્ચે ગુણોત્તરનો સંબંધ દેખાતો નથી. કારણ કે ૫ પતાસાં અને ૬૦ છોકરા વચ્ચેનું ગુણોત્તર હમેશાં સરખુ હોઇ શકે નહીં. તેટલા માટે વ્યસ્તત્રિરાશિના દાખલા ગણવામાં આંખો મીંચી પદ માંડવાની પદ્ધતિ બીલકુલ ખોટી છે. માટે નીચે મુજબ દાખલો ગણાવવો જોઇએ. જો હું ૪ પતાસાં પ્રમાણે વ્હેંચું તો ૬૦ છોકરાને પહોંચે છે, તેથી મારી પાસે ૬૦ × ૪ અથવા ૨૪૦ પતાસાં છે. તેથી ૫ પ્રમાણે વ્હેંચતાં $\frac{૨૪૦}{૫}$=૪૮ છોકરાને પતાસાં વ્હેંચી શકાશે.

મનોયત્ન ૨૭ મું.

૧. રૂપિયાનું ૨ા શેર ઘી મળે તો ૪$\frac{૩}{૪}$ ખાંડી ઘીનું શું પડશે ?

૨. ૭ આનાના ૨૮ાા શેર કારેલાં મળે તો ૪ મણ ૭૬ શેર કારેલાંનું શું પડશે ?

૩. દરેક ભીખારીને ત્રણ આના પ્રમાણે આપીએ તો મારી કને જેટલા પૈસા છે તે ૪૦૦ ભીખારીઓને વ્હેંચી શકાય છે. હવે જો ૬૪૦ ભીખારી હોય તો દરેકને શું આપવું ?

૪. રૂ. ૩—૮ નું ૨૧ વાર કાપડ મળે તો ૧૪૭ વાર કાપડની કિંમત કેટલી ?

૫. દરરોજના ૧૦ કલાક પ્રમાણે કામ કરતાં એક કામ ૨૭ દિ-વસમાં પુરૂં થાય છે, તો ૧૩૫ દિવસમાં તે કામ પુરૂં કરવા માટે દરરોજ કેટલા કલાક પ્રમાણે કામ કરવું પડશે ?

૬. ૭ા શેર ઘીના બદલામાં રૂપિયે ૮ શેરના ભાવનો ૨૯ શેર ગોળ મળે છે, તો ઘીનો ભાવ કેટલો ?

૭. ૮૦૦૦ માણસોને ૨૧ માસ ચાલે તેટલો ખોરાક એક કિલ્લામાં છે. તે ખોરાક ૨૮ માસ ચલાવવો હોય તો તે કિલ્લામાં કેટલાં માણસ રાખવાં જોઇએ ?

૮. **અ** પોતાની આવકમાંથી દર પૌંડે અર્ધો શિલિંગનો કર આપે છે. કર આપ્યા બાદ તેની આવક ૪૬૮૦ પૌંડ થાય છે, ત્યારે તેની કુલ આવક કેટલી ?

૯. સેંકડે પાંચ ટકા પ્રમાણે કર આપ્યા બાદ મારી પાસે ૪૭૫ રૂપિયા રહે છે, ત્યારે મારી પાસે શરૂઆતમાં કેટલા રૂપિયા હોવા જોઇએ ?

૧૦. **અ** થી **બ** ૩૯૦ યાર્ડ આગળ છે. તેને પકડવા ને **અ** એ સરત કરી અને બન્ને એકજ વખતે દોડવા લાગ્યા. **બ** ૨૫ યાર્ડ ચાલે તેટલામાં **અ** ૩૮ યાર્ડ ચાલે છે, ત્યારે **અ** કે-ટલું ચાલ્યા પછી **બ** ને પકડશે ?

૧૧. કલદાર રૂપિયામાંથી $\frac{૫}{૨}$ તોલા શુદ્ધ રૂપું નીકળે છે, ત્યારે કેટલા રૂપિયા ગાળીએ તો ૭૫ તોલા શુદ્ધ રૂપું નીકળી શકે ?

૧૨. એક કોઠારમાંથી દરરોજ ૧૨॥ મણ દાણા કાઢીએ તો તે કોઠારનું અનાજ ૭૬૦ દિવસ ચાલે છે; ત્યારે દરરોજ ૧૯ મણ દાણા કાઢીએ તો તે કોઠાર કેટલા દિવસ ચાલશે ?

૧૩. જો ૧૪૭ વસ્તુઓની કિંમત પૌંડ ૨૭૫–૧૮–૭$\frac{૧}{૨}$ પડે તો ૪૪૨ વસ્તુઓની કિંમત શોધી કાઢો. અને પૌં. ૫૫૩–૧૪–૯$\frac{૧}{૨}$ ની કેટલી વસ્તુઓ મળશે ?

૧૪. જો ૬૦૦ માણસ એક કામ ૭૫ દિવસમાં કરી શકે તો ૬૦ દિવસમાં તે કામ પુરૂં કરવા માટે કેટલાં માણસો રોકવાં પડશે?

१५. એક બંગલો બાંધતાં १४० માણસોને ७० દિવસ લાગે છે. એક માણસે તે બંગલો ५० દિવસમાં બાંધી આપવાનું કબુલ કર્યું અને શરૂઆતમાં १४० માણસો १५ દિવસ સુધી રોક્યાં, તો તે દિવસથી કેટલાં વધુ માણસો રોકે તો કબુલાત પ્રમાણે બંગલો બંધાઇ શકે?

१६. એક માણસ પોતાની મિલકતનો ત્રીજો ભાગ પોતાની સ્ત્રીને આપે છે અને બાકી રહેલી મિલકત પોતાના २ છોકરા અને ३ છોકરીઓને આપે છે. દરેક છોકરાને છોકરી કરતાં બમણું આપવામાં આવે છે. હવે દરેક છોકરીના ભાગમાં १२०० રૂપિયા આવે, તો તે માણસ કેટલી મિલકત મુકી ગુજરી ગયો હશે?

१७. अ એક કામ ८ દિવસમાં, ब १२ દિવસમાં અને क १६ દિવસમાં કરે છે. તો ત્રણે ભેગા મળી કેટલા દિવસમાં તે કામ પુરૂં કરશે?

१८. બે પૈસાનું ત્રણ શેર શાક મળે તો १॥ ખાંડી શાકની કિંમત શી પડશે?

१९. દરરોજ ७ કલાક પ્રમાણે ચાલવાથી એક મુસાફરી १८ દિવસમાં પુરી થાય તો દરરોજ १०॥ કલાક પ્રમાણે ચાલીએ તો તે મુસાફરી કેટલા દિવસમાં પુરી થશે?

२०. એક ગાડીના પૈડાનો ઘેરાવો २३$\frac{1}{2}$ ફીટ છે તો २३५० ફીટ જતાં તે પૈડાના કેટલા આંટા થશે?

२१. રૂ. ३) એ ત્રણ દૂધ મળતું હોય, તો અધમણ માવાની કિંમત રૂ. ११) પડે છે. તો દૂધનો ભાવ २। રૂપિયે મણ હોય ત્યારે અધમણ માવાનું શું આપવું પડશે?

२२. રૂ. ४) એ વારના ભાવની બનાતનો ४२ વાર તાકો મારી પાસે છે તેના બદલામાં ७ આને વારના ભાવનો કેટલો માદરપાટ મળી શકશે?

૨૩. એક ઘરના ભાડામાંથી **અ** ને ૪ ભાગ અને **બ** ને ૩ ભાગ મળે છે. જો તેનું ભાડું ૪૯ રૂપિયા આવતું હોય તો દરેકને કેટલું મળશે?

૨૪. **અ** ને **બ** એ એકજ જગાએથી એકજ વખતે અને એકજ દિશામાં દોડવા માંડ્યું. **અ** ૭ યાર્ડ ચાલે તેટલામાં **બ** ૧૩ યાર્ડ ચાલે છે, તો એક માઇલની મુસાફરીમાં બન્ને વચ્ચે કેટલું અંતર પડશે?

૨૫. ૮ કલાકમાં એક ઘડિયાળ ૫ સેકન્ડ ઉતાવળું ચાલે છે તો ૫ દિવસમાં તે ઘડિયાળમાં ખરા ટાઇમ કરતાં કેટલો તફાવત પડ્યો હશે?

૨૬. એક ટાંકી ભરવા માટે ત્રણ નળ છે તેમાંનો પહેલો નળ ૪ કલાકમાં, બીજો ૫ કલાકમાં અને ત્રીજો ૬ કલાકમાં આખી ટાંકી ભરી દેછે; ત્યારે ત્રણે નળ સાથે છુટા મુકીએ તો ટાંકી કેટલા વખતમાં ભરાઇ જશે?

૨૭. એક ખેતરનું ઘાસ ૯ ગાયોને અથવા ૫ ઘોડાને ૮૭ દિવસ ચાલે છે તો ૧૫ ઘોડા અને ૨ ગાયોને તે ઘાસ કેટલા દિવસ ચાલશે?

૨૮. **અ** ને **બ** ભેગા મળી એક કામ ૨૦ દિવસમાં કરે છે અને **બ** એકલો ૩૮ દિવસમાં કરે છે, તો **અ** એકલો તે કામ કેટલા દિવસમાં કરી શકશે?

૨૯. **અ** એ **બ** ના ૪૮૦ રૂપિયા ૧૮ માસ સુધી રાખ્યા તો **અ** ના ૯૦૦ રૂપિયા **બ** કેટલા મહિના સુધી રાખી શકે?

૩૦. **અ** એ એક કામ ૩૦ દિવસમાં પુરૂં કરવાનો કરાર કરી ૬૦ માણસો કામે લગાડ્યાં, પણ ૧૮ દિવસ પછી માલુમ પડ્યું કે કામ ફક્ત અડધુંજ થયું છે, તો કરાર પ્રમાણે કામ પુરૂં કરવા માટે **અ** એ કેટલાં વધુ માણસો રોકવાં જોઇએ?

પ્રકરણ ૨૮ મું.

બહુરાશિ.

૧. કેટલીક વખત ત્રણ ઉપરાંત રાશિઓના જ્ઞાનથી અજ્ઞાત રાશિ શોધી કાઢવાની હોય છે. દાખલા તરીકે પાંચ રાશિઓના જ્ઞાનથી છઠ્ઠી અથવા સાત રાશિઓના જ્ઞાનથી આઠમી શોધી કાઢવાની હોય છે. આવા દાખલાઓને બહુરાશિની રીતથી ગણવામાં આવે છે.

૨. બહુરાશિની રીતને આપણે એક સહેલા ઉદાહરણથી સમજાવીશું. જો દરરોજ ૬ કલાક પ્રમાણે ચાલીએ તો ૧૦ દિવસમાં ૨૪૦ માઇલ ચાલી શકાય છે તો દરરોજ ૮ કલાક પ્રમાણે ૧૫ દિવસ સુધી ચાલીએ તો કેટલા માઇલની મુસાફરી કરી શકાશે? આમાં દિવસને કલાક બતાવનારી સંખ્યાઓના ગુણાકારનું ચાલેલા માઇલની સંખ્યા સાથેનું ગુણોત્તર હંમેશાં સરખું હોય છે. તેથી

$$\frac{\text{૬ કલાક} \times \text{૧૦ દિવસ.}}{\text{૨૪૦ માઇલ}} = \frac{\text{૮ કલાક} \times \text{૧૫ દિવસ.}}{\text{ચાલેલા માઇલ.}}$$

$$\therefore (\text{ચાલેલા માઇલ}) = \frac{૮ \times ૧૫ \times ૨૪૦}{૬ \times ૧૦} \text{ માઇલ.}$$

$$= \text{૪૮૦ માઇલ.}$$

નીચે પ્રમાણે ગુણોત્તરનું સરખાપણું દર્શાવી શકાશે.

કલાક		દિવસ		માઇલ		કલાક		દિવસ		
૬	×	૧૦	:	૨૪૦	: :	૮	×	૧૫	:	ચાલેલા માઇલ

$$\therefore (\text{ચાલેલા માઇલ}) \times ૬૦ = ૨૪૦ \times ૧૨૦.$$

$\therefore$ ચાલેલા માઇલ $= \frac{૨૪૦ \times \overset{૨}{\cancel{૧૨૦}}}{\cancel{૬૦}} = ૪૮૦$. આવી રીતે પાંચ રાશિઓના જ્ઞાનથી છઠ્ઠી રાશિ શોધી કઢાય છે.

૩. બહુરાશિની રીતને સ્પષ્ટ રીતે સમજાવવા આપણે વધુ ઉદાહરણો આપીશું.

દા. ૧ ૨૪ માણુસ રોજ ૧૦ કલાક પ્રમાણે કામ કરે તો ૧૩ દિવસમાં ૬૦૦ વારની ભીંત ચણી શકે છે, ત્યારે ૮૦૦ વારની ભીંત ચણવી હોય તો ૩૬ માણસને ૮ કલાક પ્રમાણે કામ કરતાં કેટલા દિવસ લાગશે ?

અત્રે માણસ, કલાક અને દિવસના ગુણાકારનું ચણેલી ભીંત સાથેનું ગુણોત્તર સરખું રહેશે. તેટલા માટે.

માણુસ	કલાક	દિવસ		વાર
૨૪	× ૧૦	×	૧૩	: ૬૦૦

માણુસ કલાક વાર

: : ૩૬ × ૮ × (માગેલા દિવસ) : ૮૦૦

$\therefore$ (માગેલા દિવસ) × ૩૬ × ૮ × ૬૦૦ = ૮૦૦ × ૨૪ × ૧૦ × ૧૩

$\therefore$ માગેલા દિવસ $= \frac{૮૦૦ \times ૨૪ \times ૧૦ \times ૧૩}{૩૬ \times ૮ \times ૬૦૦}$

$= \frac{૪}{૩} \times ૩ \times \frac{૫}{૧૮} \times ૧૩ = \frac{૧૩૦}{૯} = ૧૪\frac{૪}{૯}$ દિવસ.

દા. ૨. ૭૦૦ મણ ચોખા ૭૫ રૂપિયામાં ૧૨૦ માઇલ લઇ જવાય તો ૬૦૦ મણ ચોખા ૧૪૦ માઇલ લઇ જવાને શું ભાડું બેસશે ?

આ દાખલામાં ચોખા અને માઇલના ગુણાકાર સાથે ભાડાનું ગુણોત્તર હંમેશાં સરખું રહેવું જોઇએ. તેટલા માટે

મણ	માઇલ	રૂપિયા	મણ	માઇલ
૭૦૦ ×	૧૨૦ :	૭૫ : :	૬૦૦ ×	૧૪૦ : ભાડું.

(ભાડું) × ૭૦૦ × ૧૨૦ = ૬૦૦ × ૧૪૦ × ૭૫

$\therefore$ ભાડું $= \frac{૬}{૭} \times \frac{૭}{૬} \times ૭૫ = ૭૫$ રૂપિયા.

દા. ૩. એક કિલ્લાના બચાવ માટે ૨૪૦૦ માણુસ હતાં, તેમને દરરોજ એક શેર પ્રમાણે અનાજ આપીએ તો ૪૦ દિવસ સુધી ચાલે તેટલો ખોરાક છે. હવે ૧૦ દિવસ પછી બીજાં ૬૦૦ માણુસો તે કિલ્લામાં આવ્યાં. પછી તેમને શા પ્રમાણે અનાજ આપવું કે કિલ્લામાંનો ખોરાક ૧૦ વધારે દિવસો સુધી ચાલી શકે.

આ દાખલામાં કુલ કેટલો ખોરાક કિલ્લામાં છે તે શોધી કાઢવું જોઇએ. જણાશે કે ૨૪૦૦ × ૪૦ = ૯૬૦૦૦ શેર અનાજ કિલ્લામાં છે. તેમાંથી ૨૪૦૦૦ શેર અનાજ શરૂઆતના ૧૦ દિવસોમાં વપરાયું. તેથી ૭૨૦૦૦ શેર અનાજ બાકી રહ્યું છે. હવે આટલું અનાજ (૬૦૦ + ૨૪૦૦) અથવા ૩૦૦૦ માણસોને ૪૦ દિવસ સુધી ચલાવવું છે. તેથી દરેક માણસને $\frac{૭૨૦૦૦}{૧૨૦૦૦૦}$ અથવા $\frac{૩}{૫}$ શેર એટલે ૨૪ રૂપિયાભાર અનાજ આપવું પડશે.

મનોયત્ન ૨૮ મું.

૧. ૧૦ ખાંડી બોજો ૫૦ માઇલ લઇ જવાનું રેલ્વેનુર ૧૫ રૂ. બેસે તો ૮ ખાંડી બોજો ૭૫ માઇલ લઇ જવાનું કેટલું નુર આપવું પડશે ?

૨. ૨૫ વાર લાંબી ભીંત ચણવા માટે ૮ કડિયાને ૧૦ દિવસ લાગે છે, તો ૪૦ વાર લાંબી ભીત ચણવા માટે ૧૫ કડિયાને કેટલા દિવસ લાગશે ?

૩. ૧॥ ગજ પનાની ૩૦ વાર છીંટના રૂ. ૧૯—૮—૦ પડે, તો ૧। ગજ પનાની ૧૨૦ વાર છીંટની શી કિંમત પડશે ?

૪. ૨॥। રૂ. મણ ઘઉં હતા ત્યારે ૩૩ રૂપિયાના ઘઉં ૩૨ માણસોને ૪૫ દિવસ ચાલતા હતા, ત્યારે ૨। રૂ. મણ ઘઉં મળતા હોય તે વખતે ૮૧ રૂપિયાના ઘઉં ૮૦ માણસોને કેટલા દિવસ ચાલશે ?

૫. ૧૦ એકર જમીન ૮ કલાકમાં ખોદવા ૧૬ માણસો જોઇએ, તો ૧૫ એકર જમીન ૬૨ કલાકમાં ખોદવા માટે કેટલાં માણસો કામે લગાડવાં જોઇએ ?

૬. દરરોજ ૧૨ કલાક પ્રમાણે કામ કરીને ૩૬૦ માણસોએ

૪ માઈલ લાંબો કોટ ૧૭૦ દિવસમાં બાંધ્યો, તો ૨ માઈલ લાંબો કોટ ૨૭૦ દિવસમાં બાંધવા માટે ૮½ કલાક પ્રમાણે કામ કરનારાં કેટલાં માણસો રોકવાં પડશે ?

૭. ૧૨ ગાયોને ૨ માસ પાળવા ૧૮ ખાંડી ઘાસ જોઇએ, તો ૩૬ ગાયોને ૬ માસ પાળવા માટે કેટલા ખાંડી ઘાસ જોઇએ ?

૮. એક કામ ૭૨ માણસો ૧૦૦ દિવસમાં કરે છે, પણ તેમણે ૨૪ દિવસ કામ કર્યા પછી ૩૨ માણસો જતા રહ્યા. હવે બાકી રહેલા માણસો અધુરૂં કામ કેટલા દિવસમાં પુરૂં કરશે ?

૯. ૩ માણસ અથવા ૪ સ્ત્રીઓ ૫ દિવસમાં ૧૨ રૂપિયા કમાય તો ૧૨ માણસ અને ૧૨ સ્ત્રીઓ ૪૦ દિવસમા શું કમાશે ?

૧૦. ૨૦૦ માણસો જમાડવા ૨॥ રૂપિયે મણના ૧૨ મણ ઘઊં જોઇએ, તો ૩૦૦ માણસો જમાડવા કેટલા ઘઊં જોઇએ ? ઘઊંનો ભાવ કેટલો ઘટી ગયો હોય તો ૩૦૦ માણસોને જમાડવામાં સરખું ખર્ચ થાય ?

૧૧ ૧૦ પુરૂષો ૬૦૦૦ ઘનફુટ માટી ૧૫ દિવસમાં ખોદે તો ૧૨૦૮૦ ઘનફુટ માટી ૫ દિવસમાં ખોદવા કેટલા માણસો કામે લગાડવાં જોઇએ ?

૧૨. ૨૮૦ એકર જમીન ૭૮ માણસો ૨૪ દિવસમાં ખેડી રહે છે. તેમાંના ૪૪ માણસોએ તે જમીન ૨૮ દિવસ ખેડ્યા પછી બાકીનાં ૨૬ માણસો બાકી રહેલી જમીન કેટલા દિવસમાં ખેડી શકશે ?

૧૩. ૯૪૦ ટન ૨૦૦ મૈલ લઇ જવા માટે રૂ. ૪૬૮-૧૨-૦ ભાડું આપવું પડે, તો ૪૭ ટન ૪૮ માઇલ લઇ જવાનું શું ભાડું આપવું પડશે ?

૧૪. જો ૪ ઘોડા ૮ દિવસમાં ૧૦ બુશલ ચણા ખાય તો ૩૨૦ બુશલ ચણા ૧૬ ઘોડાને કેટલા દિવસ ચાલશે ?

१५. ૯ ઘેટાં ૫ બળદ જેટલું ઘાસ ખાય છે. હવે ૨૭ ઘેટાં ને ૧૦ બળદ માટે ૧૦ ટન અનાજ લાવીએ તો ૩૦ દિવસ ચાલે છે; તો ૧૦૦ બળદને ૨૪૦ ટન ઘાસ કેટલા દિવસ ચાલશે ?

१६. દરરોજ ૮ કલાક પ્રમાણે વાંચતાં ૨૦ દિવસમાં ૧૪૪૦ પાનાં વાંચી શકાય છે, તો દરરોજ ૬ કલાક પ્રમાણે વાંચતાં ૨૪ દિવસમાં કેટલાં પાનાં વાંચી શકાશે ?

१७. अ એક કામ ૨૦ દિવસમાં કરે છે અને ब તેજ કામ ૩૦ દિવસમાં કરે છે. अ શરૂઆતમાં ૧૦ દિવસ કામ કરી જતો રહે છે, તો બાકી રહેલું કામ ब કેટલા દિવસમાં પુરૂં કરશે ?

१८. ૫૦૦ રૂપિયા ૧૨ માસ રાખવા માટે ૩૦ રૂપિયા આપવા પડે તો ૬૦૦ રૂપિયા ૧૫ માસ રાખવા શું આપવું પડશે ?

१९. અનાજનો ભાવ ૧ રૂ. ૩ આ. હોય ત્યારે ૪૨ બળદો ૧૬ દિવસ પાળી શકાય તેટલા ખર્ચમાં ૧૪॥। આના મણનો ભાવ હોય તો ૪૮ બળદો કેટલા દિવસ પાળી શકાશે ?

२०. ૧૮ માણસોને ૮ માસની મુસાફરીમાં ૫૭૬ રૂપિયા ખર્ચ થાય, તો ૨૦ માણસો ૮૦૦ રૂપિયામાં કેટલા માસની મુસાફરી કરી શકશે ?

२१. ૧ મિનારો ૧૦૦ ફુટ ઊંચો બનાવવાનો હતો, તેમાંનો ૬૦ ફુટ ઊંચો મિનારો ૨૪ કડિયાએ ૧૦ દિવસમાં ચણ્યો, તો બાકીનો મિનારો ૧૨ કડિયા કેટલા દિવસમાં ચણશે ?

२२. આપણી પાસે ૧૦૦૦૦ માણસોને ૭૨૮ દિવસ ચાલે તેટલું અનાજ છે, તો તેટલું અનાજ ૧૨૦૦૦ માણસોને ૧૫૦૦ દિવસ ચલાવવું હોય તો શરૂઆત કરતાં કેટલામણું અનાજ દરેકને આપવું જોઇએ ?

૨૩. ૧૦૦ નળીઓ ૧૦ કલાકમાં ૫૦૦૦ ગેલન પાણી કાઢી શકે, તો ૩૭૫૦ ગેલન પાણી કાઢવા માટે ૧૫ નળીઓને કેટલા કલાક લાગશે ?

૨૪. ૨ હાથી ૨૫ ભેંસો જેટલું અનાજ ખાય છે. ૪ હાથીને ૩૦ ભેંસો રાખવામાં જેટલું ખર્ચ થાય તેટલામાં ૬ હાથી અને કેટલી ભેંસો રાખી શકાશે ?

૨૫. એક માણસે ૧૮ ઘોડા અને ૧૪ ગાયો ૬૦૦ રુપિયામાં વેચી અને તેટલાજ ભાવે ૧૨ ઘોડા અને ૨૬ ગાયો વેચી, તો ઘોડાનો અને ગાયનો છુટક ભાવ શોધી કાઢો.

પ્રકરણ ૨૯ મું.

સાદું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ.

૧. કોઇ વેપારીની પાસે પોતાના વેપારમાં રોકવા માટે પોતાના પૈસા ન હોય ત્યારે તે બીજાના પૈસા ઉછીતા લે છે. પણ આવી રીતે રૂપિયા બીજાને સોંપવા માટે બદલો લેવાનો રીવાજ છે. તે બદલાને વ્યાજ કહેવામાં આવે છે.

૨. વ્યાજનો દર સો રૂપીઆ ઉપર કહેવાય છે. જો ૧૦૦ રૂપિયા એક વર્ષ માટે રાખવાના બદલા તરીકે ૫ રૂપિયા વધુ આપવા પડે તો વ્યાજનો દર ૫ ટકા છે એવું કહેવાનો રિવાજ છે. આવી રીતના વ્યાજના દરને દર વર્ષે દર સેંકડે એવા ઉપનામથી ઓળખવામાં આવે છે. દેશી વેપારીઓમાં માસનું વ્યાજ બોલવાની પદ્ધતિ હોય છે. તેથી વ્યાજનો દર આઠ આના કહીએ ત્યારે તેનો અર્થ એવો થાય છે કે દર ૧૦૦ રૂપિયાનું એક માસનું વ્યાજ ૮ (આઠ રામ) આના છે.

૩. જો આપણે દર વર્ષે દર સેંકડે પ્રમાણેનો દર જાણતા હોઇએ તો દર માસે દર સેંકડે કેટલો દર છે તે જાણી શકાશે, સેંકડે ૭ ટકાનો દર હોય તો દર માસે $\frac{૭}{૧૨}$ અથવા ૮ આનાનો દર ગણાશે. તેવીજ રીતે દર માસે ૭ આનાનો દર હોય તો દર વર્ષે ૭×૧૨ આના = ૮૪ આના = ૫$\frac{૧}{૪}$ રૂપિયાનો દર ગણાશે. દર માસનો દર આનામાં અપાય છે, અને દર વર્ષનો દર રૂપિયામાં અપાય છે, એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

૪. ધીરવામાં આવેલી રકમને મુદ્દલ કહે છે, અને વ્યાજ સાથે જે રકમ પાછી આપવી પડે છે તેને વ્યાજ મુદ્દલ કહે છે.

૫. મુદ્દલ, વખત અને દર જાણતા હોઇએ તો વ્યાજ સહેલાઇથી કાઢી શકાય છે. મુદ્દલને વખતના ગુણાકારનું વ્યાજ સાથેનું ગુણોત્તર હંમેશાં સરખું રહે છે, તેટલા માટે મુદ્દલ, વખત,

દર અને વ્યાજમાંથી ગમે તે ત્રણ વાનાં આપ્યાં હોય, તો બાકીની વસ્તુ કાઢી શકાય છે. આ બાબતનું સ્પષ્ટીકરણ કરવા માટે આપણે ચાર પ્રકારના જુદાં જુદાં ઉદાહરણો લઈશું.

દા. ૧. દર વર્ષે દર સેંકડે ૫ ટકા પ્રમાણે રૂ. ૬૦૦ નું ૪ વર્ષનું કેટલું વ્યાજ થશે ?

અત્રે ૧૦૦ રૂ. ના મુદ્દલનું ૧ વર્ષમાં ૫ રૂ. વ્યાજ મળે છે તેટલા માટે:—

રૂપિયા. વર્ષ. વ્યાજ. રૂપિયા. વર્ષ.

૧૦૦ × ૧ : ૫ :: ૬૦૦ × ૪ : માગેલું વ્યાજ.

∴ (માગેલું વ્યાજ) ×૧૦૦=૬૦૦×૪×૫

∴ માગેલું વ્યાજ = $\frac{૬૦૦×૪×૫}{૧૦૦} = \frac{૧૨૦૦૦}{૧૦૦}$ = ૧૨૦.

∴ માગેલું વ્યાજ = ૧૨૦ રૂપિયા.

દા. ૨ દરવર્ષે દરસેંકડે ૪ ટકા પ્રમાણે ૬ વર્ષમાં કેટલા રૂપિયાનું વ્યાજ રૂ. ૪૮૦ થાય ?

અત્રે વ્યાજ,વર્ષ અને દરના જાણવાથી મુદ્દલ શોધી કાઢવાનું છે.

રૂપિયા વર્ષ વ્યાજ વર્ષ વ્યાજ

૧૦૦ × ૧ : ૪ :: (માગેલું મુદ્દલ) × ૬ : ૪૮૦

∴ (માગેલું મુદ્દલ) × ૪ × ૬ = ૪૮૦ × ૧૦૦

∴ માગેલું મુદ્દલ = $\frac{૪૮૦×૧૦૦}{૪×૬}$ = ૨૦૦૦.

દા. ૩. ૧૨૦૦ રૂપિયાનું ૩ વર્ષમાં ૧૪૪ રૂ. વ્યાજ થાય તો વ્યાજનો દર કેટલો હોવો જોઈએ ?

રૂપિયા વર્ષ રૂપિયા વર્ષ રૂપિયા

૧૦૦ × ૧ : (વ્યાજનો દર) :: ૧૨૦૦ × ૩ : ૧૪૪

તેટલા માટે (વ્યાજનો દર) × ૩૬૦૦ = ૧૪૪૦૦.

∴ વ્યાજનો દર = $\frac{૧૪૪૦૦}{૩૬૦૦}$ = ૪.

દા. ૪. દરવર્ષે દરસેંકડે ૮ ટકા પ્રમાણે રૂ. ૨૫૦ નું ૧૬૦

રૂપિયા વ્યાજ થાય છે. ત્યારે તે રૂપિયા કેટલાં વર્ષ ધીરવામાં આવ્યા હશે?

રૂપિયા વર્ષ વ્યાજ રૂપિયા વ્યાજ

૧૦૦ × ૧ : ૮ :: ૨૫૦ × (વર્ષ) : ૧૬૦

∴ (વર્ષની સંખ્યા) × ૨૫૦ × ૮ = ૧૬૦૦૦

∴ વર્ષની સંખ્યા = $\frac{૧૬૦૦૦}{૨૦૦૦}$ = ૮.

૬. હવે મુદ્દલમાં વ્યાજ ઉમેરવાથી વ્યાજ મુદ્દલ આવે છે. તેટલા માટે વ્યાજ મુદ્દલ શોધી કાઢવા મુદ્દલમાં વ્યાજ ઉમેરવું પડશે.

દા. ૫ દરવર્ષે દરસેંકડે ૭ ટકા લેખે રૂ. ૩૦૦૦ નું ૩ વર્ષમાં કેટલું વ્યાજ મુદ્દલ થશે?

શરૂઆતમાં આપણે વ્યાજ શોધી કાઢીશું.

રૂપિયા વર્ષ વ્યાજ રૂપિયા વર્ષ

૧૦૦ × ૧ : ૭ :: ૩૦૦ × ૩ : વ્યાજ.

(વ્યાજ) × ૧૦૦ = ૭ × ૩૦૦ × ૩.

∴ વ્યાજ = $\frac{૬૩૦૦}{૧૦૦}$ = ૬૩ રૂપિયા.

∴ વ્યાજ મુદ્દલ = (૩૦૦ + ૬૩) રૂપિયા

= ૩૬૩ રૂપિયા.

૭. દરમાસે દરસેંકડે વ્યાજ આપ્યું હોય તો શરૂઆતમાં દરવર્ષે દરસેંકડે વ્યાજ શોધી કાઢીને ઉપર પ્રમાણે ગણત્રી કરવી.

દા. ૬. દરમાસે દરસેંકડે ૬ આના પ્રમાણે ૨૦૦૦ રૂપિયાનું ૯ વર્ષમાં કેટલું વ્યાજ મુદ્દલ થશે?

દર વર્ષે દર સેંકડે $\frac{૬ × ૧૨}{૧૬}$ રૂપિયા એટલે ૪$\frac{૧}{૨}$ રૂપિયાનો દર આપેલો છે.

રૂપિયા વર્ષ વ્યાજ રૂપિયા વર્ષ

તેથી ૧૦૦ × ૧ : ૪$\frac{૧}{૨}$ :: ૨૦૦૦ × ૯ : વ્યાજ

∴ (વ્યાજ) × ૧૦૦ = ૨૦૦૦ × ૯ × $\frac{૯}{૨}$

∴ વ્યાજ = $\frac{૨૦૦૦}{૧૦૦}$ × ૯ × $\frac{૯}{૨}$ = ૧૦ × ૮૧ = ૮૧૦ રૂપિયા.

∴ વ્યાજ મુદ્દલ = રૂ. ૨૦૦૦ + રૂ. ૮૧૦ = ૨૮૧૦ રૂ.

૮. વેપારીઓમાં એવો રિવાજ હોય છે કે દરેક વર્ષ પુરૂં થતાં હિસાબ કરે છે અને જે વ્યાજ મુદ્દલ આવે તેને પછીના વર્ષમાં મુદ્દલ તરીકે બાકી ખેંચવામાં આવે છે, તેટલા માટે બીજા વર્ષમાં નવા વ્યાજ મુદ્દલ ઉપર વ્યાજ ગણવામાં આવે છે. આવી રીતે દર વર્ષે બાકી કાઢી ગણવામાં આવેલા વ્યાજને દીનાળી બાકી વ્યાજ અથવા ચક્રવૃદ્ધિ વ્યાજ કહે છે. આપણે ચક્રવૃદ્ધિ વ્યાજના સહેલા ઉદાહરણો ગણી બતાવીશું.

દા. ૯. દર વર્ષે દર સેંકડે ૪ ટકાના દરે રૂ. ૨૦૦૦૦) નું ૨વર્ષમાં કેટલું ચક્રવૃદ્ધિ વ્યાજ થશે ?

પહેલા વર્ષનું વ્યાજ ૨૦૦૦૦ ઉપર ગણાશે. તેથી પહેલા વર્ષનું વ્યાજ ૮૦૦ રૂ. થશે. બીજા વર્ષનું વ્યાજ પહેલા વર્ષના છેડે બાકી કાઢેલી રકમ એટલે (૨૦૦૦૦ + ૮૦૦) = ૨૦૮૦૦ રૂપિયા ઉપર ગણાશે. તેથી બીજા વર્ષનું વ્યાજ ૮૩૨ રૂ. થશે. તેટલા માટે બે વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ ૧૬૩૨ રૂ. થશે.

દા. ૮. ચક્રવૃદ્ધિ વ્યાજે ધીરેલી એક રકમ ઉપરનું પહેલા વર્ષનું વ્યાજ ૧૮૦ રૂ. થાય છે અને બીજા વર્ષનું વ્યાજ ૧૮૪ રૂ. ૮ આના થાય છે, તો ધીરેલી રકમ અને વ્યાજનો દર શોધી કાઢો.

પહેલા વર્ષના વ્યાજ અને બીજા વર્ષના વ્યાજ વચ્ચે જે તફાવત રહે છે તેનું કારણ એટલુંજ છે કે બીજા વર્ષમાં પહેલા વર્ષના વ્યાજ મુદ્દલ ઉપર વ્યાજ ગણાય છે તેથી પહેલા વર્ષના વ્યાજનુ વ્યાજ બન્ને વ્યાજના તફાવતની બરોબર હોવું જોઇએ. તેથી ૧૮૦ રૂ. નું એક વર્ષનું વ્યાજ ૪½ રૂ. હોવું જોઇએ.

તેટલા માટે

રૂપિયા વર્ષ.		રૂપિયા વર્ષ.		વ્યાજ.
૧૦૦ × ૧	: વ્યાજનો દર ::	૧૮૦ × ૧	:	૪½.

∴ (વ્યાજનો દર) × ૧૮૦ = ૧૦૦ × $\frac{૯}{૨}$

∴ વ્યાજનો દર = $\frac{૪૫૦૦}{૧૮૦૦}$ = $\frac{૫}{૨}$ = ૨$\frac{૧}{૨}$ ટકા. હવે ૨$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે ૧ વર્ષનું વ્યાજ ૧૮૦ રૂ. થાય તો કેટલી રકમ હોવી જોઇએ.

∴ રૂપિયા. વર્ષ. વ્યાજ વર્ષ. વ્યાજ.

૧૦૦ × ૧ : ૨$\frac{૧}{૨}$ :: (ધારેલી રકમ) × ૧ : ૧૮૦

∴ (ધારેલી રકમ) × $\frac{૫}{૨}$ = ૧૮૦ × ૧૦૦

∴ ધારેલી રકમ = $\frac{૩૬૦૦૦}{૫}$ = ૭૨૦૦ રૂપિયા.

૯. ઉપરે બતાવેલી રીત પ્રમાણે ગમે તેટલા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢી શકાશે એ વર્ષનું વ્યાજ મુદ્દલ કાઢી તેના ઉપર વ્યાજ ગણવું, તે ત્રીજા વર્ષનું વ્યાજ થશે. તેવીજ રીતે આગળ ગણત્રી થઇ શકશે.

મનોયત્ન ૨૯ મું.

નીચેના ૧૦ દાખલાઓમાં આપેલી રકમોનુ આપેલી મુદત સુધીનું સાદુ વ્યાજ કાઢો:—

૧.	૫૦૦ રૂ.	નું દર વર્ષે દર સેંકડે	૩	ટકા	લેખે	૪	વર્ષનું.
૨.	૨૪૦ રૂ.	,,	૬$\frac{૧}{૪}$	,,		૮	,,
૩.	૮૦૦ રૂ.	,,	૫$\frac{૧}{૨}$	,,		૧૦	,,
૪.	૧૨૫૦ રૂ.	,,	૮	,,		૨	,,
૫.	૧૫૦ રૂ.	,,	૨$\frac{૧}{૨}$	,,		૧૬	,,
૬.	૧૬૦૦ રૂ.	,,	૭$\frac{૧}{૨}$	,,		૪$\frac{૧}{૨}$	,,
૭.	૩૧૨૫ રૂ.	,,	૪	,,		૩૨	,,
૮.	૧૫૬૨૫ રૂ.	,,	૮	,,		૧૨	,,
૯.	૧૯૦૦ રૂ.	,,	૨$\frac{૧}{૨}$	,,		૬	,,
૧૦.	૫૦ રૂ.	,,	૩$\frac{૧}{૨}$	,,		૩	,,

નીચેના ૫ દાખલાઓમાં આપેલી રકમોનું આપેલી મુદત સુધીનું સાદું વ્યાજ કાઢો.

૧૧.	૩૦૦ રૂ.	નું દર માસે સેંકડે	૫	આના લેખે	૨ વર્ષનું.
૧૨.	૬૦૦ રૂ.	,,	૭	,,	૧½ ,,
૧૩.	૬૨૫ રૂ.	,,	૮	,,	૪ ,,
૧૪.	૯૦૦ રૂ.	,,	૬	,,	૧૦ ,,
૧૫.	૧૬૦ રૂ.	,,	૧૦	,,	૮ માસનું.

૧૬. ૨૦૦ રૂ. નું ૪ વર્ષમાં ૨૮૦ રૂ. વ્યાજ મુદ્દલ થાય તો વ્યાજનો દર, દર વર્ષે દર સેંકડે કેટલો હશે ?

૧૭. ૭૫૦ રૂ. નું કેટલા વર્ષમાં દર વર્ષે દર સેંકડે ૪ ટકા લેખે ૯૦૦ રૂ. વ્યાજ મુદ્દલ થશે ?

૧૮. ૧૯૦૦ રૂ. નું ૨ વર્ષમાં ૨૦૧૪ રૂ. વ્યાજ મુદ્દલ થાય તો વ્યાજનો દર કેટલો ?

૧૯. એક માણસે ૨૦૦૦૦ રૂ. દર વર્ષે દર સેંકડે ૫ ટકા લેખે વ્યાજે મુકયા છે, તેમાંથી જે આવક થાય છે તેના ઉપર સેંકડે ૨½ ટકા પ્રમાણે કર આપવો પડે છે, ત્યારે તે માણસને ચોકખી ઉપજ કેટલી થશે ?

૨૦. એક માણસ પાસે ૩૦૦૦૦ રૂ. હતા. તેમાંથી કેટલાક રૂપીઆ દર વર્ષે દર સેંકડે ૪ ટકા લેખે વ્યાજે મુકયા અને બાકીના રૂપીઆ દર વર્ષે દર સેંકડે ૬ ટકા લેખે વ્યાજે મુકયા. આથી તે માણસને દર વર્ષે ૧૬૦૦ રૂ. ની આવક થઇ, ત્યારે કેટલી રકમ ૪ ટકા લેખે વ્યાજે મુકી હશે ?

૨૧. ૩૧૨૫ રૂ. નું દર વર્ષે દર સેંકડે ૪ ટકા લેખે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢો.

૨૨. ૧૬૦૦૦ રૂ. નું દર વર્ષે દર સેંકડે ૫ ટકા લેખે ૩ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢો.

૨૩. ૫૦૦ રૂ. નું દર માસે દર સેંકડે ૧૨ આના પ્રમાણે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢો.

૨૪. ૧૫૬૨૫ રૂ. નું દર માસે દર સેંકડે ૮ આના પ્રમાણે ૩ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢો.

૨૫. ૭૫૦ રૂ. નું દર વર્ષે દર સેંકડે ૧૦ ટકા લેખે ૨ વર્ષમાં ચક્રવૃદ્ધિ વ્યાજે કેટલું વ્યાજ મુદ્દલ થશે ?

૨૬. એક રકમ ચક્રવૃદ્ધિ વ્યાજ પ્રમાણે ૨ વર્ષ રાખીએ તો રૂ.૬૦૦ વ્યાજ મળે છે અને ત્રણ વર્ષ રાખીએ તો રૂ.૬૬૦ વ્યાજ મળે છે, તો વ્યાજનો દર અને મુદ્દલ શોધી કાઢો.

૨૭. ચક્રવૃદ્ધિ વ્યાજ પ્રમાણે દર વર્ષે દર સેંકડે ૪ ટકાના દરે એક રકમનું બે વર્ષમાં ૨૧૬૩૨ રૂપિયા વ્યાજ મુદ્દલ થાય છે, તો મૂળ કેટલી રકમ વ્યાજે મુકેલી ?

૨૮. હું ૫૦૦ રૂપીઆ દર માસે દર સેંકડે ચાર આનાના દરે અને ૬૦૦ રૂપીઆ ૫ આનાના દરે વ્યાજે મુકું, તો મને દર વર્ષે કેટલી આવક મળશે ?

૨૯. એક રકમનું બે વર્ષ સુધીનું સાદુ વ્યાજ ૯૦૦ રૂપીઆ થાય છે, પણ તેટલીજ મુદ્દતનું ચક્રવૃદ્ધિ વ્યાજ ૯૩૬ રૂપીઆ થાય છે, તો વ્યાજનો દર અને મુદ્દલ શોધી કાઢો.

૩૦. એક માણસે દર વર્ષે દર સેંકડે ૮ ટકા લેખે અમુક રકમ ૧૨ વર્ષ સુધી સાદે વ્યાજે રહેવા દીધી. પછી જે વ્યાજ મુદ્દલ આવ્યું તેને તેજ દર પ્રમાણે તેટલોજ વખત સાદા વ્યાજે મુકી, તો પહેલાંના વ્યાજ કરતાં ૭૬૮ રૂપીઆ વધુ વ્યાજ મળ્યું. ત્યારે શરૂઆતમાં કેટલી રકમ વ્યાજે મુકેલી, તે શોધી કાઢો.

પ્રકરણ ૩૦ મું.

ગુરૂતમ સાધારણ અવયવ.

૧. અપૂર્ણાંકના સરવાળા કરતી વખતે આપણે લઘુતમ સાધારણ અવવવી શોધી કાઢવાની રીત આપી છે. હવે આપણે ગુરૂતમ સાધારણ અવયવ શોધવાની રીત આપીશું. **જે મોટામાં મોટી સંખ્યાવડે આપેલી સંખ્યાઓ ભાગી શકાય છે, તેને તે તે સંખ્યાઓનો ગુરૂતમ સાધારણ અવયવ કહે છે.** દાખલા તરીકે પર અને ૭૮ ને ૧૩ વડે ભાગી શકાય છે. પણ ૧૩ મોટામાં મોટી સંખ્યા નથી, કારણ કે પર અને ૭૮ ને ૨૬ વડે પણ ભાગી શકાય છે. તેથી પર અને ૭૮ નો ગુરૂતમ સાધારણ અવયવ ૨૬ છે. ગુરૂતમ સાધારણ અવયવને **દૃઢભાજક** પણ કહેવામાં આવે છે.

૨. એવો નિયમ છે કે જો બે સંખ્યાઓને અમુક સંખ્યાવડે નિઃશેષ ભાગી શકાતી હોય, તો તે બે સંખ્યાઓ વચ્ચેના અન્તર અથવા તફાવતને પણ તેજ સંખ્યાવડે નિઃશેષ ભાગી શકાશે. દાખલા તરીકે ૬૫ અને ૨૫ ને ૫ વડે ભાગી શકાય છે. તેથી (૬૫–૨૫) અથવા ૫૦ ને પણ ૫ વડે ભાગી શકાશે. તે બીજી રીતે (૬૫–૨૫×૨) અથવા ૧૫ ને પણ ૫ વડે ભાગી શકાશે. આ નિયમ ઉપરથી દૃઢભાજક કાઢવાની રીત શોધી કાઢવામાં આવી છે. શરૂઆતમાં ૬૫ ને ૨૫ વડે ભાગીશું.

```
